દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 74 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ- ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 March 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩૦ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦




ધર્મતેજ પૂર્તિ ૮ ૯ ૧૦



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમેરિકા અને યુરોપમાં ટ્રમ્પ-વિરોધી રૅલી લાખો લોકો જોડાયા



**વિરોધઃ** અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને અખાતનાં યુદ્ધના વિરોધમાં ન્યૂ યોર્કમાં નીકળેલી રૅલી. અમેરિકા અને યુરોપમાં નીકળેલી રૅલીમાં લાખો લોકો જોડાયા હતા. (પીટીઆઈ)




સેન્ટ પોલ (મિનેસોટા): ઈરાન સાથે યુદ્ધની યોજનાઓને લઈને અમેરિકા અને યુરોપમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પનો ભારે વિરોધ થઈ રહ્યો છે. ટ્રમ્પના પગલાંનો વિરોધ કરવા માટે શનિવારે લાખો લોકો ''નો કિંગ્સ'' રેલીઓમાં એકઠા થયા હતા. વોશિંગ્ટનમાં, સેંકડો લોકોએ લિંકન મેમોરિયલ પાસે કૂચ કરી હતી. બેનરો પર ''તાજ ઉતારો, જોકર'' અને ''પરિવર્તન અહીંથી શરૂ થાય છે'' લખેલું હતું. સાન ડિએગોમાં આશરે ૪૦,૦૦૦ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ન્યૂયોર્કમાં ન્યૂ યોર્ક સિવિલ લિબર્ટીઝ યુનિયનના વડા ડોના લિબરમેને કહ્યું કે ટ્રમ્પ ઇચ્છે છે કે લોકો ડરથી ઘરે રહે, પરંતુ એવું થશે નહીં.

મિનેસોટા આ વિરોધ પ્રદર્શનોનું મુખ્ય કેન્દ્ર હતું. સેન્ટ પોલમાં મિનેસોટા કેપિટલના લોન અને આસપાસના રસ્તાઓ પર હજારો લોકો ખભે ખભો મિલાવીને ઊભા હતા. કેટલાક લોકોએ ઊંધો યુએસ ધ્વજ પકડી રાખ્યો હતો, જેને ઐતિહાસિક રીતે સંકટનું પ્રતિક માનવામાં આવે છે.

અમેરિકાના રેલીઓના આયોજકોનો અંદાજ છે કે જૂનમાં ''નો કિંગ્સ'' રેલીઓના પહેલા બે રાઉન્ડમાં ૫૦ લાખ કરતા વધુ અને ઓક્ટોબરમાં ૭૦ લાખ લોકો સામેલ થયા હતા. આ અઠવાડિયે તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે આ વખતે તેઓ ૯૦ લાખથી વધુ લોકો આવશે તેવી અપેક્ષા રાખે છે, જોકે તે અપેક્ષાઓ પૂર્ણ થઈ છે કે નહીં તે કહેવું ખૂબ જ વહેલું છે.

આયોજકોએ જણાવ્યું હતું કે તમામ ૫૦ રાજ્યોમાં ૩,૧૦૦થી વધુ કાર્યક્રમ રજિસ્ટર્ડ થયા હતા. વ્હાઇટ હાઉસના પ્રવક્તા એબિગેલ જેક્સને આ માટે ડાબેરી ભંડોળ નેટવર્કને જવાબદાર ગણાવ્યું હતું. જેક્સને કહ્યું કે આની ચિંતા ફક્ત તે જ લોકો કરે છે જેમને તેને કવર કરવા માટે ચૂકવણી કરવામાં આવે છે.''

નેશનલ રિપબ્લિકન કોંગ્રેસનલ કમિટીએ પણ આકરી ટીકા કરી હતી. એનઆરસીસીના પ્રવક્તા મૌરીન ઓ'ટૂલે કહ્યું, ''આ અમેરિકા વિરોધી રેલીઓ એ પ્લેટફોર્મ છે જ્યાં ડાબેરીઓની સૌથી હિંસક અને વિકૃત કલ્પનાઓને અવાજ મળે છે.''

આ કાર્યક્રમોનું નેતૃત્વ કરી રહેલા જૂથના સહ-કાર્યકારી નિર્દેશક એઝરા લેવિને જણાવ્યું હતું કે યુરોપથી લેટિન અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સુધીના એક ડઝનથી વધુ દેશોમાં પણ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે બંધારણીય રાજાશાહી ધરાવતા દેશોમાં આ વિરોધ પ્રદર્શનોને ''નો ટાઈરન્ટ્સ'' (કોઈ તાનાશાહ નહીં) નામ આપવામાં આવ્યું છે. પ્રદર્શનકારીઓની


(જુઓ પાનું ૨) ▶▶


## ઍરલાઈન્સ ૨૦ એપ્રિલથી વધારાનો ચાર્જ નહીં લે

નવી દિલ્હીઃ વિવિધ ઍરલાઈન્સ ૨૦ એપ્રિલથી કોઈ વધારાનો ચાર્જ લીધા વિના વિમાનની ઓછામાં ઓછી ૬૦ ટકા બેઠક ઑફર કરશે અને સીટની ફાળવણીની પારદર્શક નીતિ જાળવશે, એવી માહિતી એવિયેશનના નિયામક ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ આપી હતી.

નાગરિક ઉડ્ડયન ખાતાના મંત્રાલયે જાહેરાત કરી હતી કે ડીજીસીએને નિર્દેશ દેવામાં આવ્યો છે કે તે ઍરલાઈનને કોઈ પણ ફ્લાઈટની ૬૦ ટકા બેઠક વધારાના ચાર્જ વિના પસંદ કરવાની ગ્રાહકોને છૂટ આપવાનો આદેશ બહાર પાડે, જેથી પેસેન્જરને નિષ્પક્ષતાથી બેઠકો મળે. આ અંગે ડીજીસીએએ ૨૦ માર્ચની તારીખનો સુધારેલો પરિપત્ર બહાર


(જુઓ પાનું ૨) ▶▶


## મુંબઈમાં રાંધણગૅસ લઈને જહાજ મંગળવારે આવશે

નવી દિલ્હી : રાંધણગૅસના ટૅન્કર્સ લઈને જહાજ બીડબ્લ્યૂ ટીવાયઆર મંગળવારે મુંબઈ આવશે. ભારતીય ધ્વજ ધરાવતા વધુ બે એલપીજી ટૅન્કરે યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સામુદ્રધુની પસાર કરી છે અને આગામી બે દિવસનાં ભારતના કાંઠે આવી પહોંચશે.

સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે બે એલપીજી કેરિયર બીડબ્લ્યૂ ટીવાયઆર અને બીડબલ્યૂ ઈએલએમએ હોર્મુઝની ખાડીને ઓળંગી આગામી દિવસોમાં ભારત આવી રહ્યાં છે. બન્નેમાં કુલ ૯૪,૦૦૦ ટન એલપીજી આવી રહ્યો છે. સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બે એલીપીજી કેરયિર ૯૪,૦૦૦ ટન એલપીજી લઈને આવી રહ્યા છે જે ભારતની એલપીજીના એક


(જુઓ પાનું ૨) ▶▶


## યુદ્ધ અને પડકારના સમયે શાંત અને સતર્ક રહોઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તમામ નાગરિકોને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયંકર યુદ્ધથી ઊભા થયેલા પડકારોનો સામનો એક થઈને કરવા અપીલ કરી હતી અને કહ્યું હતું કે દરેકે સતર્ક રહેવું જોઈએ અને અફવાઓનો શિકાર ન બનવું જોઈએ. તેમના માસિક રેડિયો કાર્યક્રમ ''મન કી બાત'' માં પીએમ મોદીએ જણાવ્યું હતું કે ખાડી દેશોમાં રહેતા અને ત્યાં કામ કરતા એક કરોડ ભારતીયોને શક્ય તમામ સહાય પૂરી પાડવા બદલ ખાડી દેશોના ખૂબ આભારી છે. તેમણે નોંધ્યું હતું કે આપણા પડોશમાં એક મહિનાથી વધુ સમયથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે.

વડા પ્રધાને કહ્યું હતું કે આ નિઃશંકપણે


(જુઓ પાનું ૨) ▶▶


## ઇટલીનો ૧૯ વર્ષનો કિમી ઍન્ટોનેલી બે અઠવાડિયામાં બીજી એફ-વન રેસ જીત્યો!



સુઝુકાઃ ઇટલીનો ૧૯ વર્ષની ઉંમરનો કિમી ઍન્ટોનેલી બે અઠવાડિયામાં બીજી ફૉર્મ્યુલા-વન રેસ જીત્યો છે. બે સપ્તાહ પહેલાં તે ચીનની ગ્રાં પ્રિ જીત્યો હતો અને હવે રવિવારે તેણે જૅપનીઝ ગ્રાં પ્રિ જીતીને સનસનાટી મચાવી દીધી છે.

### દિગ્ગજો કરતાં ૧૩.૭ સેકન્ડ વહેલો

જાપાનની આ સર્વોત્તમ કાર રેસમાં ચૅમ્પિયન રેસર ભાગ લઈ રહ્યા હતા અને તેમની વચ્ચે કિમીએ જૅપનીઝ ગ્રાં પ્રિ એ બધાથી ૧૩.૭ સેકન્ડ વહેલી પૂરી કરીને સૌને ચોંકાવી દીધા હતા. કિમીએ આ


(જુઓ પાનું ૨) ▶▶


## દેશની તસુ જમીન પણ કોઈ છીનવી નહીં શકેઃ અમિત શાહ

ઢેકિયાજુલી (આસામ) : કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે અહીં રવિવારે જણાવ્યું હતું કે દેશની તસુ જમીન પણ કોઈ છીનવી નહીં શકે અને બધા વિદેશી ઘૂસણખોરોને શોધીને તેઓના દેશમાં પાછા મોકલાશે. અમિત શાહે કહ્યું હતું કે આસામમાં ભાજપ સરકારે ઘૂસણખોરી અટકાવી છે, પરંતુ આ પૂરતું નથી. દરેક પકડાયેલા ગેરકાયદે વસાહતીને તેમના વતનમાં પાછા મોકલવામાં આવશે.

સોનિટપુર જિલ્લાના ઢેકિયાજુલીમાં રાજકીય સભાને સંબોધતા શાહે કહ્યું હતું કે ભાજપે દસ વર્ષ પહેલાં આસામમાં ઘૂસણખોરી બંધ કરવાના સોગંદ ખાધા હતા અને ભાજપે આ વચનનું પાલન કર્યું છે. જોકે આ પૂરતું નથી. હવે આપણે આગામી પાંચ વર્ષમાં દરેક ગેરકાયદે વસાહતીને શોધીને તેમને પાછા તેમના દેશમાં મોકલીશું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ઘૂસણખોરોએ


(જુઓ પાનું ૨) ▶▶



જીએસટી કરદાતા ધ્યાન આપો!

જે કરદાતાઓની કુલ વાર્ષિક ટર્નઓવર# ચોક્કસ સીમા સુધી છે એ કરદાતાઓ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીએસટી કમ્પૉઝિશન યોજનાનો વિકલ્પ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી પસંદ કરી શકે છે.

वित्त मंत्रालय MINISTRY OF FINANCE

TAX

જીએસટી કમ્પૉઝિશન યોજના

પાત્ર કરદાતા, જે કમ્પૉઝિશન યોજનાનો લાભ ઉઠાવવા ઈચ્છુક છે, તે જીએસટી પોર્ટલ (www.gst.gov.in) પર નીચેની પ્રક્રિયા દ્વારા કમ્પૉઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે છેઃ

LOGIN
કરદાતા ઈન્ટરફૅસ પર લૉગઈન કરે

SERVICES>REGISTRATION> APPLICATION TO OPT FOR COMPOSITION LEVY પર જાઓ

ફોર્મ GST CMP-0૨ ભરીને જમા કરો

પહેલેથી કમ્પૉઝિશન યોજનાનો લાભ ઉઠાવી રહેલા પાત્ર કરદાતાઓને ફોર્મ GST CMP-0૨ દાખલ કરવું આવશ્યક નથી

- આસાન અને સુવિધાજનક અનુપાલન
- આકર્ષક કર દર
- લઘુતમ અનુપાલન આવશ્યકતા
- ઓટોમેટિક કન્ટીન્યુએશન/ રીન્યુઅલ ટુ નેક્સ્ટ ઈયર અને છોડવું પણ સરળ
- માલ અને સેવાઓના સપ્લાયર માટે ઉપલબ્ધ
- બુકકીપીંગ ઓછું

| * સપ્લાયર્સના પ્રકાર | | # નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ વાર્ષિક ટર્નઓવર |
|---|---|---|
| માલના સપ્લાયર | ૦૮ સ્પૅસિફાઈડ સ્ટેટસના રજિસ્ટર્ડ ટૅક્સપેયર્સ | ₹ ૭૫ લાખ સુધી |
| | બીજા રાજ્યમાં રજિસ્ટર થયેલા કરદાતાઓ | ₹ ૧૫૦ લાખ સુધી |
| સેવાના સપ્લાયર | | ₹ ૫૦ લાખ સુધી |

વધુ માહિતી માટે કૃપા કરીને જીએસટી ઍક્ટના સેક્શન ૧૦, સીજીએસટી નિયમ ૩ અને ૭ તથા નોટિફિકેશન નંબર 14/ 2019 - સેન્ટ્રલ ટૅક્સ ડેટેડ 07.03.2019ને જુએ

જીએસટી કમ્પૉઝિશન યોજનાઃ નાના કરદાતાને મોટા લાભ

@cbicindia @cbic_india @cbicindia @CBICINDIA @CBIC india

CBC 15502/13/0052/2526

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સનકી ટ્રમ્પની સાન 'નો કિંગ્સ'થી ઠેકાણે ના આવે

**અમેરિકાએ** ઈરાન પર કરેલા આક્રમણના કારણે પેટ્રોલ, ડીઝલ અને ગેસની સર્જાયેલી અછતના કારણે આખી દુનિયા પરેશાન છે અને અમેરિકાના સનકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ગાળો આપી રહી છે ત્યારે અમેરિકામાં પણ ડોનલ્ડ ટ્રમ્પ સામે લોકો ભડકેલાં છે. અમેરિકનો આ આક્રોશ 'નો કિંગ્સ' આંદોલન દ્વારા વ્યક્ત કરી રહ્યાં છે.

'નો કિંગ્સ' આંદોલનના ભાગરૂપે અમેરિકાનાં લગભગ ૫૦ શહેરોમાં શનિવારે ઉગ્ર દેખાવો થયા અને ૧૦ લાખથી વધારે લોકો ટ્રમ્પની નીતિઓ અને ઈરાન પર હુમલો કરીને અમેરિકાના માથે થોપી બેસાડેલા યુદ્ધ સામે વિરોધ વ્યક્ત કર્યો. વોશિંગ્ટન, ન્યૂ યોર્ક, લોસ એન્જલસ, શિકાગો, સાન ફ્રાન્સિસ્કો અને હ્યુસ્ટન જેવાં શહેરોમાં મોટી સંખ્યામાં પ્લેકાર્ડ લઈને ઉતરેલાં લોકોએ ટ્રમ્પ વિરોધી નારા લગાવીને આક્રોશ વ્યક્ત કર્યો.

મોટાભાગના શહેરોમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવવામાં આવ્યો પણ કેટલાંક ઠેકાણે પોલીસ અને દેખાવકારો વચ્ચે છૂટાછવાયાં ઘર્ષણની ઘટનાઓ પણ બની છે. યુરોપનાં મોટાં શહેરોમાં પણ હજારો લોકોએ 'નો કિંગ્સ' દેખાવોમાં ભાગ લઈને ટ્રમ્પ અને તેમની નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

સોશ્યલ મીડિયા પર તો ટ્રમ્પ વિરોધી કોમેન્ટ્સનું પૂર જ આવી ગયું છે. 'નો કિંગ્સ' હેશ ટેગ ટ્રેન્ડ કરી રહ્યું છે અને લાખોની સંખ્યામાં કોમેન્ટ્સ આવી રહી છે. જે લોકો 'નો કિંગ્સ' દેખાવોમાં ભાગ ના ઈ શક્યા એ સોશિય મીડિયા પર ભડાશ કાઢી રહ્યાં છે તેથી અત્યારે તો આખી દુનિયામાં 'નો કિંગ્સ' ચળવળ છવાયી છે.

ડોનલ્ડ ટ્રમ્પની નીતિઓનો વિરોધ કરતું 'નો કિંગ્સ' આંદોલન છેલ્લા એક વર્ષથી ચાલે છે. ગયા વર્ષે ૧૪ જૂને અને પછી ૧૮ ઓક્ટોબરે પણ અમેરિકામાં ટ્રમ્પ વિરુદ્ધ દેખાવો થયા હતા પણ શનિવારે ઊમટેલી ભીડ જેટી ભીડ પહેલાં નહોતી ઊમટી. ૧૪ જૂને લગભગ ૫ લાખ લોકોએ ટ્રમ્પ સામેના દેખાવોમાં ભાગ લીધો હતો જ્યારે ૧૮ ઓક્ટોબરે ૭ લાખ લોકો ઉમટ્યા હતા.

આ વખતે સીધાં ૧૦ લાખ લોકો ઊમટી પડ્યાં તેનો મતલબ એ થયો કે, માત્ર ૯ મહિનામાં જ ટ્રમ્પની નીતિઓનો વિરોધ ખુલ્લેઆમ કરનારાંની સંખ્યા વધીને બમણી થઈ ગઈ છે. દુનિયાના બીજા દેશોમાં નહીં પણ અમેરિકામાં પણ ટ્રમ્પ અળખામણા બની રહ્યા છે તેનો આ પુરાવો છે.

'નો કિંગ્સ' ચળવળ હેઠળ આ પહેલા થયેલા દેખાવો ટ્રમ્પની ઈમિગ્રેશન નીતિ, ટ્રમ્પનાં સેક્સ કૌભાંડો વગેરેની વિરુદ્ધ હતાં. આ વખતે ટ્રમ્પે ઈરાન પર કરી દીધેલા આક્રમણની સામે લોકો મેદાનમાં આવ્યા છે. ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકા કૂદ્યું તેમાં અમેરિકામાં કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારી સામે લોકોમાં રોષ છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન સામેનાં યુદ્ધને એક મહિના થઈ ગયો.

આ એક મહિનામાં અમેરિકામાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે. ઠેક ઠેકાણે પેટ્રોલ એટલે કે ગેસોલિનની અછત વર્તાઈ રહી છે અને વધતી મોંઘવારીથી સામાન્ય અમેરિકનોનું બજેટ ખોરવાઈ ગયું છે તેથી ત્રસ્ત થઈને લોકોએ ટ્રમ્પ સામે બાંયો ચડાવી છે.

'નો કિંગ્સ' ચળવળકારોનું કહેવું છે કે, ટ્રમ્પ લોકશાહી પદ્ધતિથી વર્તવાના બદલે પોતે 'રાજા' એટલે કે ઊંશક્ષલ હોય એ રીતે વર્તી રહ્યા છે અને અમેરિકાને રાજા નથી જોઈતો. ટ્રમ્પ એકપક્ષીય નિર્ણયો લઈને અમેરિકાને વિનાશક યુદ્ધમાં ધકેલી રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર જનતાના ટેક્સના પૈસા લોકોની ભલાઈનાં કામોમાં ખર્ચવાના બદલે હથિયારો અને યુદ્ધ પાછળ વેડફી રહ્યું છે એ નહીં ચાલે. તેમનું કહેવું છે કે, 'નો કિંગ્સ' દેખાવો માત્ર ઈરાન સામેના યુદ્ધનો વિરોધ નથી પણ ટ્રમ્પની કાર્યશૈલી સામેનો વિરોધ છે કેમ કે ટ્રમ્પ અત્યંત આપખુદ બનીને સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે અને અમેરિકન બંધારણની વિરુદ્ધ વર્તી રહ્યા છે.

અમેરિકન પ્રજાને ટ્રમ્પના સનકીપણાની સીધી અસર થઈ રહી છે તેથી તેમનો આક્રોશ વાજબી છે પણ 'નો કિંગ્સ' આંદોલન અંતર્ગત યુરોપમાં પણ મોટા પાયે દેખાવો થયા ને ત્યાં પણ લાખો લોકો ઉમટી પડ્યાં તેનું કારણ યુરોપીયન દેશોના શાસકોની નિર્માલ્યતા છે. ટ્રમ્પ ઈરાનને પાઠ ભણાવવાની પોતાની ખંજવાળ મટાડવા માટે હુમલો કરીને યુદ્ધ છેડી બેઠા તેનાથી યુરોપના દેશો અત્યાર લગી દૂર રહ્યા છે પણ યુરોપના દેશોના શાસકો ક્યાં સુધી ટ્રમ્પ સામે ઝીંક ઝીલી શકશે એ સવાલ છે.

યુરોપની પ્રજાને ડર છે કે, પોતાના શાસકોની નિર્માલ્યતાના કારણે પોતાનો દેશ પણ યુદ્ધમાં ધકેલાઈ જશે કેમ કે શાસકો ટ્રમ્પ સામે મક્કમ નહીં રહી શકે. તેના કારણે અમેરિકનોની જેમ પોતે પણ તકલીફો ભોગવવી પડશે. આ સ્થિતિનું નિર્માણ ના થાય એટલા માટે પોતાના શાસકો પર દબાણ સર્જવા યુરોપીયન પ્રજા પણ ટ્રમ્પ વિરોધી દેખાવોમાં જોડાઈ ગઈ. આ દેખાવો દ્વારા યુરોપના લોકોએ પોતાના શાસકોને ચીમકી આપી દીધી છે કે, યુદ્ધથી દૂર જ રહેજો ને પારકી પળોજણ વહોરી ના લેતા. બાકી તમારું પણ આવી બનશે.

અમેરિકામાં ટ્રમ્પ સામેના દેખાવો અમેરિકામાં લોકશાહી કેટલી મજબૂત છે અને પ્રજા કેટલી સજાગ છે તેનો પુરાવો છે પણ ટ્રમ્પ આ દેખાવોને ગણકારે એવી શક્યતા ઓછી છે.

ટ્રમ્પ પહેલી વાર પ્રમુખ બન્યા ત્યારથી ઈરાકનને ઘૂંટણિયે પાડવાની સનક તેમના માથા પર સવાર થયેલી છે. આ સનકના કારણે પહેલી ટર્મમાં તેમણે ઈરાનને પરેશાન કરવામાં કોઈ કસર નહોતી છોડી. ઈરાન અને અમેરિકન પ્રજાના સદનસીબે ટ્રમ્પ ૨૦૨૦માં હારી ગયા તેથી ટેબ્લો પડી ગયેલો પણ ટ્રમ્પ ફરી પ્રમુખ બનતાં જ પાછો ઉપાડો લીધો છે.

ટ્રમ્પ ગાઝામાંથી લોકોને ભગાડીને ભવ્ય રિસોર્ટ બનાવવા માગે છે. સાઉદી સહિતના દેશો તેનો વિરોધ કરે છે પણ એ બધા તળિયા વિનાના લોટા જેવા છે. ટ્રમ્પ લાલ આંખ કરે એટલે બધા બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જાય પણ ઈરાનને બેસાડી શકાય તેમ નથી. ઈરાન અમેરિકા સામે પડેલું હોય તો ગાઝામાં ટ્રમ્પના રિસોર્ટમાં આવતાં સૌ ડરે તેથી ટ્રમ્પ ઈરાનને કાયમ માટે ઠંડું પાડી દેવા મથે છે. ટ્રમ્પ માટે રાત થોડી ને વેશ ઝાઝા જેવો ઘાટ છે કેમ કે તેમના કાર્યકાળનાં બે જ વર્ષ બચ્યાં છે તેથી ટ્રમ્પ ભૂરાંટા થયા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,

સોમવાર, તા. ૩૦–૩–૨૦૨૬, સોમપ્રદોષ, અનંગ પૂજા

- ભારતીય દિનાંક ૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ –૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ–૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા બપોરે ક. ૧૪–૪૭ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–ą
- ભરતીઃ સવારે ક. ૧૦–૩૨, રાત્રે ક. ૨૨–૫૧
- ઓટઃ સાંજે ક. ૧૬–૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૧૨ (તા. ૩૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન ● શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – દ્વાદશી. ● સોમપ્રદોષ, અનંગ પૂજા, શ્રી અનંગ ત્રયોદશી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સોમપ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાંયકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, વડનું પૂજન, પિતૃપૂજન, ચંદ્ર–કેતુ પૂજા, બી વાવવું, સ્થાવર લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ નબળી તબિયતના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન (શનિ અસ્ત), રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# મોદીની રૅલીના સ્થળે ધુમાડા નીકળતા ગભરાટ ફેલાયો

પલક્કડઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભાજપની જાહેરસભા સંબોધવાના હતા ત્યાં એમ્પ્લિફાયરમાંથી ધુમાડો નીકળતા સ્થળે ગભરાટ ફેલાઈ ગયો હતો, એવી માહિતી પોલીસે આપી હતી. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે વડા પ્રધાન કોટામેદાનમ્ આવે એ પહેલાં આ બનાવ બન્યો હતો. પોલીસે કહ્યું હતું કે મોદી પલક્કડ આવ્યા એના અડધા કલાક પહેલાં માઈક્રોફોનથી જોડેલા એમ્પ્લિફાયરમાંથી ધુમાડો નીકળ્યો હતો. સાઉન્ડ સિસ્ટમ ઓપરેટર અને પોલીસે દરમિયાનગીરી કરીને એમ્પ્લિફાયર દૂર કર્યું હતું. અધિકારીએ કહ્યું હતું કે ધુમાડો દેખાતા તરત જ પગલાં લેવામાં આવ્યા છે. એમ્પ્લિફાયર ગરમ થતા આમ થયું હશે. તરત જ બીજું એમ્પ્લિફાયર મુકવામાં આવ્યું હતું. (એજન્સી)

# અમેરિકા સામે બદલો લઈશુંઃ ઈરાન

તહેરાનઃ ઇરાને પોતાના દેશના શહીદોનો બદલો લેવાની અને અમેરિકાના જહાજને ઉડાવી દેવાની ધમકી આપી હતી.

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાની નૌકાદળના કમાન્ડર રિયર એડમિરલ શહરમ ઈરાનીએ અમેરિકાના એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકનને નિશાન બનાવવાની ધમકી આપી છે. ઈરાની મીડિયાના જણાવ્યા અનુસાર, કમાન્ડર શહરમ ઈરાનીએ જણાવ્યું હતું કે 'અબ્રાહમ લિંકન' સ્ટ્રાઈક ગ્રૂપ ઈરાની મિસાઈલ રેન્જમાં પ્રવેશતાની સાથે જ તેના પર મિસાઈલોથી હુમલો કરવામાં આવશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે આ હુમલો દેનાના શહીદોનો બદલો લેવા માટે કરવામાં આવશે. નોંધનીય છે કે આ ધમકી એવા સમયે આપવામાં આવી છે જ્યારે અમેરિકાએ મધ્ય પૂર્વમાં પોતાની લશ્કરી હાજરીમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

રિપોર્ટ અનુસાર, અમેરિકા ઈરાનની અંદર સંભવિત જમીન પર અભિયાનોની સક્રિય રીતે તૈયારી કરી રહ્યું છે. આ યોજનામાં ઓછા સમયના મિશન સામેલ છે. જેમાં વિશેષ ઓપરેશનલ મિશન સામેલ છે.

અમેરિકા ઈરાનના મહત્વપૂર્ણ ક્રૂડ ઓઈલના નિકાસ કેન્દ્ર ખાર્ગ ટાપુ પર હુમલો કરી શકે છે. જોકે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ કહ્યું હતું કે અમેરિકા સૈનિકોને જમીન પર ઉતાર્યા વિના બધા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકે છે.

બે ઈરાની સંસ્થાઓ પર કથિત હુમલાઓ બાદ ઈરાને મિડલ ઈસ્ટમાં અમેરિકા સાથે જોડાયેલી યુનિવર્સિટીઓ પર હુમલાની ધમકી આપી છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી દળોએ ઇઝરાયલને નિશાન બનાવીને વારંવાર મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યા છે, જેમાં સંવેદનશીલ લશ્કરી સ્થળો પર હુમલાનો દાવો કરવામાં આવ્યો છે. બદલામાં ઇઝરાયલે લેબેનોનમાં કાર્યવાહી કરી હતી.

ઇરાકમાંના મોસુલમાં થયેલા હુમલામાં બે પોલીસ અધિકારીઓનાં મોત અને અન્યના ઘાયલ થયા બાદ હિંસા વધી છે, જેમાં સ્થાનિક અધિકારીઓએ અમેરિકા અને ઇઝરાયલને દોષિત ઠેરવ્યા છે. દરમિયાન, અમેરિકાએ નેચિરવાન બરઝાનીને નિશાન બનાવીને ડ્રોન હુમલાની નિંદા કરી છે. ઈરાની સમર્થિત લશ્કરી જૂથોને જવાબદાર ઠેરવ્યા છે. બીજી તરફ ''નો કિંગ્સ'' વિરોધ પ્રદર્શનોમાં લાખો લોકો સરકારની વિરુદ્ધમાં અમેરિકામાં રસ્તા પર ઊતર્યા હતા. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ અને યુદ્ધની નિંદા કરી રહ્યા છે.

# દિલ્હીમાં બહુમાળી મકાનમાં આગ

નવી દિલ્હીઃ ઉત્તર-પૂર્વ દિલ્હીના ગોકલપુરી વિસ્તારમાં રવિવારે મધરાતે એક બહુમાળી રહેણાક મકાનમાં આગ ફાટી નીકળી હતી. મકાનમાં લાગેલી આગથી બચવા માટે પહેલા માળેથી કૂદવાને કારણે એક બાળક સહિત ચાર લોકો ઘાયલ થયા હતા. દિલ્હી ફાયર સર્વિસિસ (ડીએફએસ)ના જણાવ્યા અનુસાર આ ઘટના ભજનપુરા નજીક ચાંદ બાગ વિસ્તારના એફ બ્લોકના એક ઘરમાં લગભગ રાત્રે ૨-૩૦ વાગ્યે બની હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્ક કરેલા બે સ્કૂટર અને એક મોટરસાઇકલમાં આગ લાગતાં આખી ઇમારત ગાઢ ધુમાડાથી ભરાઇ ગઇ હતી. ઇમારતના બીજા, ત્રીજા અને ચોથા માળે ફસાયેલા બાળકો સહિત આઠ રહેવાસીઓ તેમનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. ફાયર ફાઇટરોએ ઘટનાસ્થળે પહોંચીને તેમને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

એક અધિકારીએ જણાવ્યું કે ફાયર ફાઇટરો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં ત્રણ મહિલા અને એક બાળક સહિત ચાર લોકો નીચે કૂદી પડ્યા હતા. ઇજાગ્રસ્ત ચારેયને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા અને પ્રાથમિક સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ રાત્રે મદદ માટે જોર-જોરથી પડાતી બૂમો અને બળવાની ગંધથી તેઓ જાગી ગયા હતા. આગના કારણે આખી ઇમારતમાં અંધાધૂંધી ફેલાઇ ગઇ હતી.

અધિકારીઓએ જણાવ્યું કે ઇમારતની જટિલ રચનાને કારણે ધુમાડો ઝડપથી ફેલાઇ ગયો હતો અને રહેવાસીઓ માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું. આગ સવારે ૩-૫૦ વાગ્યા સુધીમાં કાબૂમાં આવી ગઇ હતી અને કુલિંગ ઓપરેશન ચાલી રહ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. તેમજ આગના કારણો જાણવા માટે તપાસ ચાલી રહી છે. જો કે દિલ્હી પોલીસે આ સમગ્ર ઘટના અંગે હજુ સુધી કોઇ નિવેદન આપ્યું નથી.

# માતા, બહેન, ભાણેજનાં ગળાં કાપ્યાં બાદ શખસનો આપઘાતનો પ્રયાસ

બેંગલૂરુઃ બેંગલૂરુમાં એક જ પરિવારના ચાર સભ્યોએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં બે લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર આશા(૫૫) અને તેની પુત્રી વર્ષિતા(૩૪)ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. જ્યારે વર્ષિતાના ભાઇ મોહન ગૌડા (૩૨) અને તેના ૧૧ વર્ષના પુત્રને ગંભીર ઇજાઓ પહોંચી છે. જેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર મોહને આત્મહત્યાનો પ્રયાસ કરતા પહેલા તેની માતા, બહેન અને ભાણેજનાં ગળાં કાપ્યાં હતાં. તેણે દેવું થઇ જવાને કારણે આ પગલું ભર્યું હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર આ ઘટના શનિવારે(૨૮ માર્ચ) રાત્રે ૧૦ થી ૧૦-૩૦ વાગ્યાની વચ્ચે અનેકલ તાલુકામાં અત્તિબેલે નજીક મલ્લેનાહલ્લીમાં બની હતી. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે પરિવારે એક વીડિયો રેકોર્ડ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે આર્થિક કરજ થઇ જતાં તેઓ આ આત્યંતિક પગલું ભરવા મજબૂર થયા છે. આ વીડિયો સંબંધીઓને મોકલવામાં આવ્યો હતો. વીડિયો મળતાની સાથે જ સંબંધીઓ તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા. દરવાજા અંદરથી બંધ જોઇને તેઓ પાછળના દરવાજેથી અંદર ઘૂસ્યા હતા અને પરિવારના ચારેય સભ્યો અંદરથી મળી આવ્યા હતા. ઘટનાને પગલે પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. બેંગલુરુ ગ્રામીણ પોલીસ અધિક્ષક ચંદ્રકાંત એમવીએ જણાવ્યું કે પ્રાથમિક તપાસ પરથી જાણવા મળે છે કે આ ઘટના પાછળ ભારે આર્થિક કરજ મુખ્ય કારણ હતું. મોહન ચિટ ફંડના વ્યવસાય સાથે જોડાયેલો હતો.

પહેલા પાનાનું ચાલુ

## ટ્રમ્પ-વિરોધી રૅલી

નારાજગી અનેક મુદ્દે હતી જેમાં સૌથી મોટો મુદ્દો ટ્રમ્પ વહીવટીતંત્રનું આક્રમક ઇમિગ્રેશન અભિયાન હતું, ખાસ કરીને મિનેસોટામાં, જ્યાં આઈસીઈ (ઇમિગ્રેશન એજન્ટ્સ) ની કાર્યવાહીએ લોકોને ખૂબ જ ડરાવી દીધા છે. ઈરાન સામેના યુદ્ધ સામે પણ જોરદાર વિરોધ પ્રદર્શનો થયાં હતાં. લોકોએ ટ્રાન્સજેન્ડર અધિકારોના ઘટાડા અને શ્રીમંતોના વધતા આર્થિક વર્ચસ્વ સામે પણ અવાજ ઉઠાવ્યો હતો.

## ઍરલાઈન્સ

પાડ્યો છે. ડીજીસીએના અધિકારીએ કહ્યું હતું કે પરિપત્ર ૨૦ એપ્રિલથી અમલમાં આવશે. નિયામકે કહ્યું હતું કે ઍરલાઈન્સે એવી તકેદારી લેવી પડશે કે કોઈ પણ ફ્લાઈટમાં ૬૦ ટકા બેઠક વધારાના ચાર્જ લીધા વિના ફાળવવામાં આવે. ઍરલાઈન્સે સીટની ફાળવણીની પારદર્શક નીતિ રાખવી પડશે અને વધારાના ચાર્જ વિનાની સીટની ઉપલબ્ધતાની જાણકારી આપવી પડશે. પરિપત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે એક જ પીએનઆરમાં મુસાફરી કરનારા પેસેન્જરની બેઠકો એકમેકની નજીક હોવી ઘટે એટલે કે એક જ હરોળમાં બાજુની સીટ હોવી જ જોઈએ. (એજન્સી)

## મુંબઈમાં

દિવસની ભૂખ જેટલો છે. આ બે જહાજો ભારતીય કાંઠામાં આગળ વધી રહ્યા છે. આમાંથી બીડબ્લ્યૂ ટીવાયઆર મુંબઈ તરફ આગળ વધી રહ્યું છે અને તે ૩૧ માર્ચે મુંબઈ આવે એવી સંભાવના છે,જ્યારે બીડબલ્યૂ ઈએલએમએ મેંગલોર પહેલી એપ્રિલે આવે એવી સંભાવના છે. અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો. તહેરાને આનો બદલો લેવા આરબ દેશો પર હુમલો કર્યો હતો અને હોર્મુઝ બંધ કરી દીધી હતી. આને લીધે ગૅસ અને તેલના ભાવમાં ભડકો આવ્યો છે. ઈરાને ગયા અઠવાડિયે કહ્યું હતું કે અમે બિનદુશ્મનનાં જહાજોને હોર્મુઝથી પસાર થવા દઈએ છે અને આ માટે તમારે ઈરાનની પરવાનગી લેવી પડશે. અગાઉ ચાર જહાજ હોર્મુઝમાંથી પસાર થઈ ગયા છે. હાલમાં પણ ઈરાનના અખાતમાં ભારતના ૧૮ જહાજ ફસાયેલાં છે. (એજન્સી)

## ઈટલીનો

રેસ એક કલાક, ૨૮ મિનિટ અને ૩.૪૦૩ સેકન્ડમાં પૂરી કરી હતી.

### પૉઈન્ટ્સમાં વિક્રમી સરસાઈ

ઑસ્ટ્રેલિયાનો ૨૪ વર્ષીય ઑસ્કર પિઍસ્ટ્રી બીજા નંબરે, મૉનેગેસ્કનો ૨૮ વર્ષીય ચાર્લ્સ લેકલર્ક ત્રીજા નંબરે અને બ્રિટનનો ૨૮ વર્ષીય જ્યોર્જ રસેલ ચોથા નંબરે રહ્યો હતો. કિમી ઍન્ટોનેલી આ સીઝનમાં નાની-મોટી કુલ ત્રણ કાર-રેસ જીતીને ૭૨ પૉઇન્ટ ધરાવે છે અને સીઝનના ડ્રાઇવર્સના પૉઇન્ટ્સ-ટેબલમાં અગ્રેસર તે સૌથી યુવાન લીડર છે.

## દેશની

આસામના દેશી યુવાનોના રોજગાર છીનવી લીધા હતા અને ગરીબોનું અનાજ જપ્ત કર્યું છે.

શાહે દાવો કર્યો હતો કે હિમંત બિસવા શર્મા સરકારે ઘૂસણખોરોએ હડપ કરેલી ૧.૨૫ લાખ હેક્ટર જમીન મુક્ત કરી છે. આગામી પાંચ વર્ષમાં તેમના કબજામાં કોઈ જમીન નહીં રહે.

તેમણે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર ઘૂસણખોરોનું રક્ષણ કરવા અનેક રાજ્યોમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષાનો વિરોધ કરવાનો આક્ષેપ મૂક્યો છે. (એજન્સી)

## યુદ્ધ અને પડકારના

પડકારજનક સમય છે. આજે ''મન કી બાત'' કાર્યક્રમ મારફતે હું ફરી એકવાર ૧૪૦ કરોડ દેશવાસીઓને વિનંતી કરું છું કે આપણે આ પડકારને પાર કરવા માટે એક થઈને આગળ વધવું પડશે. હું મારા બધા દેશવાસીઓને સતર્ક રહેવા અને અફવાઓનો શિકાર ન બનવા અપીલ કરું છું.

રાષ્ટ્રને સંબોધતા તેમણે કહ્યું કે માર્ચ મહિનો વૈશ્વિક સ્તરે અશાંત રહ્યો છે ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધને કારણે પડોશમાં પરિસ્થિતિ ગંભીર છે. હું ખાડી દેશોની સરકારોનો આભારી છું જેમણે ત્યાં રહેતા આપણા નાગરિકોને તમામ શક્ય સહાય અને સુવિધાઓ પૂરી પાડી છે.

તેમણે સ્વીકાર્યું કે યુદ્ધથી પેટ્રોલ અને ડીઝલના વૈશ્વિક પુરવઠા પર અસર પડી છે, જેના કારણે વિશ્વભરમાં બળતણ સંકટ સર્જાયું છે. વડા પ્રધાને ખાતરી આપી કે ભારત તેની આંતરરાષ્ટ્રીય રાજદ્વારી અને છેલ્લાં ૧૦ વર્ષમાં વિકસિત ક્ષમતાઓ દ્વારા આ પડકારોનો મજબૂતીથી સામનો કરી રહ્યું છે. આપણા લાખો પરિવારોના સંબંધીઓ આ દેશોમાં રહે છે, ખાસ કરીને જેઓ અખાતમાં કામ કરે છે. હું અખાત દેશોનો ખૂબ આભારી છું. તેઓ ત્યાં ૧૦ મિલિયનથી વધુ ભારતીયોને તમામ પ્રકારની સહાય પૂરી પાડી રહ્યા છે. આ ચોક્કસપણે પડકારજનક સમય છે.

### 'માધવપુર મેળો સાંસ્કૃતિક વારસાનો હિસ્સો છે'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના પોરબંદરમાં યોજાઈ રહેલા માધવપુર મેળાના લોકોને શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે આ જીવંત ઉત્સવ દેશની ભવ્ય સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે. મોદીએ કહ્યું કે તે ગુજરાત અને પૂર્વોત્તર વચ્ચેના કાલાતીત સાંસ્કૃતિક જોડાણને મજબૂત બનાવે છે.

માધવપુર મેળો ગુજરાતના પોરબંદર જિલ્લાના માધવપુર ગામમાં યોજાતો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ છે. આ મેળો ભગવાન કૃષ્ણ અને રુક્મિણીના લગ્નની ઉજવણી કરે છે, જે વિશે કહેવામાં આવે છે કે આ ગામમાં લગ્ન થયા હતા. વડા પ્રધાને કહ્યું કે ''આ જીવંત ઉત્સવ આપણી ભવ્ય સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે અને ગુજરાત અને પૂર્વોત્તર વચ્ચેના કાલાતીત સાંસ્કૃતિક સંબંધને પણ મજબૂત બનાવે છે. આ ઉત્સવ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરતી વિવિધ પરંપરાઓને એકસાથે લાવે છે. હું લોકોને આ મેળામાં આવવા વિનંતી કરું છું.''

આ મેળાનો અરુણાચલ પ્રદેશના મિશ્મી જનજાતિ સાથે ઊંડો સંબંધ છે. દંતકથા અનુસાર, આ જાતિનો વંશ મહાન રાજા ભીષ્મકને જોડે છે જે રુકિમણીના પિતા અને ભગવાન કૃષ્ણના સસરા માનવામાં આવે છે. આ તહેવાર રુકિમણીની ભગવાન કૃષ્ણ સાથે અરુણાચલ પ્રદેશથી ગુજરાત સુધીની યાત્રાની યાદમાં ઉજવવામાં આવે છે.

### 'ખાંડ અને તેલ હવે ઓછા ખાઓ'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે દેશવાસીઓને ખાંડ ઓછી ખાવા અને રસોઈ તેલનો ઉપયોગ ૧૦ ટકા ઘટાડવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે આવા નાના પ્રયાસો લોકોને સ્થૂળતા અને જીવનશૈલી સંબંધિત રોગોથી દૂર રાખશે. તેમના માસિક રેડિયો સંબોધન ''મન કી બાત'' માં મોદીએ કહ્યું હતું કે ઘણા લોકોએ ઇન્સ્ટાગ્રામ કન્ટેન્ટ ક્રિએટર યુવરાજ દુઆની પોસ્ટ પર ટિપ્પણી કરી છે, જેમાં તેમણે વડા પ્રધાનને તેમના પિતાને ખાંડનું સેવન ઘટાડવા માટે વિનંતી કરી હતી.

વડા પ્રધાને કહ્યું હતું કે મને ખુશી છે કે મારી અપીલનો તેમના પિતા પર સકારાત્મક પ્રભાવ પડ્યો. હું તમને બધાને ખાંડ ઓછી ખાવાની વિનંતી કરું છું અને જેમ મેં પહેલા કહ્યું છે તેમ આપણે રસોઈ તેલનો ઉપયોગ પણ ૧૦ ટકા ઘટાડવો જોઈએ. આ નાના પ્રયાસો તમને સ્થૂળતા અને જીવનશૈલી સંબંધિત રોગોથી બચાવશે. તેમણે હંમેશાં દરેકને તેમના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવા વિનંતી કરી છે.

તેમણે કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે ૧૦૦ દિવસથી ઓછા સમય બાકી છે, તેથી વિશ્વભરમાં યોગમાં રસ સતત વધી રહ્યો છે. અલમિસજી આફ્રિકાના તેમના અરવિંદ યોગ કેન્દ્ર મારફતે યોગનો પ્રચાર કરી રહ્યા છે. તેઓ ઘણી અન્ય જગ્યાએ લોકોને યોગ શીખવે છે. અલમિસજી જિબૂતીમાં રહેનારા એક યોગ ટીચર અને પ્રચારક છે. જેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રશંસા મળ્યા બાદ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી. તેઓ જિબૂતીમાં અરવિંદ યોગ કેન્દ્રના સ્થાપક છે.

તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશના પ્રતિભાશાળી એથ્લિટ ગુલવીર સિંહે થોડા અઠવાડિયા પહેલા જ ન્યૂ યોર્ક સિટી હાફ મેરેથોનમાં ત્રીજા સ્થાને રહીને ઇતિહાસ રચ્યો છે. સિંહ એક કલાકથી ઓછા સમયમાં હાફ મેરેથોન પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા હતા.

### 'કેરળમાં કેન્દ્રના ભંડોળનો દુરુપયોગ થાય છે'

પલક્કડ (કેરળ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે કેરળમાં કેન્દ્રના ભંડોળનો દુરુપયોગ થાય છે અને લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) અને યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) દ્વારા રાજ્યને લૂંટવામાં આવ્યું છે. તેમણે બન્ને મોરચા પર ભ્રષ્ટાચારના અને રાજકીય તકવાદના દાયકાના શાસનનો આક્ષેપ કર્યો હતો.

મોદીએ કેન્દ્રીય ભંડોળના દુરુપયોગનો આક્ષેપ કરીને કહ્યું હતું કે આ નાણાં તમારા છે પરંતુ તેઓ લૂંટી રહ્યા છે.

એનડીએની મોટી રૅલીને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે દાયકાઓ સુધી આ બે મોરચાએ રાજ્યનું લૂંટ્યું છે.

કેરળમાં તેમની દુશ્મનાવટ અને બીજા રાજ્યોમાં તેમની મિત્રતાની ટીકા કરતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ અને ડાબેરીઓ એકમેકને ગાળો ભાંડે છે. તમારે બન્નેથી સાવચેત રહેવું જોઈએ. કેરળ એ પરિવર્તનનો સંદેશો આપી રહ્યું છે. યુવાનો, ખેડૂતો અને મહિલનો નવો ટેકો ભાજપને મળી રહ્યો છે. તેમમે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેરળમાં ભાજપના નેતૃત્વ હેઠળનું જોડાણ સરકાર રચશે. (એજન્સી)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર


# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત








## સેમિકંડક્ટર મિશન




- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ

## શહેરી વિકાસ



- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઈટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટસ કૉમ્પ્લેક્સ** અને **ફલાયઓવર નીચે સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે

## ગ્રામીણ વિકાસ



- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે

"સ્માર્ટ સિટીથી લઈને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિકે ટકનોલોજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

## સંસ્થા સમાચાર

### સુવર્ણ જયંતી ને સમાજ ભૂષણ એનાયત

બ્રાહ્મણ સેવા સમાજ (કાંદિવલી-મલાડ) દ્વારા બ્રહ્મ સેવાનાં પચાસ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સુવર્ણ જયંતી ઉજવવામાં આવી હતી. સાથે જ આ સંસ્થા સાથે જોડાઈને વિવિધ સેવાનાં કાર્યો કરનારા કાર્યકર્તાઓને 'સમાજ ભૂષણ' એનાયત કરીને તેમનું બહુમાન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો પરિવાર સાથે હાજર રહ્યા હતા.

### ગૂડી પડવાનો ભવ્ય કાર્યક્રમ

શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં ગૂડી પડવાના પાવન અવસરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શોભાયાત્રામાં આપણાં સમાજસેવક અને સમાજ સુધારકોના વેશ ધારણ કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. એમાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી હતી. ઉત્સાહ, ગૌરવ અને શિસ્તતા સાથે કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

# દૂરદર્શનની ૪૦ વર્ષ જૂની સિરિયલ, આખું શૂટિંગ ટ્રેનમાં થયું હતું શૂટ

મુંબઈ : દૂરદર્શનની એક ૪૦ વર્ષ જૂની સિરિયલનું આખું શૂટિંગ ટ્રેનમાં થયું હતું અને તેમાં દિગ્ગજ કલાકારો હતા. આ સિરિયલને ૭.૩ નું પ્રભાવશાળી રેટિંગ મળ્યું છે. આ શોમાં એવા બોલિવૂડ કલાકારો હતા જેમને આજે દિગ્ગજ માનવામાં આવે છે. આ સિરિયલની સૌથી ખાસ વાત એ હતી કે તેનું આખું શૂટિંગ ટ્રેનમાં કરવામાં આવ્યું હતું, કારણ કે તેની વાર્તા મુસાફરી પર આધારિત હતી. નામ ''યાત્રા'' છે. ૧૯૮૬માં રિલીઝ થયેલી આ સિરિયલના ફક્ત ૧૫ એપિસોડ હતા. શોની ટૂંકી વાર્તા રસપ્રદ હતી અને તેને ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. આ શોના સર્જક મહાન ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલ હતા.

શ્યામ આ મીની ટીવી શ્રેણીનું દિગ્દર્શન પણ કર્યું હતું. આ શોનું શૂટિંગ હિમસાગર એક્સપ્રેસ અને ત્રિપુરા એક્સપ્રેસમાં કરવામાં આવ્યું હતું. આ તે જમાનાની સૌથી લાંબું અંતર કાપતી ટ્રેનો હતી. હિમસાગર ટ્રેન કન્યાકુમારીથી કટરા સુધી દોડે છે. આ શોમાં ઓમ પુરી, નીના ગુપ્તા, રઘુબીર યાદવ, ઇલા અરુણ, રાજેન્દ્ર ગુપ્તા, મોહન ગોખલે અને હિમાની શિવપુરી જેવા પ્રભાવશાળી કલાકારો હતા. આ બધા સ્ટાર્સે પોતાના અભિનય દ્વારા બોલિવૂડમાં મોટી સફળતા મેળવી છે અને આજે લોકો તેમને અભિનયના બાદશાહ તરીકે જુએ છે. દિગ્દર્શક શ્યામ બેનેગલ તેમના આર્ટ સિનેમા માટે જાણીતા છે.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સૌથી મોટો અવરોધ દૂર થયો, ચીનથી ટીબીએમ જવાહરલાલ નહેરુ બંદરે આવી પહોંચ્યું

મુંબઈ: અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ટનલ માટે બે ટનલ બોરિંગ મશીનો (ટીબીએમ ) સોમવારે જવાહરલાલ નહેરુ બંદર પર આવી પહોંચ્યા છે. ચીનમાં જીઓ - પોલિટિકલ કારણોને લીધે શિપમેન્ટમાં મહિનાઓનો વિલંબ થયા બાદ આ એક મોટી સફળતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે શિપમેન્ટમાં પ્રથમ ટીબીએમના બાકીના ભાગોનો સમાવેશ થાય છે - જેનું કટર હેડ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ની આસપાસ મુંબઈ પહોંચ્યું હતું. આ શિપમેન્ટમાં બીજા મશીન માટેના ભાગોનો પણ સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ કન્સાઇન્મેન્ટ માર્ચની શરૂઆતમાં ચીનથી નીકળીને ચેન્નઈ બંદરે પહોંચ્યું હતું અને ૧૮ માર્ચે મુંબઈ માટે રવાના થયું હતું. બંને ટીબીએમના આવી જવાથી ભૂગર્ભ પ્રોજેક્ટમાં ઝડપી પ્રગતિ શક્ય બનશે. એસેમ્બલી અને પરીક્ષણ પછી લગભગ ત્રણ મહિનામાં બોરિંગ શરૂ થવાની ધારણા છે. આ મશીન મિશ્ર-શિલ્ડ કોન્ફીગ્રેશન ધરાવે છે, જે જટિલ ભૂપ્રદેશને કાપવા માટે ઉપયોગી છે. તેને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી ) અને શિલફાટ વચ્ચેના ૨૦.૩૭ કિમીના ભૂગર્ભ ટનલ માટે ઉપયોગમાં લેવામાં આવશે, જેમાં થાણે ક્રીક હેઠળ ૭ કિમી લાંબી દરિયાઈ ટનલનો પણ સમાવેશ થાય છે. ટીબીએમ મશીનો, જોકે જર્મન કંપની હેરેનકનેક્ટ પાસેથી મેળવવામાં આવ્યા હતા પરંતુ ગુઆંગઝુમાં તેના પ્લાન્ટમાં ઉત્પાદિત થયા હતા. આ વર્ષની શરૂઆતમાં ઔપચારિક મંજૂરી વિના ચીનના બંદર પર ફસાયેલા હતા. આ વિલંબથી ૧.૦૮ લાખ કરોડ રૂપિયાના હાઇ-સ્પીડ રેલ કોરિડોરની સમયમર્યાદા અંગે મોટી ચિંતાઓ ઉભી થઈ હતી.

રેલવે મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સંકલનમાં રાજદ્વારી માધ્યમો દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે ઓગસ્ટ ૨૦૨૫ માં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની વાતચીત દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**જ્વેલર્સ**

બસરા મોતી ખાકા મોતી હિરાના કલર સ્ટોનના જૂના દાગીના ઊંચી કિંમતે ખરીદનાર તુરંત રોકડા 9821369617/8976938117. (એસડીબી-૩૧૬૨)

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

### ૧૭. જગ્યા આપવી છે

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના-મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૨૫૧)

### ૧૮. જગ્યા જોઈએ છે

A JEWELLER FROM DUBAI Requires 2/3 BHK on Ownership in South Mumbai. Preferably Seafacing. Can Pay Fancy Price. Brokers Welcome. Contact: 9987310819. (938-A)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૩૨૬)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ગૅસ નહીં, ડબ્બો નહીં: એલપીજીની અછત મુંબઈની ટિફિન સેવાઓને પણ અસર કરી રહી છે

મુંબઈ: મુંબઈમાં ડિલિવરી એગ્રીગેટર્સના આગમન પહેલાંથી જ શહેરને ઘરનું ભોજન પૂરું પાડતા વિશાળ, વિકેન્દ્રિત નેટવર્ક ધરાવતા ટિફિન સેવા આપતા ધીમે ધીમે દબાણ હેઠળ આવી રહ્યા છે. તાજેતરની એલપીજી સિલિન્ડરોની અછત આ ઇકોસિસ્ટમને અસ્વસ્થ કરી રહી છે. મેનુમાં ઘટાડો કરવો, કિંમતોમાં વધારો કરવો અથવા કેટલાક કિસ્સાઓમાં વ્યવસાય સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડી રહી છે.

૨૦૦૯ થી સાકિનાકામાં, યમ્મી ટિફિન ચલાવી રહેલા ૩૩ વર્ષીય ચિરાગ પુરોહિત ભૂતકાળમાં પાછા ફર્યા છે. એલપીજી સિલિન્ડરો ઉપલબ્ધ ન હોવાથી, તેઓ પોતાના રસોડાને ચાલુ રાખવા માટે લાકડા અને કોલસાથી ચાલતી 'સિગડી' તરફ વળ્યા છે. ''રોટલી-શાક ઉપરાંત, અમે ઉચ્ચ પ્રોટીન યુક્ત ભાત પણ બનાવતા હતા, પરંતુ અમારે તે બંધ કરવા પડ્યા છે,'' તેમણે કહ્યું. ઓર્ડર દરરોજના ૫૦૦ ડબ્બાથી ઘટીને લગભગ ૩૦૦ થઈ ગયા છે. ''સિગડી પર રાંધવામાં ઘણો સમય લાગે છે.'' તેમના કેટરિંગ વ્યવસાયને પણ ફટકો પડ્યો છે. ''લાકડા અથવા કોલસા પર તળવાની જરૂર હોય તેવી ચાઇનીઝ વાનગીઓ કે નાસ્તો સારી રીતે બનાવી શકતા નથી.'' ભાંડુપમાં, ભોજનયાન ટિફિન સર્વિસ ચલાવતા ૨૯ વર્ષીય ઓમકાર અજિત પાટકર કહે છે કે તેમની ટિફિન સેવા બંધ થવાની અણી પર છે. ''અમને છેલ્લા બે અઠવાડિયાથી એક પણ એલપીજી સિલિન્ડર મળ્યું નથી.'' ત્રણ સિલિન્ડર ખતમ થયા ત્યાં સુધી ટિફિન આપતા, હવે બે ઇલેક્ટ્રિક કોઇલ સ્ટવ પર આધાર રાખે છે. ''સ્ટવ પર રસોઈ કરતા ગૅસ કરતા બમણાથી વધુ સમય લાગે છે.'' તેણે સ્વિગી અને ઝોમેટો દ્વારા ઓર્ડર લેવાનું બંધ કરી દીધું છે, ફક્ત પ્રી-ઓર્ડર ચાલુ રાખ્યા છે અને તેમના મેનુમાં પણ ઘટાડો કર્યો છે. એક સમયે બિરયાનીથી લઈને અનેક ભોજનના વિકલ્પો આપતા, પરંતુ અત્યારે રોટલી, એક શાકાહારી વાનગી, એક માંસાહારી વાનગી અને દાળ-ભાત આપે છે. એકસાથે ઘણી રોટલી બનાવતું તેમનું રોટલી મશીન પણ એલપીજી પર ચાલે છે. ''હું આ જગ્યા માટે મહિને ૨૫,૦૦૦ રૂપિયા ચૂકવું છું અને સાત માણસનો સ્ટાફ છે. ફક્ત બે ઇલેક્ટ્રિક સ્ટવ સાથે, તે ચાલુ રાખવું શક્ય નથી.'' વિરોધાભાસ એ છે કે, માગમાં ઘટાડો થવાને બદલે ઘણા રેસ્ટૉરન્ટ બંધ થઈ રહ્યા હોવાથી માંગમાં વધારો થયો છે.'' જોગેશ્વરીમાં, લક્ષ્મી ટિફિન સેવા અઠવાડિયાના મધ્યમાં બંધ થઈ ગઈ, કારણ કે તેમનું બીજું સિલિન્ડર ખતમ થઈ ગયું, ૩૦ વર્ષીય આકાશ અધિવંદે જણાવ્યું.

# શાળામાં ટ્રાફિક નિયમોની ખાસ તપાસ ઝુંબેશ શરૂ કરાશે: શિક્ષણ પ્રધાન

મુંબઈ: રાજ્યમાં શાળાના વિદ્યાર્થીઓના પરિવહન માટે સરકારની સ્પષ્ટ નીતિ છે અને શાળા સ્તરે પરિવહન સમિતિ તથા જિલ્લા સ્તરે જિલ્લા બસ સુરક્ષા સમિતિની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત, શાળા પરિવહન નિયમોની તપાસ માટે રાજ્યભરમાં વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે, એમ શાળા શિક્ષણ પ્રધાન દાદાજી ભુસેએ જણાવ્યું હતું.

શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે, ૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, અંબરનાથમાં એક ખાનગી અંગ્રેજી શાળાની વેનમાં મુસાફરી કરી રહેલા બે વિદ્યાર્થીઓ પડી જવાથી ઘાયલ થયા હતા. આ વાહન સંબંધિત વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા ખાનગી રીતે રાખવામાં આવ્યું હતું. ઘટનાના દિવસે જ પોલીસે ગુનો નોંધ્યો હતો અને બીજા દિવસે આરટીઓ દ્વારા સંબંધિત વાહન સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સરકારે શાળાઓ માટે ડ્રાઇવર વેરિફિકેશન, બસોમાં જીપીએસ સિસ્ટમ, સીસીટીવી કેમેરા , મહિલા સહાયકોની નિમણૂક , પરિવહન કર્મચારીઓને તાલીમ અને પોલીસ દ્વારા ડ્રાઇવરોએ દારૂ કે ડ્રગ્સનું સેવન કર્યું નથી તેની ચકાસણી જેવી બાબતોને ફરજિયાત બનાવી છે. ઉપરાંત, શાળા ટ્રાફિક નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ વિભાગ , પોલીસ વહીવટીતંત્ર અને આરટીઓ સાથે મળીને રાજ્યભરમાં એક ખાસ નિરીક્ષણ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ભૂસેએ એમ પણ કહ્યું કે વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે અને આ સંદર્ભે જરૂરી પગલાં લેવામાં આવશે .

**વિદ્યાર્થીઓના પરિવહન માટે વાહનો માટે અલગ લાઇસન્સ જરૂરી: રાહુલ નાર્વેકર**

વિધાનસભા અધ્યક્ષ એડવોકેટ રાહુલ નાર્વેકર દ્વારા વિધાનસભામાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે, વિદ્યાર્થીઓની હેરફેર કરતાં વાહનોને સ્વતંત્ર લાઇસન્સ આપવામાં આવે. શિક્ષણ અને પરિવહન વિભાગે સંયુક્ત રીતે જવાબદારી સ્વીકારીને રિક્ષા અથવા બસ દ્વારા વિદ્યાર્થીઓની અવરજવર કરતાં વાહનોમાં સીસીટીવી, જીપીએસ સહિતની આવશ્યક શરતો પૂર્ણ કર્યા બાદ જ લાઇસન્સ આપવું જોઈએ. જો લાઇસન્સ વગર વિદ્યાર્થીઓની હેરફેર કરતાં વાહનો મળી આવે, તો તેને જપ્ત કરવાની કાર્યવાહી કરવી, તેવા આદેશ પણ તેમણે આપ્યો હતો.

# એસટી સ્ક્રૂટિની પેનલની મહિલા અધિકારી ૨.૫૦ લાખની લાંચ લેતાં રંગેહાથ પકડાઇ

થાણે: થાણેમાં એક વ્યક્તિ પાસે તેના પરિવારના સભ્યોની ફાઇલ ક્લીયર કરવા માટે ૨.૫૦ લાખ રૂપિયાની કથિત લાંચ માગવા અને સ્વીકારવા બદલ અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિ (શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ સર્ટિફિકેટ સ્ક્રૂટિની કમિટી)ની મહિલા અધિકારીની એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ધરપકડ કરી હતી. થાણેના ચરઇ વિસ્તારમાં પોતાની ઓફિસમાં ફરિયાદી પાસેથી લાંચ સ્વીકારતી વખતે એસીબીના અધિકારીઓએ સમિતિના કોંકણ ડિવિઝનની ડેપ્યુટી ડિરેક્ટર (ક્લાસ-૧ અધિકારી) મીનાક્ષી એન. ઉન્હાળે (રિસર્ચ)ને શુક્રવારે પકડી પાડી હતી. ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (એસીબી, રાયગડ-અલીબાગ) સરિતા ભોસલેએ જણાવ્યું હતું કે મીનાક્ષી ઉલ્હાળેએ ફરિયાદીની પત્ની અને પુત્રીની જાતિ ચકાસણીની ફાઇલ ક્લીયર કરવા માટે ૨.૫૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી.

ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આથી એસીબીના રાયગડ યુનિટના અધિકારીઓએ છટકું ગોઠવ્યું હતું અને ઉલ્હાળેને તેની કેબિનમાં લાંચ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડી હતી. ઉલ્હાળે વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

# લાતુરમાં ઘરેલું ઝઘડામાં પતિનું મૃત્યુ: પત્નીની ધરપકડ

લાતુર: લાતુર જિલ્લામાં ઘરેલું ઝઘડા દરમિયાન પતિના મૃત્યુ પ્રકરણે તેની પત્નીની ધરપકડ કરાઇ હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. સિકંદર સિદરામ રાઠોડ દારૂનો વ્યસની હતો અને તેને કારણે પત્ની કમલબાઇ સાથે વારંવાર તેનો ઝઘડો થતો હતો. સિકંદર મંગળવારે દારૂના નશામાં ઘરે આવ્યો હતો અને પત્ની કમલબાઇ સાથે ફરી તેનો ઝઘડો થયો હતો. ઝઘડા દરમિયાન સિકંદર પડી ગયો હતો અને તેના માથામાં ઇજા થઇ હતી. સિકંદરની છાતીમાં મુક્કા મારવામાં આવ્યા હતા અને તે બેભાન થઇ ગયો હતો. દરમિયાન કમલબાઇ તેને તાત્કાલિક લાતુરની સરકારી હોસ્પિટલમાં લઇ ગઇ હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### મેટસ ફ્રેમ

પણ જોઈ શકાતી હતી. એ સિવાય ધુમાડાના ગોટેગોટા આકાશમાં નજરે પડતા હતા. આગમાં દાઝેલા કર્મચારીને સારવાર માટે સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, એવું વાડા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર દત્તા કિન્દ્રેએ જણાવ્યું હતું. બનાવની જાણ થતાં બે ફાયર એન્જિન સાથે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જોકે કૂલિંગ ઑપરેશન સાંજ સુધી ચાલ્યું હતું. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. (પીટીઆઈ)

### એસી યુનિટમાં

રવિવારે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા. ત્રણેય કર્મચારીને આ કામ સોંપનારા કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની બેદરકારીને કારણે મૃત્યુ નીપજાવવાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જવ્હારના સબ-ડિવિઝનલ પોલીસ ઑફિસર (એસડીપીઓ) સમીર મહેરે જણાવ્યું હતું.

રિપેરિંગના કામ વખતે સુરક્ષાના નિયમોનું યોગ્ય રીતે પાલન થયું હતું કે નહીં તેની તપાસ કરવામાં આવી રહી છે. આ પ્રકરણે વાડા પોલીસ તપાસ કરી રહી હોઈ રવિવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી, એવું મહેરે જણાવ્યું હતું. (પીટીઆઈ)

### જાલનામાં

મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (ડ્રાય પોર્ટ) પ્રોજેક્ટ વિકસાવી રહ્યા છે. આ સુવિધા તાજેતરમાં ચંદ્રપુરસ્થિત વિકાસ કોલ એન્ડ મિનરલ્સ પ્રાઇવેટ લિમિટેડને આગામી ૧૫ વર્ષ માટે કામગીરી માટે સોંપવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ અંતર્ગત કન્ટેનર યાર્ડ, વેરહાઉસિંગ સુવિધાઓ, કન્ટેનર હેન્ડલિંગ સેવાઓ અને ટ્રક ટર્મિનલ સેવા શરૂ કરવાનું આયોજન છે.

પ્રોજેક્ટનો શિલાન્યાસ ૨૦૧૫ માં કરવામાં આવ્યો હતો અને ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જોકે, ઔપચારિક ઉદ્‌ઘાટન છતાં, પ્રોજેક્ટ હજુ સુધી સંપૂર્ણપણે કાર્યરત થયો નથી. મોટાભાગના ભૌતિક માળખાકીય સુવિધાઓ હવે પૂર્ણ થવાના આરે છે, અધિકારીઓએ આગામી મહિનામાં કામગીરી શરૂ કરવાની અપેક્ષા રાખી હતી. (પીટીઆઈ)

### અશોક ખરાતે

મળ્યા છે. તેના મોબાઈલ અને લૅપટોપના ડેટા રિકવર થયા છે, જેની તપાસ કરવાની બાકી છે. ખરાતે રાજકારણીઓના નંબર કોડવર્ડ અથવા બીજી વ્યક્તિના નામે સેવ કર્યા હોવાની શક્યતા છે. આ ડિજિટલ માહિતી ભેગી કરવા માટે ખરાતની કસ્ટડીની જરૂર હોવાનું એસઆઈટીએ કહ્યું હતું.

આરોપીની મિલકતો અંગે હજુ તપાસ ચાલી રહી છે. ઘણી બધી મહિલાઓ હજુ પણ ફરિયાદ કરવા આવી રહી છે. ખરાત મહિલાઓનું જાતીય શોષણ કરતો હતો, પણ તે પૂર્વે મહિલાઓને ઘેન આવે તે માટે તેમને કોઈ પ્રવાહી આપતો હતો. એ વિશે પણ તપાસ હજુ બાકી છે, એવું સરકારી વકીલે જણાવ્યું હતું.

આ કેસ મોટો છે અને પૂછપરછ માટે કેટલાક લોકોને ખરાતની સામે લાવવાના છે. આ ગુનામાં તેના કોઈ સાથી છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે, એવું તેમણે જણાવ્યું હતું.

બચાવ પક્ષના વકીલ સચિન ભાટેએ જણાવ્યું હતું કે એસઆઈટીએ અગાઉની સુનાવણીમાં પણ મારા અસીલની કસ્ટડી વધારી આપવા માટે આ જ કારણો આપ્યાં હતાં. હકીકતમાં તપાસ પૂરી થઈ છે, જેથી વધુ કસ્ટડીની જરૂર નથી.

## પારસી મરણ

નોશીર દારા અંકલેસરિયા તે મરહુમ રોડાબેના ખાવીંદ. તે મરહુમો કુમીને દારાના દીકરા. તે પેશવાનના બાવાજી. તે પરસીસના સસરા. તે મરહુમ જાંગુના ભાઇ. તે રેહાન ને ઝેનના બપાવા. તે મરહુમો નરીમન ને પીલીના જમાઇ. (ઉં. વ. ૮૪) રે. ઠે. એમ-૩૧, ખુશરૂ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૧-૩-૨૬ના બપોરે ૩.૪૫ કલાકે ઓલબલેસ બંગલી ડુંગરવાડી, મુંબઇ.

## જૈન મરણ

**દિગંબર જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુંબઇ વિલેપાર્લે હસમુખલાલ છોટાલાલ શાહ (ઉં. વ. ૮૮) ગુરુવાર તા. ૨૬-૩-૨૬ના દેહ પરિવર્તન પામેલ છે. સ્વ. મોતીબેન અને સ્વ. છોટાલાલ ડામરસિંહના સુપુત્ર. સુશીલાબેન હસમુખભાઇ શાહના પતિ. ગાંડાલાલ પનજીના જમાઇ. રાજેશ, વિદેહા, પ્રજ્ઞા, સેજલના પિતાશ્રી. તૃપ્તિબેન, દીલીપભાઇ, રાજેશભાઇ અને પંકજભાઇના સસરા. તથા રોનિકા, પ્રિયમના દાદા અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ મુંબઇ ચંદ્રકાન્ત રાયચંદ શાહ (ઉ. વ. ૮૭) તા. ૨૭-૩-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રક્ષીલાબેનના પતિ. પૂ. સા. મતિશ્રેણા શ્રીજીના સંસારી ભાઇ. સ્વ. મુક્તાબેન, સ્વ. ઇન્દુબેનના ભાઇ. ચારુબેન, સ્વ. પાનુબેન, નીશાબેન, તે નીરવભાઇના પિતાશ્રી. હેમંતકુમાર તેમ જ કલ્પેશના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાબર મૂર્તિ પૂજક જૈન**

મુળી નિવાસી હાલ મુંબઈ સ્વ. રમેશચંદ્ર શાંતિલાલ શાહ ના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉં.વ.૭૨) તે ૨૮/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ભૂમિકા તથા આશિષના માતુશ્રી. વિરલકુમાર તથા કેજલના સાસુ. મનહરલાલ, સ્વ. ન્યાલભાઈ, પ્રવીણભાઈ, સ્વ શૈલેષભાઇ, હંસાબેનના ભાભી. અશ્વિનભાઇ જશુભાઈ દોશીના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા.વિશા.સ્થા. જૈન**

રાણપુર નિવાસી હાલ ઘાટકોપર અરુણાબેન (ઉં.વ.૭૯) સ્વ. નવીનચંદ્ર નંદલાલ શાહના ધર્મપત્ની. હિતેશ, નીરવ, બીના, તથા મનીષાના મમ્મી. વૈશાલી, નિકિતા, નિલેશકુમાર તથા રાજેશ કુમારના સાસુ. જે મહેન્દ્રભાઈ બટુકભાઈ, ધીરજભાઈ, સુરેશભાઈ સ્વ જ્યોત્સનાબેન, સ્વ હંસાબેનના ભાભી. ખુશી, મનસ્વી, જિનાલીના દાદી. પિયર પક્ષે ધ્રાંગધ્રા નિવાસી અમૃતલાલ મગનલાલ સંઘવીના દીકરી તારીખ ૨૮/૩/૨૬ના અરિહંત શરણ થયેલ છે.પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે (ચક્ષુદાન કરેલ છે).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ફરાદીના નયન મુલચંદ વીરા (ઉં.વ.૬૩) શુક્રવાર ૨૭-૩-૨૬ના પરિવર્તન થયેલ છે. કસ્તુરબેન લખમશીના પૌત્ર. સ્વ. કુસુમ, મૂલચંદ લખમશીના પુત્ર. મનોજ, જયેશના ભાઈ. કાંડાગરાના લક્ષ્મીબેન નાનજી છેડાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : મુલચંદ વીરા, એ-૧૦૧, વિષ્ણુ સ્મૃતિ બિલ્ડીંગ નં ૧, જૂની વીવા કોલેજ સામે વિરાર (વેસ્ટ).

બિદડા વીરા ફરીયાના સુરેશ ભાણજી વીરા (ઉં.વ.૭૮) ૨૭-૩-૨૬નાં રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. વેજબાઇ ભાણજી દેશરના સુપુત્ર. કાંતાના પતિ. જીતેન્દ્ર, ભુમીના પિતા. સ્વ. ચંપક, સ્વ. કાંતી,સ્વ. અરવિંદ, સ્વ. વિનોદ, સ્વ. નેમચંદ, સ્વ. પ્રેમલતા લાલજી ગાલા, કુસુમ ઝવેરીલાલ છેડા, મધુ રમણીક છેડા, હંસા રાજેશ સૈયાના ભાઇ. ગામ : તેરાના પદમાબેન દામજી ભદ્રાના જમાઇ. પ્રાર્થના : ૩૦-૩-૨૬, સોમવાર, આરાધના હોલ, દેરાસરની સામે, બિદડા ખાતે ૪. થી ૪.૩૦ બપોરે રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર નરેશભાઈ જયંતીલાલ શાહ (ઉં. વ. ૭૧), શનિવાર, તા. ૨૮-૦૩-૨૬ના અરિહંત શરણ પામેલ છે. તે કુસુમબેન જયંતીલાલ શાહના પુત્ર. સ્મિતાબેનના પતિ. રાજ અને કુંજલના પિતા. કમલભાઈ અને સ્વ માલીનીબેન દિપકભાઈ વોરાના ભાઈ. ભાવિકભાઈ અને પૂજાના સસરા. ભડીભંડારીયા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પ્રતાપરાય વિરચંદ બોટાદરાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**લુહાર સુતાર**

ધોરાજીવાળા હાલ વિલેપાર્લે દીપકભાઈ લીલાધરભાઈ દાવડાના ધર્મપત્ની શિલ્પાબેન (ઉં.વ.૫૬) શનિવાર ૨૮/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે તે ધવલભાઈના માતુશ્રી. તે ધ્રાફાવાળા હાલ મીરારોડ ભીખુભાઈ હીરાભાઈ ગોહિલના દીકરી. સુનીલ અને હીનાબેન જનકભાઈ દાવડાના બહેન. પ્રવીણભાઈ અમૃતલાલ દાવડાના નાના ભાઈના પત્ની. દેવેન નવીનચંદ્ર દાવડા, રમાબેન દિનેશકુમાર પરમારના ભાભી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૩૦/૩/૨૬ના સાંજે ૫ થી ૭ . એડ્રેસ : નવસમાજ મંડળ હોલ, દીક્ષિત રોડ, સેટલાઈટ હોટેલ ની બાજુમાં, વિલેપાર્લે ઈસ્ટ.

**લાડ વાણિયા**

સુધાબેન વાપીવાલા તા. ૨૮-૩-૨૬ ગિરેશ વાપીવાલા સંજીવ, ભાવના અને પરિવાર જયેશ અને પરિવાર દિનેશ, કાજલ અને પરિવાર સરનામું: ઓબેરોય ગાર્ડન્સ ક્લબ હાઉસ ઠાકુર ગામ કાંદિવલી પૂર્વ.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. તરૂલત્તા જયંતીલાલ દાવડા (ઉં. વ. ૬૩) હાલ મુંબઇ તે ચી. જીનીશના માતુશ્રી. સ્વ. પ્રેમકુંવરબેન જમનાદાસ દાવડાની પુત્રવધૂ. અ. સૌ. પ્રાચીના સાસુમા. ધનવી અને ચી. બંશરીના દાદીમા. સ્વ. પ્રભુદાસ દયાળજી વિઠલાણીની દીકરી. સ્વ. મીનાબેન મનહરલાલ મસરાણી, અંજના જિતેન્દ્ર શેઠ અને સ્વ. ફાલ્ગુની ચેતન શહના મોટાબહેન. તા. ૨૭-૩-૨૬ના શ્રીજી પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ દેવળીયા હાલ અંધેરી સ્વ. વિમલાબેન સિમરીયા (ઉં.વ.૮૦) તે સ્વ. રસિકલાલ વાલજીભાઇ સિમરીયાના ધર્મપત્ની. સ્વ. રતિલાલ શામજીભાઈ પાંધીના દીકરી. વિજય, મનીષ તથા દર્શના થારાનીના માતુશ્રી. કાંતિભાઈ, સ્વ. નીતિનભાઈ, અનિલભાઈના ભાભી. સ્વ. ધીરુભાઈ, સ્વ. વિજયભાઈ, રસિકભાઈ, વનીતાબેન તથા નીતાબેન દત્તાનીના બહેન. તે ૨૫/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૩/૨૬ના રોજ ૫ થી ૭ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, લોહાણા મહાજનવાડી સામે, એસ વિ રોડ કાંદિવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ભાવનગર નિવાસી હાલ મલાડ સ્વ. જયાબેન ઈશ્વરરાય છાટબારના પુત્ર ભાવેશ (ઉં.વ.૫૧) તે ૨૭/૩/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે રીનાબેનના પતિ. ભવ્ય તથા દેવના પિતા. શૈલેષ, મનોજ, નીતા હિતેન્દ્ર ટાટરીયા તથા જાગૃતિ હિતેશ ભેડાના ભાઈ. તે સ્વ. ગુણવંતીબેન પ્રવીણભાઈ પડિયાના જમાઈ. પ્રાર્થનાસભા ૩૦/૩/૨૬ના રોજ ૪ થી ૫ પુષ્પક ૨, ખેતાન સોસાયટી, રૂમ નં ૫૦૫, ટેલિફોન એક્ષચેન્જ સામે, એસ વિ રોડ મલાડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

વાઘણીયા નિવાસી હાલ મુંબઈ સ્વ. વસંતભાઈ રામભાઈ થડેશ્વર (ઉં.વ.૬૮) તા. ૨૮/૩/૨૬ શનિવાર શ્રીજી ચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ તથા રામભાઈ મેરામભાઈ થડેશ્વર વાઘણીયાવાળાના પુત્ર. મધુબેન મુળજીભાઈ જગજીવનદાસ ધકાણ (બગસરાવાળા)ના જમાઈ. નિતા જીગર સલ્લા તથા મિતા દર્શિત શાહના પિતા. પુન્ય તથા આદિના નાના. (લૌકિક પ્રથા બંધ રાખેલ છે.)

**હાલાઇ લોહાણા**

મુળ ગામ કરાચી (કુર્લાવાળા) હાલે ઘાટકોપર સ્વ. જમનાબેન હેમરાજ રાચ્છનાં પુત્ર યોગેશભાઈ (ઉં.વ. ૭૩) તે સુશીલાબેનનાં પતિ તા. ૨૭/૦૩/૨૬ના રોજ પ્રભુચરણ પામેલ છે. તે સ્વ. કનકભાઈ, અરવિંદભાઈ, ભરતભાઈ, સતીષભાઈ, મુકુંદભાઈ તથા સ્વ. ઉર્મિલાબેન (રાયપુરવાળા)ના ભાઈ. તે જીગ્નેશ, ભાવેશ તથા મનીષાબેનનાં પિતાજી. તે ફાલ્ગુની, નીલમ તથા સ્વ. ભાવેશ કુમાર પંચમતીયા (ચુનાવાળા)નાં સસરા. લાલજી કાલીદાસ તન્નાના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા: તારીખ: ૩૦/૩/૨૬ના સોમવારે, સ્થળ: અગ્રસેન ભવન, સ્વામિનારાયણ મંદિર, ૩ જે માળે - ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઈ) માં રાખેલ છે. સમય: સાંજના ૪ થી ૬.

**સોરઠીયા સારસ્વત બ્રાહ્મણ**

માંગરોળ નિવાસી હાલ સાંન્તાક્રુઝ. સ્વ. ગીરધરલાલ ચુનીલાલ જોષીના ધર્મપત્ની ગં.સ્વ પ્રવીણાબેન ગીરધરલાલ જોષી (ઉં.વ.૭૯) ૨૮-૩-૨૬ના રોજ કૈલાસવાસી થયેલ છે તે અમરેલી નિવાસ ચુનીલાલ જેષ્ટારામ ભટ્ટના દીકરી. મહેશ ગીરધરલાલ જોષી ઉમેશ ગીરધરલાલ જોષીના માતુશ્રી. દર્શૉનાબેન ઉમેશભાઈના સાસુ. મેઘા ચેતન કલયાણી સાગર જૈનમના દાદી તેમની પ્રાર્થનાસભા તા.૩૦-૩-૨૬ને સોમવારે સાંજે ૪થી૬ રાખેલ છે. ઠે. સાંઈનાથ મેદાન સાંઇબાબા મંદિર પાસે ખોતવાડી બેઝટરોડ સાંન્તાક્રુઝ (પશ્ચિમ).

**હાલાઈ લોહાણા**


અ.સૌ. ધર્મિષ્ઠાબેન બુદ્ધદેવ ((ઉં.વ.૭૮) તે મૂળ ગામ રાજકોટ હાલ ભિવંડી નિવાસી મનહરલાલ રણછોડદાસ બુદ્ધદેવના ધર્મપત્ની. તે સ્વ. પ્રભાબેન તથા સ્વ. રણછોડદાસ મેઘજી બુદ્ધદેવના પુત્રવધુ. તે સ્વ. ધનજીભાઇ કુરજી અમલાણી (પુનાવાળા)ના દીકરી. ગ સ્વ. મનીષા, કિરણ તથા ભાવિનના માતૃશ્રી. તે સ્વ.મહેશકુમાર વિનોદભાઈ મજીઠીયા, ક્રિષ્ના તથા સ્મિતાના સાસુ. તેઓ સ્વ કિશોરભાઈ, પુષ્પાબેન, નયનાબેન, પ્રફુલાબેન, જ્યોત્સનાબેન, મીરાબેન તથા નિતેશભાઈના મોટા બેન. તે શુક્રવાર તા. ૨૭.૩.૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૩૦.૩.૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળ. શ્રીપનવેલ લોહાણા મહાજન વાડી. રવજી ભીમજી રંગપરિયા માર્ગ,મીરચી ગલ્લી, પનવેલ. ૪૧૦૨૦૬.

**હાલાઈ લોહાણા**

વલસાડ નિવાસી ભરત પ્રાણજીવનદાસ ગોકાણીના ધર્મપત્ની અ. સૌ. માલતીબેન (ઉં. વ. ૭૦) ૨૯/૦૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. વિજયાબેન પ્રાણજીવનદાસ ગોકાણીના પુત્રવધૂ. તે ચિ. તૃપ્તિ, પૂર્વી તથા કૌશલના માતુશ્રી. તે વિશાલ, દિપેન અને રિંકલના સાસુમા. તે ગં. સ્વ. માનવંતીબેન ભવાનજી ધનજી ઠક્કરના પુત્રી. તે સ્વ. જગદીશભાઈ, શ્યામ, સ્વ. ઇલા, ભારતી, કલ્પના અને કુમુદના બહેન તા. ૨૯/૦૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમના નિવાસસ્થાન શ્રીમ પ્લોટ નં. ૫, સૂર્યદર્શન સોસાયટી નં. ૩, એન રોડ, તીથલ સેગવી રોડ, તીથલ વલસાડ, ગુજરાત ખાતે સોમવાર તા. ૩૦-૦૩-૨૬ સાંજે ચાર થી છ વચ્ચે રાખેલ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing

# નર્મદા પરિક્રમા કરતા શ્રદ્ધાળુઓને રખડતા શ્વાન કરડ્યા, રજિસ્ટ્રેશન મામલે પણ ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રખડતા શ્વાનનો આતંક બધે જ છે ત્યારે નર્મદા પરિક્રમા કરવા આવેલા શ્રદ્ધાળુઓ પણ તેનો ભોગ બન્યા હતા. અહીં તિલકવાડા વિસ્તારમાં રખડતા શ્વાનનો ભોગ ૧૬ જેટલા શ્રદ્ધાળુ બન્યા હતા. અહીં લગભગ ૧૬ શ્રદ્ધાળુને શ્વાનોએ બચકાં ભર્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આમ થવાથી પરિક્રમા કરવા આવેલા શ્રદ્ધાળુઓએ શ્વાનોને પકડવાની માર્ગને સુરક્ષિત રાખવાની માગણી કરી હતી.

આ અંગે સૂત્રોના જણાવ્યા અનુસાર નદીના ભાઠા પરથી ઉપર જવાના રસ્તે શ્વાનો આવી ચડ્યા હતા તો તિલકવાડા બ્રિજ નજીક અને અન્ય કેટલાંક સ્થળોએ શ્વાનોએ શ્રદ્ધાળુઓને રંજાડ્યા હતા. લગભગ ૧૬ જેટલા લોકોને શ્વાનોએ બચકાં ભરી લેતા અન્ય શ્રદ્ધાળુઓમાં પણ ભય ફેલાયો હતો.

દરમિયાન સ્થાનિકોને મદદથી તમામ ૧૬ શ્રદ્ધાળુને એમ્બ્યુલન્સ મારફતે તિલકવાડ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે.

આ સાથે નર્મદા પરિક્રમા દરમિયાન ઓનલાઈન નોંધણી ફરજિયાત કરવાના વહીવટીતંત્રના નિર્ણયને કારણે વિરોધ સાથે સ્વયંસેવકો અને સ્થાનિક રહેવાસીઓમાં અસંતોષ જોવા મળ્યો હતો. અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ઘાટ પર લાંબી કતારો જોવા મળી છે, જેમાં લોકો હોડી પકડવા માટે રાહ જોઈ રહ્યા છે.

તિલકવાડામાં પરિસ્થિતિ વધુ વણસી હતી, જ્યાં ગ્રામજનો, સંતો અને સ્વયંસેવકોએ ફરજિયાત ઓનલાઈન નોંધણી પ્રણાલી સામે વિરોધ પ્રદર્શન કર્યા હતા. પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા. જોકે તંત્રએ પહેલેથી જ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવા જણાવ્યું હતું. આ મામલે તંત્ર સાથે સીધી વાતચીત થઈ શકી ન હતી. ■

# લગ્નમાં છવાયો માતમઃ ડીજે સોંગના મામલે થયેલી માથાકૂટમાં એક યુવાનની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુસ્સા પર કાબૂ અને ધૈર્ય દિવસે દિવસે ઓછા થતા જાય છે. આવી ઘણી ઘટનાઓ લગભગ રોજ પ્રકાશમાં આવી રહી છે, જેમાં નજીવી બાબતે થયેલી બોલાચાલી ગંભીર ગુનામાં પરિણમે છે. સૌરાષ્ટ્રના લીંબડીમાં પણ આવો જ કિસ્સો બન્યો હતો. અહીં લગ્નપ્રસંગમાં ડીજે પર વાગતા સોંગ્સ મામલે થયેલી બોલાચાલીએ યુવાનનો જીવ લઈ લીધો હતો.

ઘટનાની મળતી વિગતો અનુસાર, અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા જયેશભાઈ પાલજીભાઈ સોલંકી તેમના પરિવાર સાથે લીંબડી ખાતે સંબંધીના ઘરે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. ગત તારીખ ૨૭ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે દાંડિયારાસ અને ડી.જે.નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ફરિયાદીના પુત્ર દીપક સોલંકીએ પોતાનું મનપસંદ ગીત વગાડવા માટે ડી.જે. ઓપરેટરને પોતાનો મોબાઈલ આપ્યો હતો. જોકે, આરોપી અમન પ્રવીણભાઈ ચાવડાને આ બાબત પસંદ ન આવતા તેણે લેપટોપમાંથી ગીત વગાડવાનું કહી તકરાર શરૂ કરી હતી. તે સમયે બંને વચ્ચે ગાળાગાળી અને બોલાચાલી થતા પરિવારજનોએ મામલો શાંત પાડ્યો હતો.

આગલા દિવસનું મનદુઃખ રાખીને બીજે દિવસે એટલે કે ૨૮ માર્ચના રોજ બપોરે જ્યારે દીપક સોલંકી ઘરની બહાર નીકળ્યો હતો, ત્યારે ખોડિયાર મંદિર પાસે રોડ પર આરોપી અમન ચાવડાએ તેને આંતરી લીધો હતો. આરોપીએ ઉશ્કેરાઈ જઈને પોતાની પાસે રહેલી છરી વડે દીપકના ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘાયલ દીપક લોહીલુહાણ હાલતમાં દોડતો તેના પિતા પાસે પહોંચ્યો હતો અને જણાવ્યું હતું કે અમને તેને છરી મારી દીધી છે.

તેને તાત્કાલિક સારવાર અર્થે લીંબડી સરકારી દવાખાને અને ત્યારબાદ સુરેન્દ્રનગરની ટી.બી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટના અંગે મૃતકના પિતા જયેશભાઈ સોલંકીએ લીંબડી પોલીસ સ્ટેશનમાં આરોપી અમન પ્રવીણભાઈ ચાવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૧૦૩(૧) (હત્યા), ૩૫૨ અને જી.પી. એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લગ્ન જેવા માંગલિક પ્રસંગમાં નજીવી બાબતે થયેલી હત્યાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને શોકનું મોજું ફરી વળ્યું છે. ■

# ભાવનગરથી નવી મુંબઈ ફ્લાઈટ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના એરપોર્ટ ખાતેથી તા.૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે સીધી ફ્લાઇટ સેવાનો આરંભ કરાવતાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન કે. રામમોહન નાયડુએ ભાવનગર એરપોર્ટ ખાતે ઉપસ્થિત રહીને આ પ્રથમ ફ્લાઈટને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રવિવારથી ભાવનગર ઉપરાંત અમદાવાદ અને દીવ તેમ જ નવી મુંબઈ વચ્ચેની ફ્લઈટ્સ પણ શરૂ થઈ હોવાનું એરલાઈન્સના સૂત્રોએ જણાવ્યું હતું.

ભાવનગર-નવી મુંબઈ ફ્લાઇટનું વોટર સેલ્યુટ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન કે. રામમોહન નાયડુ તથા કેન્દ્રીય રાજ્ય પ્રધાન શ્રીમતી નીમુબેન બાંભણિયા, રાજ્યના કેબિનેટ કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણી સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઇન્ડિગો એરલાઇન્સ દ્વારા આ રૂટ પર દરરોજ સવાર અને સાંજ એમ બે ફ્લાઇટ સંચાલિત કરવામાં આવશે. જેમાં સવારે ૮:૩૫ કલાકે અને રાત્રે ૮.૫૦ વાગ્યે એમ બે ફ્લાઇટ નવી મુંબઈ માટે ઉડાન ભરશે. આ નવી હવાઈ સુવિધા ઉપલબ્ધ થવાથી ભાવનગરના વિવિધ ઉદ્યોગ, વ્યાપાર અને પ્રવાસન ક્ષેત્રને મોટો ફાયદો થશે તેમ જ નવી મુંબઈ મારફતે અન્ય મહાનગરો સાથેની કનેક્ટિવિટી પણ સરળ બનશે. ■

# એમએસ યુનિવર્સિટીએ કોમર્સ ફેકલ્ટીમાં લોકલ ક્વૉટા ૯૫ ટકા કર્યો, પ્રવેશ પરીક્ષા પણ લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા (એમએસયુ)એ નવા શૈક્ષણિક સત્ર પહેલા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી હવે વડોદરાના વિદ્યાર્થીઓ માટે તેની ૯૫ ટકા બેઠકો અનામત રાખશે, આ પગલાથી પ્રવેશ મેળવવા માગતા હજારો સ્થાનિક ઉમેદવારોને ફાયદો થશે, તેમ યુનિવર્સિટીના સૂત્રોએ જણાવ્યું હતું.

ગયા વર્ષે જ્યારે યુનિવર્સિટીએ સ્થાનિક ક્વૉટા ઘટાડીને ૭૫ ટકા કર્યો હતો, ત્યારે વિદ્યાર્થી સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ નવો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. સ્થાનિક વિદ્યાર્થીઓની ચિંતાઓ અને માગણીઓના જવાબમાં, એમએસયુ સત્તાવાળાઓએ હવે ક્વૉટા વધારીને ૯૫ ટકા કર્યો છે જેના કારણે વડોદરા બહારના ઉમેદવારો માટે માત્ર પાંચ ટકા બેઠકો ખુલ્લી રહી છે.

આ સાથે યુનિવર્સિટીએ એક બીજો મહત્ત્વનો નિર્ણય લીધો હતો. હવેથી બેચરલ ઑફ કોમર્સના પહેલા વર્ષમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. આ અગાઉની મેરિટ-આધારિત સિસ્ટમથી અલગ છે, જેના કારણે અરજદારોએ પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષા પાસ કરવી ફરજિયાત બની ગઈ છે.

આ વર્ષે પ્રવેશ પ્રક્રિયા કુલ ૬,૭૩૦ બેઠક માટે હાથ ધરવામાં આવશે. યુનિવર્સિટીના અધિકારીઓ માને છે કે સુધારેલી ક્વૉટા સિસ્ટમ સાથે પ્રવેશ પરીક્ષાનો નિર્ણય શૈક્ષણિક ધોરણોને સુધારવામાં મદદ કરશે અને લાયક ઉમેદવારોને પ્રવેશ મળશે. ■

# સુરત મેટ્રો રેલઃ ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચે ટ્રેનનું ટ્રાયલ રન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટેક્સટાઈલ્સ અને ડાયમન્ડ સિટી તરીકે ઓળખાતા સુરતમાં મેટ્રો રેલની સેવા પણ થોડા સમયમાં મળવાની શરૂ થશે, તેમ જણાઈ રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા જણાવ્યાનુસાર ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિમી લાંબા વાયડક્ટનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ નિર્ધારિત રૂટ પર મેટ્રો ટ્રેનનું ટ્રાયલ રન રવિવારથી શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન આશરે ૫૦૦ કલાક જેટલું અંતર ટ્રેન કાપશે. ટ્રાયલ રૂટ પર રેલવે ટ્રેક બિછાવવાની કામગીરી તેમજ ટ્રેક્શન પાવર માટેની ‘થર્ડ રેલ’નું કામ પણ સંપન્ન થયું છે. આ રૂટ પર આવતા કુલ સાત સ્ટેશન બિલ્ડિંગનું સ્ટ્રક્ચર કામ પૂર્ણ થઈ ગયું છે. હાલમાં એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ અને ફિનિશિંગની કામગીરી ઝડપભેર ચાલી રહી હોવાનું પણ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેટ્રોની સુરક્ષા અને કાર્યક્ષમતાની ખાતરી કરવા માટે આરડીએસઓ અને સીએમઆરએસ દ્વારા ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે. આ વૈજ્ઞાનિક સર્વેક્ષણ અને ટેકનિકલ તપાસ બાદ મેટ્રો સેવાઓ સામાન્ય જનતા માટે ખુલ્લી મૂકવામાં આવશે. ■

# માનવતાનું મોતઃ વાપીમાં રસ્તા પર ૨૦ મિનિટ મૃતદેહ પડ્યો રહ્યો, વાહનો પસાર થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઔદ્યોગિક શહેર તરીકે જાણીતા વાપીના બલીઠા વિસ્તારમાં નેશનલ હાઈવે ૪૮ પર બનેલા એક અકસ્માત અને તે પછીના વાયરલ થયેલા દૃશ્યોએ રોડ સેફ્ટી સાથે માનવીય સંવેદના સામે પ્રશ્નાર્થ ઊભો કરી દીધો હતો. અહીં હીટ ઍન્ડ રનની ઘટનામાં એક અજાણ્યા શખસને કોઈ વાહન ટક્કર મારી ચાલ્યું ગયું હતું. મૃતક પહેલા ડીવાઈડર પર લટકી રહ્યો અને ત્યારબાદ તેનો મૃતદેહ વીસેક મિનિટ સુધી રસ્તા પર પડી રહ્યો, અમુક વાહનો તેના પરથી પસાર થઈ ગયા હતા. એક વાહનચાલકે પોતાની કાર ઊભી રાખી પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી. જોકે આ શખસને માથાના ભાગે ઈજા થતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર શનિવારે મોડી રાત્રે બલીઠા હાઈવે પર એક રાહદારીને રસ્તો ક્રોસ કરતી વેળાએ અજાણ્યા વાહને ટક્કર મારી હતી, જેને કારણે તે સેફ્ટી વોલ સાથે અથડાયો હતો. આ વ્યક્તિ સેફ્ટી વોલ પર લટકાયેલો રહ્યો અને પછી રસ્તા પર પટાકાયો, પરંતુ અન્ય કોઈ વાહનચાલકે તેની માટે પોતાનું વાન થોભાવી એમ્બ્યુલન્સ કે પોલીસ બોલાવવાની તસ્દી લીધી ન હતી. અમુક વાહનો તેના પરથી કે તેની એકદમ નજીકથી પસાર થઈ ગયા હોવાનું સીસીટીવી કેમેરામાં જણાઈ રહ્યું છે. ત્યારબાદ એક વાહનચાલકે સંવેદનશીલતા બતાવી પોતાની કાર રોકી હતી અને એમ્બ્યુલન્સ તેમ જ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે આવ્યો હતો અને એકદમ કચડાયેલી હાલતમાં પડેલા મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટ્મ માટે ખસેડવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ સાથે સીસીટીવી ફૂટેજની મદદથી તેને ટક્કર મારનાર વાહનની તપાસ શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નેશનલ હાઈવે ૪૮ પર વડોદરા નજીક પણ અન્ય એક હીટ ઍન્ડ રનની ઘટના બની હતી, જેમાં લગ્નપ્રસંગ પતાવી પતિ સાથે બાઈકમાં આવી રહેલી ૪૩ વર્ષીય મહિલાનું મોત નિપજ્યું હતું. ■

# યુદ્ધની અસર વચ્ચે હર્ષ સંઘવીએ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની અસર દેશભરના ઉદ્યોગો પર પડી રહી છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગો કાચામાલ અને સપ્લાઈ ચેન ખોરવાઈ જતા પરેશાન છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ સાથે બેઠક બોલાવી હતી.

સુરત તેમ જ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતના દક્ષિણ ગુજરાતના વિવિધ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગૅસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઇ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગૅસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક બાદ મીડિયા પ્રતિનિધિઓ સાથે વાત કરતા કરતા નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઇન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઇન્ડસ્ટ્રીઝ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગૅસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશ્યલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજ્યા વિના ફોરવર્ડ કરનાર વિરુદ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઇન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઇન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# અમદાવાદમાં સતાધાર ચાર રસ્તા પર નવનિર્મિત ફ્લાયઓવર મુખ્ય પ્રધાનના હસ્તે ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સતાધાર ચાર રસ્તા ક્રોસિંગ પર નવનિર્મિત ફ્લાયઓવર બ્રિજનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સતાધાર જંક્શન પર નવનિર્મિત ફોરલેન ફ્લાયઓવર બ્રિજ ૯૩૬ મીટર લાંબો અને ૪-લેન બ્રિજ અંદાજે ૮૯.૮૧ કરોડના ખર્ચે તૈયાર થયો છે. આ બ્રિજથી નારણપુરા, ઘાટલોડિયા, સોલા, થલતેજ અને સાયન્સ સિટી આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે. આ બ્રિજના લોકાર્પણથી હજારો વાહનચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સતાધાર જંક્શન પર ટ્રાફિકનું ભારણ વધતા અહીં ફ્લાયઓવર બનાવવાનું સૂચન ખુદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે ‘સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના’ અંતર્ગત વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ બ્રિજના નિર્માણથી ઈંધણ અને સમય બંનેની બચત થશે. લોકાર્પણ બાદ તુરંત જ બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. ■

# અમરેલીમાં ભૂકંપનો આંચકો, માવઠાની પણ અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમરેલીમાં એક તરફ ભૂકંપનો આંચકો નોંધાયો હતો જ્યારે બીજી બાજુ વાતાવરણમાં પલટો આવતા માવઠું પણ થયું હતું.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર અમરેલીમાં રવિવારે બપોરે ૪:૧૦ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ આંચકો ગીર વિસ્તારના નાની ધારી, નાના વિસાવદર અને ઇંગોરાળા અને અનિડા સહિતના ગામોમાં અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ શહેરથી ૪૬ કિલોમીટર દૂર હોવાનું ગાંધીનગરસ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ દ્વારા જાણવા મળ્યું હતું. જોકે આ ભૂકંપથી કોઈ જાનહાનિ કે માલહાનિ થઈ ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તો બીજી બાજુ અમરેલી જિલ્લામાં અમરેલી જિલ્લાના વાતાવરણમાં આવ્યો પલટો આવ્યો હતો. મોડી સાંજથી અહીં ઠંડો પવન ફૂંકાયો હતો અને હળવો વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલાના જાબાળ, બાઢડા, મોટા ઝીંઝુડા, ધજડી, સાકરપરા, અભરામપરા ગામમાં વરસાદી છાંટા પડ્યા હતા અને રસ્તાઓ ભીના થયા હતા. આ પંથકમાં કેરીના આંબા પણ આવેલા હોવાથી પાકને નુકસાન થયાની શક્યતા બાગાયતી ખેડૂતોએ વ્યક્ત કરી હતી.

ગુજરાતમાં આજે પણ અમુક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની અને હળવા ઝાંપટાની આગાહી કરવામાં આવી છે. ■

# ખેડા-અમદાવાદ હાઈ વે પર અકસ્માતમાં એક પરિવારના ત્રણ સભ્યનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાઈ વે પર અકસ્માતની ઘણી ઘટના બની હતી, જેમાં ખેડા-અમદાવાદ હાઈ વે પરના અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ જણ કાળનો કોળિયો બની ગયા હતા.

ખેડા-અમદાવાદ હાઈવે પર રવિવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અહીં વડાલા પાસે બાઈક અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં એક જ પરિવારના ત્રણનાં મોત નિપજ્યાં હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટેમ્પો અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં પિતા અને તેમના બે માસૂમ પુત્રએ જીવ ગુમાવ્યા હતા. મળતી વિગતો અનુસાર અમદાવાદના વાસણા વિસ્તારના રહેવાસી નવલભાઈ મણીભાઈ શાહ અને તેમના બે પુત્ર જયકુમાર તથા જીનેશકુમાર લીંબાસી જવા નીકળ્યા હતા. વડાલા નજીક સામેથી આવતા આઈશર ટ્રકે બાઈકને હડફેટે લીધી હતી અને પિતા તેમ જ તેમના બે પુત્રનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માતની જાણ થતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા તેમ જ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. એક જ પરિવારના ત્રણ સભ્યના આ રીતે મોત થતા પરિવાર સહિત સંબંધીઓ શોકમાં સરી પડ્યા હતા. ■

# ગાંધીનગરનું શૈક્ષણિક સંકુલ ૫૦૦થી વધુ લોકોનું ભોજન બાયોગેસ પર તૈયાર કરી આત્મનિર્ભર બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન સામે ઈઝરાયેલ અને અમેરિકાના યુધ્ધના કારણે પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગેસના પુરવઠા બાબતે પ્રવર્તી રહેલી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પાટનગર ગાંધીનગર સ્થિત એક શૈક્ષણિક સંસ્થાએ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારની ’સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના’ હેઠળ ગાંધીનગરના એક સંકુલે દરરોજ ૫૦૦થી વધુ લોકોનું ભોજન બાયોગેસ પ્લાન્ટ પર તૈયાર કરી એલપીજી સિલિન્ડર પરની નિર્ભરતા સંપૂર્ણપણે દૂર કરી છે. ગાંધીનગર સ્થિત શ્રીમતી માણેકબા વિનય વિહાર શૈક્ષણિક સંકુલ ખાતે દરરોજ અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓ માટે બે સમયનું ભોજન તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત, કેમ્પસમાં વસવાટ કરતા ૧૫ પરિવારો પણ રસોઈ માટે આ બાયોગેસ પ્લાન્ટનો જ ઉપયોગ કરે છે. સરકારી યાદી મુજબ, સંકુલમાં ૪૫ ક્યુબિક મીટરની ક્ષમતા ધરાવતા બે પ્લાન્ટ કાર્યરત છે, જેની દૈનિક કુલ ઉત્પાદન ક્ષમતા ૯૦ ક્યુબિક મીટર છે. આ અંગે સંસ્થાના વ્યવસ્થાપક રાહુલ પટેલે જણાવ્યું હતું કે, બાયોગેસ પ્લાન્ટને કારણે સંસ્થાને દર મહિને જરૂરી ૩૦ એલપીજી સિલિન્ડરના ખર્ચમાંથી મુક્તિ મળી છે. સંકુલની ગૌશાળામાં ૨૨૦ ગાયો હોવાથી પ્લાન્ટ માટે જરૂરી છાણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. આ પ્રક્રિયા બાદ વધતી સ્લરીનો ખાતર તરીકે ઉપયોગ કરી કેમ્પસમાં સંપૂર્ણપણે જૈવિક ખેતી કરવામાં આવે છે. ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી જીઇડીએ દ્વારા શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને ૨૫ થી ૮૫ ક્યુબિક મીટરની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ સ્થાપવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરમાં ૧૯૩ જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે, જેની સંયુક્ત ક્ષમતા દૈનિક ૧૩,૯૫૫ ક્યુબિક મીટર છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્ય સરકારે આ યોજના હેઠળ રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરી છે, જેના દ્વારા વધુ ૬૦ પ્લાન્ટ સ્થાપવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ■

# વલસાડના ઉમરસાડીના દરિયાકિનારે આઇકોનિક અટલ બ્રિજની પ્રતિકૃતિ સમાન વોક વેનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના પારડીના ઉમરસાડીના દરિયાકિનારે અમદાવાદના સાબરમતી નદી પર બનાવેલ આઇકોનિક અટલ બ્રિજની પ્રતિકૃતિ સમાન વોક વે શરૂ થયો છે. રાજ્યના નાણાં અને શહેરી વિકાસ પ્રધાન કનુભાઈ દેસાઈ અને વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલના હસ્તે પારડીના ઉમરસાડીમાં દરિયાકિનારા સુધી જવા માટેના આ આઇકોનિક વોક વેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૧૧ કરોડના ખર્ચે બનાવેલો આ વોક વે દરિયાકિનારે આવતા પર્યટકો માટે સુવિધાજનક બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરસાડીના દરિયાકિનારા સુધી જવા માટે રાહદારીઓને મુશ્કેલી હતી. વચ્ચે ખાડી પસાર થતી હોવાથી દરિયાકિનારા સુધી પહોંચી શકાતું ન હતું. બ્રિજના લોકાર્પણ પ્રસંગે કનુભાઈ દેસાઈ અને સાંસદે પણ આ વોક વેની સુંદરતાની પ્રસંશા કરી હતી અને આગામી સમયમાં ઉમરસાડી પણ જાણીતું પર્યટન સ્થળ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી. અત્યાર સુધી વલસાડ આવતા પર્યટકો તિથલ, નારગોલ, ઉમરગામના દરિયાકિનારાની જ મુલાકાત લેતા હતા. જો કે હવે આ નવો વોક વે બનતા સહેલાણીઓની ઉમરસાડીના આ દરિયાકિનારાની પણ મજા માણી શકશે. ■

# બનાસકાંઠાના દિયોદરમાં પકડાયેલો રાસાયણિક ખાતરનો જથ્થો સરકારી હોવાનો ખુલાસો થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના દિયોદર હાઈવે પરથી નીમકોટેડ યુરીયાના ૭૭૭ કટ્ટા ૧૧ માર્ચના રોજ દિયોદર હાઈવે વિસ્તાર પરથી પકડાયો હતો. નીમકોટેડ યુરીયાનો આ જથ્થો રાંટીલા ગામ પાસેથી એક ગોડાઉનમાંથી હૈદરાબાદ લઈ જવાતો હતો. આ ઝીણા દાણાવાળું યુરીયા ખાતર હોઈ શંકાસ્પદ જણાતાં પોલીસ દ્વારા જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી તેમજ બેગોના સેમ્પલ લઈ તપાસ અર્થે ખાતર ચકાસણી માટે ગાંધીનગર લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. જે ખાતર સરકારનું નીમકોટેડ સબસીડી વાળુ યુરીયા ખાતર હોવાનું પ્રયોગશાળા દ્વારા જાહેર થતાં એસ.ઓ.જી. પીએસઆઈ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ ઘટના અંગે મળતી વિગત મુજબ, ગાડીમાં ભરેલા યુરીયા ખાતરનો જથ્થો નીમ કોટેડ સબસીડી વાળો હોવાનું જાણતા હોવા છતાં ઈ-વે બીલ તથા યુરીયા ખાતરનું બીલ લીધા સિવાય પોતાની ટ્રક ગાડીમાં નીમ કોટેડ યુરીયા ખાતરના લખાણ વગરના કટ્ટા નંગ-૭૭૭ ભરી હૈદરાબાદ મુકામે કોઈ ઈસમને આપવા જઈ રહેલો હતો અને આ નીમ કોટેડ યુરીયા ખાતર સરકારના માર્કા વાળી બેગોમાંથી બીજી લખાણ વગરની બેગોમાં ફેરબદલ કરી સરકાર સાથે ઠગાઇ કરેલી હોઈ અને નીમ કોટેડ યુરીયા ખાતર સબસીડીવાળું હોવાનું જાણતા હોવા છતાં હાની પહોંચાડવાના ઈરાદે નીમ કોટેડ યુરીયાનો સંપતિ ચિન્હવાળી બેગો બદલી બીજી લોગો વગરની બેગોમાં યુરીયા ખાતરનો જથ્થો ભરી ટ્રેડ યુરીયાનું ખોટું ઇ-વે બીલ તથા ખોટું ટ્રેડ બીલ બનાવી ખોટા બીલનો ખરાઈ તરીકે ઉપયોગ કરેલો હોઈ પોલીસે ગાડી ચાલક અબ્દુલખાન દિલાવરખાન (જેસલગર), યુરિયા ખાતર ભરાવનાર, યુરિયા ખાતરના ખોટા બિલ આપનાર તેમજ યુરિયા ખાતરનો જથ્થો મંગાવનાર મળી કુલ ૪ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એક તરફ રાજ્યમાં ખેડૂતો ખાતરના અભાવના કારણે કાગારોળ મચાવી રહ્યા છે ત્યારે બે નંબરમાં ખાતર વેચતા લોકો પકડાયા છતાં પોલીસની પહોંચ બહાર હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આટલી વિગતો હોવા છતાં કેમ પોલીસને ચાલક સિવાય કોઈ આરોપીનાં નામ નથી મળ્યાં કે આરોપીઓ નથી ઝડપાયા તે અંગે સવાલો થઈ રહ્યા છે. ■

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ


Supported by:
adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

## માર્ગદર્શન



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦

**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી

**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ**

રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦



SKYLINE
INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
આસ્થા
આસ્થા ભજન
વસુધૈવ કુટુંબકમ્ Sandipani
ધર્મ સંદેશ

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**દરરોજના કાર્યક્રમ**



**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા
સંજીવની ભેલાંડે
પલ્લવી કેળકર
અજિત પરબ
દીપ્તિ ભાગવત
હેમંત બર્વે
અને નચિકેત દેસાઈ



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

**શ્રીમદ્ ભાગવત કથા- ઉત્સવ સેવા યાદી**

**વામન અવતાર ઝાંખીઃ**
શ્રીમતી ભદ્રાબેન વિનોદરાય ચિતલિયા
વિરલ ચિતલિયા – મિલન ચિતલિયા

**નરસિંહ અવતાર ઝાંખીઃ**
સ્વ. રિતેશ નલિનભાઈ રુઘાણી
શ્રીમતી રાધિકા રિતેશ રુઘાણી

**કૃષ્ણ જન્મ ઝાંખીઃ**
શ્રીમતી કોકિલા નવીનચંદ્ર દલાલ
હસ્તે જાગૃતિ સમીક નવીનચંદ્ર દલાલ

**રુક્મિણી વિવાહ ઝાંખીઃ**
શીતલ બિરેન સંઘવી

**૮૪ બેઠકજી દર્શન ઝાંખીઃ**
માતૃશ્રી કલાવતી ઘરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી

ઉત્સવ અને ઝાંખીની વધુ વિગતો માટે સંપર્કઃ નીતાબહેન પારેખ
9833106379

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંહ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા ★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી જગદીશ ઓઝા ★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી શોભિત દેસાઈ ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
માતૃભાષા વંદના
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ધર્મતેજ

# હનુમાનજીને સમજવા હોય તો એમના જીવનની હકારાત્મકતાને સમજો



## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

હનુમાન શું છે ? આપણાં શાસ્ત્રોમાં અર્થોની પરંપરા અક્ષરાર્થથી શરૂ છે; પછી શબ્દાર્થ થાય છે; પછી વાક્યાર્થ થાય છે; પછી પ્રકરણાર્થ થાય છે. આખા પ્રકરણનો સાર બતાવવામાં આવે છે; પછી ગ્રંથાર્થ થાય છે. આખા ગ્રંથનો નાના એવા સૂત્રમાં સાર આપે છે એ ગ્રંથાર્થ અને વચ્ચે વચ્ચે તત્ત્વાર્થ, ભાવાર્થ, અન્યાર્થ, અન્યન્યાર્થ, કેટલા બધા સંદર્ભો આવે છે ! કોઈ પણ વસ્તુને જ્યારે આપણે પકડી ન શકીએ, આપણને લાગે કે એ આપણી ઓકત બહાર છે, ત્યારે હનુમાનને સમજવા. તો શબ્દાર્થ કરી લો, ભાવાર્થ કરી લો, તત્ત્વાર્થ કરી લો અને અક્ષરાર્થ કરી લો. હનુમાનના પહેલાં અક્ષર 'હ' નો અર્થ થાય છે હકારાત્મક વિચાર. આપણા જીવનમાં પોઝિટિવ વિચાર આવે. અને પછી હનુમાનનું ચરિત્ર જુઓ. એ માણસ એના સમગ્ર જીવનમાં હકારાત્મક છે. હનુમાનને સમજવા હોય તો 'હ'ને સમજો. તુલસી કહે છે,

**आम्या भंग कबहु न किन्ही।**

રામે જે કહ્યું એની હા. યુવાન ભાઈ-બહેનો, જેમના પ્રત્યે મારી મમતા છે એવા પ્યારા શ્રોતાઓ, કથા સાંભળ્યા પછી હકારાત્મક વિચાર નિર્મિત કરો, હનુમાન મુઠ્ઠીમાં આવવા લાગશે.

બીજો અક્ષર 'નુ', આપણી બુદ્ધિમાં પ્રશ્ન ઊઠશે કે દરેક બાબતમાં હા કહેવી? બુદ્ધિ તર્ક કરશે. તો, હનુમાનજીનો બીજો અક્ષર 'નુ' આપણને શીખવે છે કે, જે વસ્તુ નુકસાનકર્તા હોય એમાં હા ન કહેવી. બાળક કહેશે, મારે આ ખાવું છે અને ડોક્ટરે એ ખાવાની મનાઈ કરી હોય. તો હા ન કહેવી. નુકસાન કરનારી ચીજમાં હા ન કહેવી, પરંતુ એમાં હાનિ થશે એવું પહેલાં પાકું કરવું. તો, ના કહો. બાકી હા, હા, હા. આપણે સંસારી જીવ છીએ, નુકસાનકર્તા ચીજમાં મા-બાપ, મિત્ર,ગુરુજન, વડીલ, હા ન કહે. શંકરે શું કહ્યું સતીને ? માતા-પિતાના ઘેર જવામાં આમંત્રણની જરૂર નથી, આપ જવા માગો છો તો હું હા કહીશ, પરંતુ એ નુકસાનકર્તા છે અને શંકર કોણ છે ? હનુમાન. હકારાત્મક દૃષ્ટિ નુકસાન કરે તો એમાં પણ હા ન કહેવી.

ત્રીજો અક્ષર 'મા'. 'મા'નો અર્થ છે કે, સૌને માન આપો. હનુમાનજી નાનામાં નાના વાનરને ઈજ્જત દેતા હતા. ક્યાં હનુમાન અને ક્યાં નાનો વાનર! સૌને માન આપો. લોકોને માન આપવાથી આપણું બગડે છે શું ? સૌને આદર આપો. સૌ પ્રત્યે ભાવ રાખો. સૌ પરમાત્માનાં મંદિર છે. સૌમાં હરિ બેઠા છે. કોઈને ધક્કો દેતા પહેલાં વિચારો. તો, 'મા'નો અર્થ છે માનદ.

અને હનુમાનનો 'ન'. 'ન' એટલે નમ્રતા. હકારાત્મક વિચાર; નુકસાનકારક હોય એમાં હા ન કહેવી; સૌને માન આપવું અને એનો ક્યાંય અહંકાર ન આવી જાય એટલે છેલ્લો અક્ષરાર્થ છે નમ્રતા. શ્રી હનુમાનજી મહારાજનું નામ લેવાથી ભૂત-પ્રેત નિકટ નથી આવતા; અને ભૂત એટલે ભૂતકાળ તથા પ્રેત એટલે ભવિષ્ય. શોક અને ચિંતાની વચ્ચે શ્રી હનુમાનજીને કારણે આપણે વર્તમાનમાં જીવી શકીએ છીએ. હનુમાનજી આગળ પણ છે, પાછળ પણ છે; ઉપર પણ છે,નીચે પણ છે; ડાબે પણ છે,જમણે પણ છે. 'રામચરિતમાનસ'માં તુલસીએ લખ્યું છે, હનુમાનજી પાછળ છે.

**पाछे पवन तनय सिरु नावा।**
**जानि काज प्रभु निकट बोलावा ।।**

પાછળ રહે છે એટલે કે આપણને પુશ કરે છે. પાછળ રહીને જીવન સાધનામાં આગળ વધવામાં આપણને ધક્કો મારે છે. પરંતુ એ જ કથામાં, જ્યારે બંદર-ભાલુ તરસ્યાં થાય છે, સીતાની શોધની સુગ્રીવે જે સમયમર્યાદા આપી હતી એ લગભગ પૂરી થવામાં છે અને જાનકીજીની કોઈ ખબર નથી મળતી ત્યારે બધાં દુ:ખી થઈ ગયાં અને હનુમાનજીએ વિચાર્યું કે હવે જલપાન વિના કદાચ આ બધાં મરી જશે, ત્યારે હનુમાનજી ઉપર ચડીને પૃથ્વીમાં, ગુફામાં,પર્વતમાં જુએ છે અને પછી બધાંને લીડ કરે છે. હનુમંતતત્ત્વ પાછળ પણ રહે છે, આગળ પણ રહે છે. હનુમંતતત્ત્વ વચ્ચે પણ છે. 'રામાયણ'ના પ્રસંગો તમે ઉઠાવો. હનુમાનજી દરેક જગ્યાએ વચ્ચે છે. સુગ્રીવ અને રામનું મિલન કરવવામાં હનુમાનજી વચ્ચે છે. ત્યાં મધ્યસ્થીનું કામ શ્રી હનુમાનજીએ કર્યું. આમ સીતાજીની શોધમાં જયારે જામવંત, અંગદ આદિ જાય છે ત્યારે '**पाछे पवन तनय सिरु नावा।**' હનુમાન સૌની પાછળ રહ્યા. આપણે આ ચાર સૂત્ર સમજવાની જીવનમાં કોશિશ કરીએ, પ્રમાણિક પ્રયાસ કરીએ તો હનુમંતતત્ત્વ સમજમાં આવી શકે છે.

હનુમાનજીની આરાધના કરવામાં કોઈ વિધિવિધાનની જરૂર નથી. સપ્તાહમાં એક વાર હનુમાનને તેલ ચડાવવામાં આવે છે. તેલનો અર્થ છે સ્નેહ. હનુમાનજીને તેલ ચડાવવાનો મતલબ આપણો સ્નેહ ચડાવવો. તુલસી 'વિનયપત્રિકા'માં કહે છે,

**'बंदर राम लखन वैदेही, ये तुलसी के परम सनेही ।'**

સ્નેહ ચડાવ્યો. બીજું, સૂત્ર કે ધાગા ચડાવીએ છીએ. સૂતરનો અર્થ છે યોગસૂત્ર, ભક્તિસૂત્ર, સાંખ્યસૂત્ર, ન્યાયસૂત્ર, એમાંથી કોઈ એકાદ સૂત્ર હનુમાનજીના ચરણોમાં રાખવું. ગુરુએ આપેલું કોઈ સૂત્ર રાખી દો. બહુ સસ્તી પૂજા છે હનુમાનજીની. તો, મહાવીરનો અર્થ છે, જે બધાં લોકોની આરાધનાનું કેન્દ્ર હોય, એ હનુમાન છે. જેમની સાધના કરવાથી સિદ્ધિ મળે, શુદ્ધિ મળે. જરૂરી છે શુદ્ધિ. જેવી રીતે અષ્ટસિદ્ધિ છે, એનું મારી વ્યાસપીઠે અષ્ટશુદ્ધિમાં પરિવર્તન કર્યું છે.

હનુમાન જેવું પવિત્ર કોણ છે? કોણ મહાવીર? કોણ હનુમાન? જે આપણી બધી કામનાઓ પૂર્ણ કરે. આ સૂત્ર અનુસાર સદ્‌ગુરુ બે કામ કરે છે. કાં તો એ આશ્રિતની બધી કામનાઓ પૂરી કરી દે છે, કાં બધી કામનાઓ નષ્ટ કરી દે છે. આપણી કામનાઓ પૂરી થાય કે આપણી કામનાઓ નષ્ટ પામે એની પસંદગી આપણે કરવાની છે. 'વિનય પત્રિકા'માં ગોસ્વામીજી કહે છે-

**बलिपूजा चाहत नहिं, चाहत एक प्रीति।**
**सुमिरन ही मानै भलो, पवन सब रीति।।**

સૌની આરાધનાનું કેન્દ્ર બને એ હનુમાન. એ એવા દેવ છે, જે બલિદાન નથી માગતા. આટલાં વર્ષો પહેલાં તુલસીનું એ ક્રાંતિકારી સૂત્ર છે કે, બલિપૂજા બંધ થવી જોઈએ. સત્સંગથી સંજોગ બદલી જાય છે. લાખ મહેનત કરતાં કરતાં જે ઈચ્છો તે નથી મળતું. પરંતુ સત્સંગથી દિવસ બદલી જાય છે, ગહન કાળી રાતમાં સૂરજ નીકળે છે.

મારા હનુમાન બલિપૂજા માગતા નથી. હનુમાન બે પ્રકારના બલિ માગે છે, અહંકારનો અને મમતાનો. પશુને શું કામ કાપીએ ? મારા પ્રિય પદોમાંનું એક પદ છે,

**હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,**
**જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે.**

હરિ ભજે એની લાજ નથી જતી, પરંતુ શરત એટલી કે સૂરતા લાગી હોવી જોઈએ. તો, હનુમંતતત્ત્વ એ છે, જે બલિપૂજા નથી ઇચ્છતું. તો શું ઈચ્છે છે ? '**चाहत एक प्रीति**' તારો થોડોક પ્યાર, તારી પ્રેમભરી નજર. તુલસીએ આપણા જેવા લોકો માટે સાધના સરળ કરી દીધી છે, જેની પ્રત્યેક પદ્ધતિ પવિત્ર છે. બધી ચેષ્ટાઓ શુભ છે. **- સંકલન : જયદેવ માંકડ** ■

## મનન

# જહાં જન્મ હરિભક્ત કહાઇ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



જ્યારે જ્યારે હનુમાનજીનો જન્મ થાય ત્યારે દરેક જન્મમાં તેઓ હરિભક્ત - રામભક્ત તરીકે જ ઓળખાય. આ સમજી શકાય તેવી વાત છે. હનુમાનજીનું સમગ્ર જીવન શ્રીરામના કાર્ય માટે છે. તેમની સમગ્ર ભક્તિ શ્રીરામને સમર્પિત છે. તેમના પ્રત્યેક શ્વાસમોં શ્રીરામનો મંત્ર સંભળાય છે. તેમના પ્રત્યેક ચિંતન સાથે શ્રીરામની છબી જોડાયેલી હોય છે. શ્રીરામ થકી તેમના જીવનને અર્થ મળ્યો છે. તેઓ દરેક સ્થાને શ્રીરામના દર્શન કરી શકે છે. તેમની માટે દરેક શાસ્ત્ર તથા તેમાં કહેવાયેલી વાતો શ્રીરામ તરફ દોરી જનારી છે. એમના રોમે રોમમાં શ્રીરામ સમાયેલા છે. શ્રીરામ પ્રત્યેની તેમની ગતિ છે અને શ્રીરામ આધારિત તેમની મતિ છે. શ્રીરામ વગર જેમનું અસ્તિત્વ જ અસંભવ હોય તેવા હનુમાનજી દરેક જન્મમાં હરિભક્ત તરીકે સ્થાપિત થાય તે સ્વાભાવિક છે.

પરંતુ પ્રશ્ન એ છે કે હનુમાનજી તો ચિરંજીવી છે. જે વ્યક્તિ મૃત્યુ પામે તેનો ફરીથી જન્મ થાય. હનુમાનજીનો ફરીથી જન્મ તો શક્ય જ નથી. હનુમાનજી પ્રલય સુધી અસ્તિત્વ ધારણ કરી રાખશે. જ્યાં તેમનું અસ્તિત્વ શાશ્વત હોય ત્યાં તેમનો આગળનો જન્મ કેવી રીતે શક્ય બને.

રામાયણમાં એક પ્રસંગ આવે છે. શ્રીરામ જ્યારે પોતાના ધામ પરત જવા તૈયારી શરૂ કરે છે ત્યારે હનુમાનજીનો પ્રશ્ન ઊભો થાય છે. હનુમાનજીનો એ આગ્રહ રહે છે કે આવી રીતે મને મૂકીને શ્રીરામ જઈ જ ન શકે. તે સમયે પૃથ્વીની અંદર એક તિરાડ ઊભી કરીને શ્રીરામ પોતાની વીંટી તેમાં સરકાવી દે છે. પછી હનુમાનજીને તે વીંટી પરત લાવવા માટે કહે છે. હનુમાનજી સુક્ષ્મ રૂપ ધારણ કરી તે તિરાડની અંદર પ્રવેશી, વીંટી લેવા માટે પૃથ્વીમાં ઊંડે ઊંડે ઉતરતા જાય છે. તે પાતાળ લોક સુધી પહોંચી જાય છે. ત્યાં નાગરાજ તેમને જણાવે છે કે તમારા દરેક અવતાર વખતે શ્રીરામ આજ રીતે તમને અહીં મોકલે છે. નાગરાજ તેમને શ્રીરામની એવી જ વીંટીનો પહાડ બતાવે છે અને જણાવે છે કે દરેક ત્રેતાયુગમાં શ્રીરામ આ જ રીતે તમને સૃષ્ટિનું એક મહાન સત્ય સમજાવે છે. હનુમાનજી સમજી જાય છે કે શ્રીરામ દરેક ત્રેતાયુગમાં અવતાર ધારણ કરે છે અને તે વખતે તેમની સેવામાં પોતે પણ દરેક ત્રેતાયુગમાં ઉપસ્થિત રહે છે. સૃષ્ટિ કંઈ એક ત્રેતાયુગથી નિર્ધારિત નથી થઈ. શ્રીરામ કંઈ એકવાર અવતરીત નથી થતા. એવી જ રીતે હનુમાનજી કઈ એકવાર જન્મ નથી લેતા. હનુમાનજીના પણ અનેક જન્મો છે અને શ્રીરામે પણ અનેક વખત અવતરણ કરેલું છે. અને તેથી જેટલી વાર હનુમાનજી જન્મ ધારણ કરી તેટલી વાર તેઓ શ્રીરામના ભક્ત તરીકે સ્થાપિત થાય. શરીરમાં પ્રત્યેક ક્ષણે અનેક કોષ નાશ પામે છે અને અનેક નવા ઉત્પન્ન થાય છે. નવો ઉત્પન્ન થનારો પ્રત્યેક કોષ જે તે વ્યક્તિના અસ્તિત્વનો ભાગ બની રહે છે. શબરીના શરીરમાં જે કોષ નવા બને તે શબરી બની જાય અને જટાયુના શરીરમાં જે કોષ નવા બને તે જટાયુ બની જાય. આમ પ્રત્યેક ક્ષણે થોડીક શબરી જન્મ લે. આ પ્રત્યેક ઉમેરાયેલી શબરી, શબરીના તે ભાગનો, તે અંશનો, તે અસ્તિત્વનો નવો જન્મ છે. થોડા થોડા ભાગ સ્વરૂપે શબરી પ્રત્યેક ક્ષણે જન્મે છે અને પ્રત્યેક ક્ષણે મૃત્યુ પામે છે. આમ હનુમાનજી માટે પણ કહી શકાય. પ્રત્યેક ક્ષણે થોડા હનુમાનજી જન્મે છે અને જન્મેલો આ દરેક અંશ શ્રીરામ સમર્પિત હોય છે. તેવી જ રીતે પ્રત્યેક શ્વાસ પણ એક નવા જન્મ સમાન છે.

અસ્તિત્વ ત્રણ સ્તરનું હોય છે. સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ. જેમ સ્થૂળ અસ્તિત્વ જન્મને પામે છે તેમ સૂક્ષ્મ અસ્તિત્વ પણ જન્મને પામે છે. જેમ શરીર નવા નવા સ્વરૂપો ધારણ કરે તેમ મન, બુદ્ધિ, ચિત, અને અહંકાર - અંતઃકરણની વિવિધ અવસ્થાઓ પણ નવા નવા સ્વરૂપો ધારણ કરે છે. મન પ્રત્યેક ક્ષણે નવો જન્મ ધારણ કરી શકે. મન આમ પણ ચંચળ હોવાથી દરેક સમયે તેનું સ્વરૂપ અને તેને સંલગ્ન પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હોઈ શકે. બુદ્ધિનો પણ વિકાસ થાય અને તે નવા જન્મ સમાન હોય. ચિત્તમાં સંગ્રહાયેલા સંસ્કાર પણ નવીનતા ધારણ કરતા રહે છે. અહંકાર પણ ભિન્ન ભિન્ન બાબતો સાથે સંકળાઈને વિવિધ પ્રકારની ઘટનાઓને આકાર આપતો રહે છે. આ બધી જ બાબતો અસ્તિત્વના નવા જન્મ સમાન ગણી શકાય. આવું કોઈપણ વ્યક્તિ માટે - અને તેથી હનુમાનજી માટે પણ શક્ય છે. ફેર એટલો કે હનુમાનજીના સૂક્ષ્મ અસ્તિત્વમાં ક્યારેય અશુદ્ધિ, વિકાર, અધર્મ, અસત્ય, દ્વેષ, રાગ, જેવી બાબતો પ્રવેશી પણ ન શકે. હનુમાનજીના અંતઃકરણના વિવિધ સ્વરૂપો પણ સાત્વિક હોય.

શરીર જન્મે છે. આત્મા અજન્મા છે. જ્યારે કોઈપણ વ્યક્તિના જન્મની વાત આવે ત્યારે સ્વાભાવિક રીતે શરીરના જન્મની વાત હોય. પરંતુ હનુમાનજી માટે આમ નથી. હનુમાનજી રુદ્રનો અવતાર છે. આ અવતાર જન્મ-મરણના ફેરાથી બંધાયેલો ન હોય. આ અવતાર કર્મફળના સિદ્ધાંતને આધારે અસ્તિત્વમાં ન આવ્યો હોય. આ તો શિવજીની લીલા સમાન અવતાર છે. તેથી હનુમાનજી દરેક પ્રકારના બંધનથી મુક્ત હોય. સૃષ્ટિના સર્જનનો કે વિનાશનો, જીવનનો કે મૃત્યુનો, શાશ્વતતાનો કે ક્ષણભંગુરતાનો, કોઈપણ નિયમ તેમને લાગુ ન પડે. તેથી એમ જણાય છે કે જહાં જન્મ હરિભક્ત કહાઇની વાત જનસમાજમાં ભક્તિનું મહત્વ સ્થાપિત કરવા કહેવામાં આવી હોય. શાસ્ત્રોમાં ઘણી વાતો એટલા માટે આલેખવામાં આવે છે કે કોઈને અને કોઈને તે મદદરૂપ થઈ રહે.

જહાં જન્મ હરિભક્ત કહાઇ જેવી બાબતો પ્રત્યે શંકા ઊભી કરવાને બદલે શ્રદ્ધા જન્માવવાની જરૂર છે. આવી બાબત બુદ્ધિની પહોંચ બહારનો વિષય હોય છે. હનુમાન ચાલીસા એ ભક્તિને દૃઢ કરવાનું માધ્યમ છે. ભક્તિથી વિપરીત વિચારોને તર્ક વડે ખંડિત કરી શકાય, પરંતુ અંતે તો શ્રદ્ધાના સહારે જ આગળ વધવું ઇચ્છનીય છે. ■

# ભગવાન શિવની લીલા અસંભવ કાર્યને પણ સંભવ બનાવી દે છે

## શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com



દેવર્ષિ દ્વારા માતા પાર્વતી અને ભગવાન શિવ અમરનાથ ગુફા ખાતે વિદ્યમાન છે એટલું કહેતાં જ સમસ્ત દેવગણ અને શિવગણો ત્યાંથી નીકળી અમરનાથ ગુફા તરફ પ્રયાણ કરે છે. પહોંચતાં જ ભગવાન શ્રીહરિ વિષ્ણુ કહે છે, 'દેવર્ષિ મને આ જ બે હિમલિંગ દૃશ્યમાન થતું હતું.' બ્રહ્માજી પણ કહે છે કે, 'મને પણ આ જ બે હિમલિંગ દૃશ્યમાન થતું હતું.' સમસ્ત દેવતાઓ બંને હિમલિંગની લાંબો સમય સુધી પૂજા-અર્ચના કરતાં માતા પાર્વતી અને ભગવાન પ્રસન્ન થયેલા. ભગવાન અમરેશ્વર સાક્ષાત દર્શન આપતા કહે છે, 'બ્રહ્મજ્ઞાન મેળવવાનો અધિકાર એને છે જે સાંસારિક મોહને ત્યાગી ચૂકયો હોય અને કોઈ સાંસારિક ઇચ્છા પણ ન હોય, એકમાત્ર ઉદ્દેશ શિવતત્ત્વની પ્રાપ્તિ કરવાનો હોય છે. સમૃદ્ધિની દેવી લક્ષ્મી જો બ્રહ્મજ્ઞાનમાં લીન થઈ જાય તો સંસારમાં દરિદ્રતા છવાઈ જશે અને કલા અને વિદ્યાની દેવી સરસ્વતી જો બ્રહ્મજ્ઞાનમાં લીન થઈ જાય તો સંસારમાંથી વિદ્વાનો અને કળા નિષ્ક્રિય થઈ જશે. આપણે એટલે કે દેવતાઓનું પ્રથમ કર્તવ્ય સંસારનું કલ્યાણ છે. દેવતાઓએ વ્યક્તિગત સ્વાર્થનો પરિત્યાગ કરવો જોઈએ. શું તમે બ્રહ્મજ્ઞાની બનીને પોતાના કાર્યથી વિમુખ થવા માગો છો?' માતા સરસ્વતી અને માતા લક્ષ્મી માફી માગતા કહે છે કે, અમને જ્ઞાત થઈ ગયું છે કે બ્રહ્મજ્ઞાન કરતાં સંસારનું કલ્યાણ ઉત્તમ કાર્ય છે. માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરતાં સમસ્ત દેવગણ પોત-પોતાના લોક જઈ પોતાની જવાબદારી નિભાવવા લાગ્યાં. બીજી તરફ મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી સાગર કિનારે સંધ્યાવિહાર(સનસેટ જોવા) માટે પહોંચ્યાં. મહારાજા પ્રિયવર્ત સૂર્યની સુંદરતા વિશે કહે છે, તો મહારાણી બહિષ્મતી પોતાના સ્વામી પ્રિયવર્તને સૂર્ય સાથે સરખાવતાં કહે છે કે 'હું તે સૂર્યની સુંદરતા અને આ સૂર્યની સુંદરતા બંને જોઈ રહી છું.' એજ વખતે અંધારું થઈ જતાં મહારાણી બહિષ્મતી કહે છે 'અંધારું જ ન હોત તો પરોઢનું સૌંદર્ય કઈ રીતે સમજાત. જો અંધકાર ન હોત તો સૌંદર્ય પણ ન હોત. સૌંદર્યનો જન્મ જ ગાઢ અંધકારમાંથી થતો હોય છે. કવિના ગાઢ અચેતનમાં કવિતાનો જન્મ થાય છે અને એક ચિત્રનો જન્મ ચિત્રકારના હૃદયમાં થતો હોય છે. સમાધિ, ભક્તિ અને ધ્યાનનો જન્મ પણ ભક્તિના ગાઢ અંધકારમાં જ થતો હોય છે અને એક બીજનું અંકુરિત થવું પણ ધરતીના ગહન અંધકારમાં જ શક્ય છે.'

***

એ જ સમયે બ્રહ્માજી ત્યાં પધારે છે. મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી તેમને વંદન કરી આશીર્વાદ લે છે.

મહારાજા પ્રિયવર્તઃ 'પ્રણામ પરમપિતા.'

બ્રહ્માજીઃ 'તમારી ચિંતા વ્યર્થ છે, ભગવાન શિવની લીલા અસંભવ કાર્યને પણ સંભવ બનાવી દે છે. હવે સમય થઈ ગયો છે કે તમે તમારું માનવ જીવન સાર્થક કરી શકો. શિવ કૃપાથી આ પૃથ્વીને સાત ખંડોમાં અને એ સાત ખંડોમાં સાત સમુદ્રની રચના કરો. સૃષ્ટિની રચના વખતે આ કાર્ય તમારા માટે છોડી દેવામાં આવ્યું હતું, જે હવે તમારે પૂર્ણ કરવાનું છે.'

મહારાજા પ્રિયવર્તઃ 'હે પરમપિતા હું ધન્ય થઈ ગયો પણ આ કાર્ય હું કઈ રીતે પૂર્ણ કરીશ?'

બ્રહ્માજીઃ 'હે પ્રિયવર્ત! પૃથ્વીને નવું રૂપ આપવાના કાર્યમાં તમને દેવતાઓના શિલ્પી અને મહારાણી બહિષ્મતીના પિતા વિશ્વકર્માની સહાય અવશ્ય મળશે, પ્રથમ તમે બંને તેમને પ્રસન્ન કરો.'

મહારાજા પ્રિયવર્તઃ 'હે પરમપિતા તમારા દર્શન પામી હું ધન્ય થયો. તમારી આજ્ઞાનું પાલન કરવું મારું પ્રથમ કર્તવ્ય છે. તુરંત આદરણીય વિશ્વકર્માજીના આશીર્વાદથી મને સોંપાયેલું કાર્ય હું પૂર્ણ કરીશ.'

બ્રહ્માજીઃ 'હે પ્રિયવર્ત! હું એટલું જ કહીશ કે, સફળતા મેળવવાનો પહેલો અને સરળ માર્ગ એટલે ધૈર્ય. જો આ અનુષ્ઠાનમાં તમે ધૈર્યને ધારણ કરશો તો અવશ્ય સફળ થશો. તમારું કલ્યાણ થાઓ.'

આટલું કહી બ્રહ્માજી ત્યાંથી વિદાય લે છે. મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી દેવતાઓના શિલ્પી ભગવાન વિશ્વકર્મા ત્યાં પ્રકટ થાય છે.

મહારાજા પ્રિયવર્તઃ 'પિતા વિશ્વકર્મા કસમયે અમારા એક આહ્‌વાન પર ઉપસ્થિત થયા એ માટે અમે ક્ષમાપાર્થી છીએ.'

વિશ્વકર્માઃ 'કસમયે નહીં હું આ પાવન ક્ષણની રાહ વર્ષોથી જોઈ રહ્યો હતો. ભગવાન શિવની કૃપાથી આ ક્ષણ આવી રહી છે.'

મહારાણીઃ 'પિતાશ્રી મહારાજા પ્રિયવર્તને તમારા આશીર્વાદ અને સહકારની જરૂર છે.'

વિશ્વકર્માઃ 'જે કાર્યને સ્વયં બ્રહ્માજીએ અપૂર્ણ રાખી તમારા પતિ અને અમારા જમાઈ પ્રિયવર્તને પૂર્ણ કરવાની જવાબદારી સોંપી ખૂબ અગત્યનું છે. એમને સહકાર આપવો મારા માટે ગર્વની વાત છે. હું તમને એક દિવ્ય સિંહાસન અને એક દિવ્ય ખડગ આપીશ. આ દિવ્ય સિંહાસન પર આરુઢ થયા બાદ તમને બંનેને પૃથ્વીનો ભૂમિ ભાગ અને જળ સ્પષ્ટ દેખાવા માંડશે અને આ ખડગમાંથી નીકળેલો દૈવી પ્રકાશ પૃથ્વીમાતાને ખંડ ખંડમાં રૂપાંતરિત કરશે. આ કાર્યની સફળતા માટે સંપૂર્ણ દેવગણ અને ત્રિદેવના આશિર્વાદ તમારી સાથે છે. જાઓ સફળ થાઓ, પણ કાર્યની સફળતા માટે માતા પૃથ્વીના આશીર્વાદ અવશ્ય લેશો.'

આટલું કહી વિશ્વકર્મા ત્યાંથી વિદાય લે છે. મહારાજા પ્રિયવર્ત અને મહારાણી બહિષ્મતી દિવ્ય સિંહાસન પર બેસી માતા પૃથ્વીનું આહ્‌વાન કરતાં માતા પાર્વતી પ્રકટ થાય છે.

મહારાજા પ્રિયવર્તઃ 'હે માતા! ભગવાન શિવની આજ્ઞાથી અમે તમારી શરીરરૂપી ભૂમિને સપ્તદ્વિપ ખંડ અને સાત મહાસાગરમાં પરિવર્તિત કરવા માગીએ છીએ. માના હૃદયમાં મમતાનો વાસ હોય છે. અમારા કાર્યથી ભૂમિ અને સાગર વચ્ચે નવો સંબંધ સ્થાપિત થશે. પૃથ્વીવાસી માનવોનો વિકાસ સુગમ થશે.આશીર્વાદ આપો જેથી અમે અમારા કાર્યમાં સફળ થઇએ.'

માતા પૃથ્વીઃ 'હું તમારી સદ્‌ભાવના અને ત્રિદેવોની ઇચ્છાથી વાકેફ છું. તમારા આ કાર્યથી પૃથ્વીવાસીઓનું કલ્યાણ થશે અને નિશ્ચિત સમયે પ્રત્યેક ખંડને સૂર્યદેવના દર્શન થશે. તમારું મનોરથ પૂર્ણ થાઓ. જાઓ સફળ થાઓ.'

***

ભગવાન વિશ્વકર્મા દ્વારા અપાયેલા ખડગનો મહારાજા પ્રિયવર્તએ સાત વખત ઉપયોગ કર્યો. ફળસ્વરૂપે એ સાતેય સ્થાન સાત દ્વિપોમાં પરિવર્તિત થઈ ગયા અને આ પ્રકારે સાત મહાસાગરનું પણ નિર્માણ થયું.

એજ સમયે ભગવાન શિવ, ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને બ્રહ્માજી ત્યાં પ્રકટ થાય છે.

ભગવાન શિવઃ 'હે મનુપુત્ર પ્રિયવર્ત અને વિશ્વકર્મા પુત્રી બહિષ્મતી તમારા નામ પણ અમારા ત્રિદેવની સાથે પૃથ્વીના રચનાકાર તરીકે પ્રખ્યાત થશે.' (ક્રમશ):■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# શ્રીરામઃ એક અભૂતપૂર્વ ઘટના



એવી એક પણ બાબત નથી કે જે શ્રીરામ વિશે આજની તારીખ સુધીમાં કોઈના દ્વારા ન કહેવાઈ હોય. તેમની બધી જ વાતો, તેમની બધી જ ખાસિયત, તેમની સંપૂર્ણ જીવન-ચર્યાથી બધાં જ જાણકાર છે. બધાં જ જાણે છે કે શ્રીરામ નિષ્કલંક છે, નિષ્કપટ છે અને નિર્દોષ છે. શ્રીરામ કર્મનિષ્ઠ છે, કર્તવ્ય-વીર છે અને કાર્ય-પારંગત છે. શ્રીરામ સરળ છે, સુલભ છે અને સ્પષ્ટ છે. શ્રીરામ એક વ્યક્તિત્વ છે, એક મંત્ર-ધ્વનિ છે અને એક ઈશ્વર પણ છે. શ્રીરામ પ્રેરણા છે, પ્રતિબદ્ધતા છે અને પરંપરા છે. શ્રીરામ આદર્શ છે, વાસ્તવિકતા છે અને કલ્પનાની સીમા છે. શ્રીરામ અનુજ છે, અગ્રજ છે અને ઉપસ્થિત છે. શ્રીરામ અધિભૂત છે, અધિદેવ છે અને અધિષ્ઠાન છે. શ્રીરામ પ્રારંભ છે, મધ્ય છે અને અંત છે. શ્રીરામ અત્ર છે, તત્ર છે અને સર્વત્ર છે. શ્રીરામ ગુરુ છે, ઈશ્વર છે અને પરબ્રહ્મ છે. શ્રીરામ જીવ છે, આત્મા છે અને પરમાત્મા છે.

બધાં જાણે છે કે શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ છે. તેમણે જીવનમાં અતિ દ્રઢતાથી આદર્શોનું - મર્યાદાનું પાલન કર્યું છે. ધર્મને જીવનની અન્ય પ્રત્યેક બાબત કરતાં વધુ મહત્ત્વ આપ્યું છે. વ્યક્તિ તરીકે, પુત્ર તરીકે, પતિ તરીકે કે રાજા તરીકે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવામાં તેમણે દરેક વ્યક્તિગત બાબતને બાજુમાં કરી દીધી છે. તેમનું સમગ્ર આચરણ સમભાવે તથા સાધુ ભાવે ઘટીત થયું છે. દરેક પ્રકારના સાંસારિક આવેગથી તેઓ મુક્ત છે. સત્ય તેમનો આધાર છે અને ધર્મ માર્ગદર્શક છે. તટસ્થતા તેમની પ્રકૃતિ છે અને કાર્યદક્ષતા તેમની શૈલી છે. નિર્દોષતા તેમના અસ્તિત્વમાં વણાયેલી છે અને નિર્લેપતાના તેઓ પ્રતિનિધિ છે. સ્થાપિત નીતિમત્તા તેમની માટે સંદર્ભ છે અને ધર્મ માટે અપવાદ ઊભો કરવા પણ તેમની તૈયારી હોય છે. દરેક પ્રકારની ક્ષમતાના તેઓ ધની છે અને તે છતાં પણ તેમની ક્ષમતા સંયમિત છે. અપાર સંભાવનાઓના સ્વામી હોવા છતાં તેઓ એ ક્યારેય વિવેકનો ત્યાગ કર્યો નથી.

બધાં જાણે છે કે શ્રીરામ દ્વારા, માનવ જીવનમાં શું શું શક્ય છે તે તેમણે તે પ્રકારનું જીવન જીવી બતાવીને વ્યવસ્થિત રીતે સ્થાપિત કર્યું છે. માનવીએ કેવા પ્રકારના સિદ્ધાંતોને મહત્ત્વ આપી જીવન વ્યતીત કરવું જોઈએ તે તેઓએ બતાવ્યું છે. તેમના જીવનમાં સામર્થ્ય સાથેની કરુણા છે, ન્યાય યુક્ત સમાનતા છે, દરેક પરિસ્થિતિમાં જાળવી રખાયેલી તટસ્થતા છે. નિષ્પક્ષ રહેવા સાથે સત્ય માટે તેમણે તરફેણ કરી છે. મર્યાદા પાળીને તેમણે ધર્મને સાચવી લીધો છે. ક્યારેક સમજાવટથી પરશુરામનો ક્રોધ શાંત કર્યો છે તો ક્યારેક સમુદ્ર દ્વારા વિનંતી ન સ્વીકારાતા ક્રોધ પણ જાહેર કર્યો છે. વાલીના વધ પછી તેના પુત્રને પુત્ર સમાન ગણ્યો છે. જેની સામે યુદ્ધ કરવા જવાનું હતું તેને જ પુરોહિત પદે સ્થાપી મહાદેવની પૂજા કરાવી છે. વનવાસથી પાછા ફરતાં માતા કૌશલ્યાના સ્થાને વનવાસ માટે નિમિત્ત સમાન માતા કૈકેયીને વધુ મહત્ત્વ આપ્યું છે. વિરોધાભાસી જણાતી પરિસ્થિતિમાં પણ શ્રીરામ નૈતિક સૌમ્યતા જાળવી શકતા હતાં.

મહાભારતમાં વિરોધી પરિબળો વચ્ચે કેવી રીતે સંતુલન જાળવી શકાય તે શીખવવામાં આવ્યું છે તો રામાયણમાં આદર્શ જીવન કઈ રીતે વ્યતીત થઈ શકે તે દર્શાવવામાં આવ્યું છે. મહાભારતમાં અધર્મની વ્યાખ્યા કરવી થોડી મુશ્કેલ જણાય જ્યારે રામાયણમાં તે સ્પષ્ટ છે. મહાભારતમાં બહુમતી દુર્યોધનના પક્ષે હતી જ્યારે રામાયણમાં રાવણના પક્ષે માત્ર તેના સગા સંબંધીઓ જ હતા અને તે પણ ક્યાંક તેની વિચારધારા સાથે સહમત ન હતાં. મહાભારતમાં ઉગ્રતાથી ઘણાં બધાં પ્રસંગો ઘટિત થાય છે જ્યારે રામાયણ જાણે એક આદર્શ પ્રવાહમાં વહે છે. મહાભારતનો હેતુ ધર્મની સ્થાપના હતો જ્યારે એમ જણાય છે કે રામાયણનો હેતુ આદર્શની સ્થાપનાનો છે. એમ કહેવાય છે કે જે મહાભારતમાં નથી તે સમાજમાં ક્યાંય નથી. સાથે એમ પણ કહી શકાય કે જે આદર્શ રામાયણમાં વ્યક્ત નથી થતો તેને માનવ ઇતિહાસમાં ક્યાંય સ્થાન નથી.

આવી જ રીતે, શ્રીરામના ઐશ્વરીય ગુણોની વાત કરીએ તો તેઓ કર્તા છે, કારણ છે અને પરિણામ છે. તેઓ દ્રષ્ટા છે, દ્રશ્ય છે અને દર્શન છે. સાકારના તેઓ પ્રતિનિધિ છે અને નિરાકારનું તેઓ પ્રતિબિંબ છે. દ્વૈતની તેઓ સાક્ષી પૂરે છે અને અદ્વૈતને સ્થાપિત કરે છે. ક્રિયાકાંડમાં તેઓ સંમિલિત થયા છે અને જ્ઞાનની સ્થાપના માટે ઋષિ વશિષ્ઠ સાથે સંવાદ સ્થાપેલો છે. એક સાથે, એક સમયે શ્રી પરશુરામ તથા શ્રીરામ તરીકે એક સ્થાને તેઓ ઉપસ્થિત રહી શકે છે. દેવતા તેમના સહયોગી છે તો સ્વયં મહાદેવના તેઓ પ્રિય છે. સમગ્ર સૃષ્ટિના નિયંતા હોવા છતાં તેઓએ જીવનમાં સૃષ્ટિથી નિયંત્રિત થઈને પણ શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપ્યું છે. અહીં સર્જક સ્વયં, સર્જનનો ભાગ બની જાય છે. પોતાની જ પ્રકૃતિનો આશ્રય કરી, પોતાની જ પ્રકૃતિના અસ્તિત્વમાં, પોતાની જ પ્રકૃતિની સહાયથી, પોતાની જ પ્રકૃતિ માટે પ્રવૃત્ત થવાની આ ચેષ્ટા છે. જે ઉપાદાન તેમજ નૈમિત્તિક કારણ છે તે જ પરિણામ બનીને પ્રગટ થાય છે.

આદર્શ પિતા, આદર્શ મિત્ર, આદર્શ પુત્ર, આદર્શ રાજા, આદર્શ શિષ્ય, આદર્શ માનવી, આદર્શ યોદ્ધા, આદર્શ પ્રવાસી, આદર્શ યુગલનું એક અવિભાજ્ય અંગ, પ્રત્યેક કલ્પના પ્રત્યેક કાલખંડમાં આદર્શ સાથ નિભાવનાર આદર્શ પતિ, આદર્શ વ્યવસ્થાપક, આદર્શ સલાહકાર અને આદર્શ નિયતા; શ્રીરામમાં આ બધું જ અને આવું બધું જ સમાવિષ્ટ છે. શ્રીરામ આદર્શ માટે પણ આદર્શ છે.

સનાતની સંસ્કૃતિની સાથે શ્રદ્ધાની અન્ય પરંપરાના મૂળ સિદ્ધાંતો સાથે પણ શ્રીરામનો સમન્વય જોવા મળે છે. શ્રદ્ધાની એક પરંપરાનાં આધારગત મૂલ્યોમાં કરુણાને મહત્ત્વ મળ્યું છે તો અન્ય પરંપરામાં અહિંસા કેન્દ્રસ્થાને છે. કોઈ પરંપરામાં અલિપ્તતાને અન્ય કેટલીક બાબતો સાથે આધાર ગણવામાં આવે છે તો ક્યાંક સમાનતાને પ્રાધાન્ય અપાય છે. શ્રીરામના જીવનમાં આવી પ્રત્યેક બાબતો સમભાવે પ્રતીત થાય છે. શ્રીરામનું જીવન-દર્શન જોતાં જણાશે કે તેમનાં જીવનમાં આ પ્રત્યેક બાબતને પ્રતિબદ્ધતાથી પ્રાધાન્ય અપાયું છે. પ્રશ્ન ક્યારેક અહિંસા માટે થાય, કારણ કે શ્રીરામે હથિયાર ધારણ કરેલાં. સમજવાની વાત એ છે કે, જેમ અહિંસા પરમો ધર્મઃ કહેવામાં આવે છે તેમ ધર્મ હિંસા તથૈવ ચ પણ કહેવામાં આવે છે. ધર્મની રક્ષા માટે અહિંસા માન્ય છે. ગીતામાં પણ આતતાઈનો વધ કરી શકાય તેમ કહેવાયું છે. અહિંસાને સૂક્ષ્મતામાં સમજવામાં આવે તો શ્રીરામ દ્વારા હિંસા ક્યારે આચરવામાં આવી જ નથી. ધર્મ કે સત્યની સ્થાપના માટે કરાયેલું કોઈપણ કાર્ય હિંસક ન ગણાય.

શ્રીરામનું જીવન એટલે અણીશુદ્ધ પવિત્રતાનું અસ્તિત્વ, જીવનના ઉત્કૃષ્ટ આદર્શનું ઉદાહરણ, દિવ્યતા સભર દરેક ગુણોનું સંમેલન, કઠિનતમ પરિસ્થિતિ વચ્ચે પણ જાળવી રખાયેલું સંતુલન, શ્રેષ્ઠ સામાજિક વ્યવસ્થા સ્થાપવાના પ્રયત્નોનું પરિણામ, વ્યક્તિગતતાની સામે સામાજિક ઉત્કર્ષનું સીમાચિહ્ન, ચોક્કસ સમયગાળામાં આકાર પામેલ ઘટનાનું શાશ્વત અને શ્રેયકર પરિણામ, સત્ય તરફના પ્રેમ તથા વિશ્વાસનું પ્રતીક - જેવી અનેક દિવ્યતમ બાબતો વર્ણવી શકાય. શ્રીરામ સર્વ માટે અદમ્ય પ્રેરણા સમાન છે.

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# તામસ કર્મનો ત્યાગ

ગત અંકમાં ગુણાતીત જ્ઞાનનો પ્રકાશ પાથરીને હવે ભગવાન કૃષ્ણ તામસ કર્મના ત્યાગનો મર્મ સમજાવી રહ્યા છે.

જીવનમાં કર્મ કરવું એ દરેક માનવનો સ્વાભાવિક ધર્મ છે. મનુષ્ય કર્મ કર્યા વગર એક ક્ષણ પણ રહી શકતો નથી, પરંતુ દરેક કર્મની એક ગુણસ્વરૂપ પ્રકૃતિ હોય છે સાત્ત્વિક, રાજસિક અને તામસિક. એમાં તામસ કર્મ એ એવાં કર્મો છે, જે અજ્ઞાન, આળસ, અહંકાર અને અવિચારથી પ્રેરિત હોય છે. જે કર્મ મનુષ્યને અંધકાર તરફ દોરી જાય, આધ્યાત્મિક પતન કરાવે અને સદા દુઃખદાયી હોય, તે તામસ કર્મ કહેવાય છે.

ગીતા કહે છે કે જે કર્મ 'પરિણામ, હાનિ, હિંસા અને સામર્થ્યના વિચાર કર્યા વગર કેવળ અજ્ઞાનમાંથી જન્મ્યા હોય તે તામસ કર્મ કહેવાય છે'. તામસ કર્મ એ અંધકારનું બીજ છે, જે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે બીજાને હાનિ પહોંચાડે છે, અયોગ્ય માર્ગે ચાલે છે, ખોટું બોલે છે, અસત્યને સાચું સાબિત કરવા પ્રયત્ન કરે છે કે પછી અન્યના દુઃખમાં આનંદ અનુભવે છે. તે તામસ પ્રવૃત્તિનો ભાગી બને છે. એવો મનુષ્ય ધીમે ધીમે મનની શાંતિ ગુમાવે છે, વિચારો હીન બને છે અને તેના અંતરમાં નિરાશા ઘર કરે છે. તામસ કર્મની અસર એટલી ગંભીર હોય છે કે તે મનુષ્યને પરાધીનતા અને દોષની જાળમાં ફસાવી દે છે.

તમામ શાસ્ત્રો એક વાત સ્વીકારે છે કે તામસ કર્મ અવિચારી મનુષ્ય કરે છે, જેને પરિણામની ચિંતા નથી, ધર્મ અને અધર્મનો ભેદ સમજાતો નથી અને જે માત્ર પોતાના હઠથી ચાલે છે. આવાં કર્મો મનુષ્યના પોતાના કલ્યાણ માટે પણ વ્યર્થ છે તો બીજાને માટે ક્યાંથી ઉપયોગી થાય?

વર્તમાન કાળે પણ આળસ કરવી, ફરજમાંથી ભાગવું, ખોટા કાર્યમાં જોડાવું, અન્યની નિંદા કરવી, વ્યસનની આદત રાખવી આ બધું તામસ પ્રવૃત્તિના સ્વરૂપો છે, પરંતુ મનુષ્યનું સાચું લક્ષ્ય તામસતાથી ઉપર ઉઠી સાચી દિશામાં ચાલવાનું છે. તામસ કર્મનો ત્યાગ એટલે આંતરિક શુદ્ધિનો આરંભ. જ્યારે માણસ પોતાના જીવનમાં પ્રામાણિકતા, કરુણા, અને સ્વાનુશાસન લાવે છે, ત્યારે તે તામસથી મુક્ત થવા લાગે છે. નિસ્સંદેહ, જો મનુષ્ય ગુરુના વચનમાં રહીને પ્રામાણિક સાધના કરે, તો તે તામસ કર્મનો ત્યાગ કરીને પ્રકાશના માર્ગે આગળ વધે છે.



પ્રાચીન સમયમાં અંગુલિમાલ એક ક્રૂર ડાકુ હતો. તે લોકોની હત્યા કરીને તેમની આંગળીઓની માળા પહેરતો, પરંતુ એક દિવસ ભગવાન બુદ્ધ તેના માર્ગમાં આવ્યા. બુદ્ધની શાંતિપૂર્ણ વાણી અને કરુણાદૃષ્ટિએ અંગુલિમાલનું હૃદય બદલી નાખ્યું. તેણે હથિયાર મૂકી દીધું અને તામસ કર્મનો ત્યાગ કર્યો. પછી તે બુદ્ધનો શિષ્ય બન્યો અને એક શાંત ભિક્ષુ તરીકે જીવન જીવ્યો.

જ્યારે ગુરુ કે ભગવાન મળે છે કે ત્યારે અંધકારના દ્વાર બંધ થાય છે, ત્યારે જ જ્ઞાન અને શાંતિના દ્વાર ખૂલે છે.

આફ્રિકામાં દારેસલામ શહેરમાં એક આધુનિક યુવક સતત તામસિક કર્મોમાં ડૂબેલો રહેતો. પૈસા ઘણા હતા પણ ખોટે રસ્તે વપરાતા હતા. વ્યસનમાં ગળાડૂબ! વળી ક્રોધી અને લડાયક વૃત્તિ એવી કે ટાન્ઝાનિયા દેશની પોલીસ પણ ડરે. પરિવાર સાથે પણ તેનો સંપ નહોતો! જીવન બિનઅર્થપૂર્ણ લાગતું હતું. એક દિવસ તે યુવક પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યો. ત્યાં તેણે પોતાના જીવનના ખાલીપાને વ્યક્ત કર્યો. સ્વામીશ્રીએ તેને તેના વડવાઓના સત્સંગ અને સમર્પણની વાત યાદ કરાવી. બાપાએ યુવકને કહ્યું, તમારે આ વ્યસન ન શોભે. હવે શૂરવીર થાઓ અને બધું છોડો. નવું જીવન આરંભ કરો. પોતાનો સમય મારકૂટમાં નહીં, પણ સેવા અને શાંતિમાં લગાવો.

આ શબ્દોએ તેનું જીવન બદલી નાખ્યું. તેણે તમામ તામસિક વૃત્તિનો ત્યાગ કર્યો. સેવા અને સત્સંગનાં કાર્યોમાં જોડાયો. તેનું જીવન બીજા યુવાનો માટે પ્રેરણારૂપ બની ગયું.

આમ, તામસ કર્મનો ત્યાગ કરતાં જીવનની નવી દિશા ખૂલી અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ થઈ.

તામસ કર્મનો ત્યાગ માત્ર બાહ્ય વર્તનમાં નહીં, પણ આંતરિક વિચારશુદ્ધિમાં રહેલો છે. જેવો વિચાર, તેવી ક્રિયા એટલે મનના અંધકારને દૂર કરવા માટે જ્ઞાન, સત્સંગ અને સદાચાર જરૂરી છે, જ્યારે મનુષ્ય સજાગ બનીને પોતાના દરેક કાર્યને ભગવાનને અર્પણ કરવાના ભાવથી કરે છે, ત્યારે તેની તામસતા સ્વયં વિલીન થાય છે. આ રીતે, તામસ કર્મનો ત્યાગ એટલે જીવનમાં પ્રકાશ લાવવાનો સંકલ્પ, જે વ્યક્તિ તામસતાને છોડી શુદ્ધ જીવન જીવવા પ્રયત્ન કરે છે, તે પોતાના અને સમાજના કલ્યાણનો માર્ગ તૈયાર કરે છે, કારણ કે જ્યાં તામસતાનો અંત થાય છે, ત્યાંથી સત્ય, શાંતિ અને દિવ્ય આનંદનો ઉદય થાય છે. ■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

# રાધા ને કૃષ્ણની આરાધના વૈષ્ણવ પદ સાથે થતી હોય છે

(ગતાંકથી ચાલુ)

પાછળનાં પુરાણોમાં તો રાસ સાથે રાધા એકદમ નિકટતાથી ગૂંથાઈ ગઈ છે, રાસમંડળની અધિષ્ઠાત્રી છે. મંડલ વર્તુળાકાર છે. જ્યાંથી આરંભ ત્યાં જ અંત, એટલે એ અનંતતાનું પ્રતીક છે. મણિપુરી નર્તનમાં આ પરંપરા ખાસ સચવાઈ છે. આ નર્તનમાં વૈષ્ણવકથાઓ પ્રાણરૂપે છે. અહીં રાસમંડળીમાં કૃષ્ણ-રાધા સાથે ગોપીઓ વર્તુળાકારે નૃત્યમાં હોય છે. અહીંના નૃત્યમાં 'જગોઈ' - એટલે ઘૂમવું - ફરવું અથવા ચક્રાકાર ગતિનું મહત્ત્વ હોય છે. રાધા-કૃષ્ણના પ્રેમ અને શૃંગારની અનેક કથાઓ અહીં રાસ-રાસક-હલ્લીસકમાં નૃત્યોમાં ગૂંથાયેલી છે. મણિપુરમાં સંકીર્તન સાથે રાસલીલા મહાયજ્ઞના રૂપે છે, પૂજા-અર્ચનનો મહત્ત્વનો પ્રકાર. અહીં ચૈત્રી પૂનમે વસંતરાસ, આસો પૂનમે કુંજરાસ, કાર્તિક પૂનમે મહારાસ અને નિત્યરાસ ગમે ત્યારે આયોજિત થાય છે. સાથે તાળીનૃત્ય અને દંડકરાસ પણ હોય. અને રાધા અને કૃષ્ણની આરાધના વૈષ્ણવ પદો સાથે થતી હોય છે. સુરદાસે ગાયું, 'રાસ-મંડલ - મધ્ય સ્યામ રાધા.

**માનૌ ધન બીચ દામિનિ કૌંધતિ, સુભગ એકહ રૂપ હૈ નહીં બાધા...**
**સજે શ્રૃંગાર નવસાત જગમગિ રહે અંગ ભૂષન રૈન બનિ તૈસી,**
***સૂર પ્રભુ નવલ ગિરધર, નવલ રાધિકા, નવલ બ્રજ નારિ મંડલી.'***

વૈષ્ણવ કવિઓ આ રાસનું ખૂબ ભાવવાહી વર્ણન કરતાં જ રહ્યા છે.

નરસિંહ મહેતાએ રચેલ રાસ તો ગુજરાતના સંસારમાં વણાઈ ગયો છે. 'આશાભર્યાં' તે અમે આવિયાં, મારે વ્હાલે રમાડ્યા રાસ રે!' નરસિંહ ગાઈ ઊઠે છે,

***'વૃંદાવન રળિયામણું રે, શરદપૂનમની રાત...***
***રાધા-માધવ રાસ રમે રે, તિહાં ઝાઝો રંગ-ઝકોળ.'***

અવિનાશ વ્યાસે રચ્યું, 'પીળું પીતાંબર મોર મુગટ ને અધર મુરલી ધારી, રાસ રમે વૃંદાવનવાળો ગોકુળનો ગિરધારી, બજે દાંડિયા ઢોલપખાવજ તાળી ઉપર તાળી, રમે રાધિકા રસભર રાસે ચૂંદડી ચટકાવી.' તેમને લાગે છે, 'કા'નો જાણે મોરલો ને રાધા ઢમકતી ઢેલ.' ભક્તકવિ દયારામે પણ રાસ માટે કહ્યું, 'હાં રે વૃંદાવનમાં થનકકાર થૈ થૈ! રાધાકૃષ્ણ રમે રાસ. ગોપી લહી લહી લહી રે! બીજું નહીં નહીં રે!' આપણા લોકગીતમાં ગરબે રમવા સરખે સરખી સાહેલીઓ ભેગી થાય ત્યારે એકબીજાને બોલાવતી જાય અને કહેવાય, 'રાધાજીના ઊંચા મંદિર નીચા મોલ, ઝરૂખડે દીવા બળે રે લોલ. રાધા ગોરી ગરબે રમવા આવો, સાહેલી સહુ ટોળે મળી રે લોલ.'



લોકોએ પણ રાધાકૃષ્ણની વાતોને કથાઓને મન મૂકીને માણી છે. પોતાના રોજિંદા ગ્રામ્ય જીવનની ઘટમાળને રાધા અને કૃષ્ણના જીવન સાથે જોડી દીધી છે અને એ રીતે રાધાકૃષ્ણ દ્વારા પોતાના મનોભાવો અને દૈનિક ક્રિયાઓની અભિવ્યક્તિ થતી રહે છે. લોકો તો 'કેસરિયા લાલ' પર વારી ગયા. વલોણાં માટે પણ તેમને બોલાવી દીધા.

'એક પા' ઘૂમે કાળો જ કા' ન રે, બીજી પા રાધા ગોરાં. હો કા'ન તમે આવો વલોણાં તાણવાં. 'અને સાથે શિખામણ આપી દીધી,' 'હળવા હળવા વા'લા ઘૂમેરાં ઘૂમજો રે, મહી છલકાય મારાં.' સરોવર પાણી જાય, તોયે 'રાધાજીને જોડલે રે લોલ.' ફૂલની વાડીમાં રાધા ફૂલ વીણતી હોય અને 'મારી ફૂલની વાડીમાં રમે વિઠલો રે.' રાધા અને કૃષ્ણ સોગઠે રમવા બેઠાં. રૂપાના બાજઠ, બાજી મોતીએ જડેલી અને પરવાળાના પાસા, સોગઠાં સોનેથી મઢેલા. છેવટે પરિણામે, 'હાર્યા તે કા'ન જીતી રાધિકા રે, સાડી લીધી પટોળાંની પ્રેમથી રે.' વળી લોકમાનસને એક વિચાર જરૂર થયો અને તેમણે પ્રગટ કર્યો, 'રાધા તે સરખી નાર મેલીને, કુબજાને શીદ મો'યા રે લોલ. ચાલોને ગોપિયું, ચાલોને સૈયરું, કા'નને મનાવા જઈએ રે લોલ.'

સાસુવહુની ચણભણ તો આપણા સમાજનું એક પાસું છે. તો પછી અહીં કેમ રહી જાય? રાધાએ સોનાની ટીલડી ઘડાવી પહેરીને સાસુ પાસે ગઈ. તો સાસુએ મોઢું મચકોડ્યું. બીજી એક જગ્યાએ રાધાએ કામથી પરવારી સાસુ પાસે શિરામણ માગ્યું, ત્યારે સાસુએ તેને મારી. રાધાએ તો રૂસણાં લીધાં. કૃષ્ણ ઘેર આવ્યા ત્યારે રાધાએ વાત કરી. પછી ન થવાનું થયું. 'મસરક દઈને મેડીએથી કા'ન ઊતર્યા, માને જઈ સંભળાવ્યું જો, આ લ્યો માતાજી, કોઠી કોદરા, ખૂણે ભરડી ખાજો જો. રાધા રંગીલાને કંઈ નહીં કહેવાય, રાધા તો ઠકરાણી જી!' રાધા પણ ગ્રામ્ય સ્ત્રી જેમ વર્તે છે તે કૃષ્ણ પાસે ઘર માગે છે- સરસ એવું ઘર-બારીઓ અને થાંભલીઓવાળું, ઓસરી, ઊમરા ઊંચા હોય જેથી ઘરમાં પાણી ન આવે. ફળિયું અને ચોકમાં તુલસીક્યારો, ગાય-વાછડું બાંધ્યાં હોય અને પાસે નદી હોય. આ બધાં લોકગીતોમાં ગામની સ્ત્રી રાધાને માધ્યમ બનાવી પોતાની જ ઈચ્છા, આશા અને આકાંક્ષા વ્યક્ત કરે છે.

કૃષ્ણ તો ગેડીદડાથી રમતા. દડો તો ગમે ત્યાં જઈને પડે. રાધા અને સખીઓ ગરબે રમતાં હતાં ત્યાં એક વાર વચ્ચે પડ્યો. રાધાએ કૃષ્ણને ઠપકો આપ્યો. કૃષ્ણ રિસાઈને વનમાં ચાલ્યા ગયા. રાધાનો જીવ ન રહ્યો એટલે પછી તે કૃષ્ણને મનાવવા વનમાં ગઈ. તો કોઈ વાર રાધા પણ રિસાઈને માન કરી ચાલી જાય. ત્યારે કૃષ્ણ રિસાયેલી રાધાને મનાવવા ઝૂમણું, કુંડળ, ઝાંઝર, કડલાં, બંગડી વગેરે આભૂષણ, ચૂંદડી તો હીંચકા સાથે મહેલ પણ આપે. આ રીતે રાધા અને કૃષ્ણ સાથે લોકોએ પોતાની રીતે ઐક્ય સાધી લીધું અને પોતાના જ માનીને પોતાનાં ગીતોમાં મઢી લીધાં. (ક્રમશઃ) ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# વિશ્વાસ - આત્મવિશ્વાસ

## આખી જિંદગીની કમાણી પળવારમાં છિન્નભિન્ન થઈ જાય તો?

પ્રસ્તુત લેખના ગયા અંકના ૩જા ભાગમાં કહ્યું તેમ સફળતાનું બીજું નામ જ આત્મવિશ્વાસ છે પણ એ વાસ્તવિકતા સામે પણ આંખ આડા કાન કરી શકાય તેમ નથી કે ઘણા લોકોનો આત્મવિશ્વાસ પણ ફલેક્સિબલ હોય છે.

- જેવી સ્થિતિ અને સંજોગ એવો આત્મવિશ્વાસ.

- આવા લોકો ટૂંકા સમય માટે સફળ થઈ શકે.

- પણ લાંબી રેસના ઘોડા ન બની શકે.

ધર્મતેજ પૂર્તિના વહાલા શ્રદ્ધાળુ વાચકમિત્રો!

- ખરેખર તો આત્મવિશ્વાસ એટલો દૃઢ હોવો જોઈએ કે આખી દુનિયા એક તરફ થઈ જાય છતાં તમારો વિશ્વાસ ડગે નહીં.

- ગયા અંકમાં કહ્યું તેમ વિમાનના શોધક રાઇટ બ્રધર્સે જ્યારે પ્રથમવાર આવા ઊડતા યંત્ર વિશેનો પ્રસ્તાવ લંડનની સાયન્સ સોસાયટી સમક્ષ મૂક્યો ત્યારે તેને હસી કઢાયો હતો અને તે સમયે આ સાયન્સ સોસાયટીના પ્રમુખ હતા જાણીતા વૈજ્ઞાનિક લોર્ડ કેલ્વિન, જેમના નામથી ટેમ્પરેચર કેલ્વિમાં પણ મપાય છે.

* લંડનની સાયન્સ સોસાયટીના પ્રમુખ અને તે પણ એક મહાન વૈજ્ઞાનિક જ્યારે આવું કહે ત્યારે એને પડકારવાની હિંમત કોણ કરે?

- છતાં રાઈટ બ્રધર્સને પોતાનામાં અતૂટ વિશ્વાસ હતો કે આવું ઊડતું યંત્ર એ અવશ્ય બનાવશે અને ૧૯૦૮માં તેમણે સૌપ્રથમવાર પ્રાથમિક કહી શકાય એવું હવાઈ જહાજ બનાવ્યું અને ઉડાડી બતાવ્યું.

* જે વસ્તુ આખી દુનિયાએ અશક્ય છે એમ કહી હતી તેને આ બંને રાઈટ બ્રધર્સે પોતાના આત્મવિશ્વાસથી સાબિત કરી દેખાડી.



- વહાલા જિજ્ઞાસુ વાચક મિત્રો!

* કહેવાનો મતલબ છે કે, દૃઢ આત્મવિશ્વાસથી જ કોઈપણ વસ્તુ મેળવી શકાય છે.

* આ દુનિયામાં

* ખોવાઈ ગયેલ,

* લૂંટાઈ ગયેલ મતા કે પછી

* આખી જિંદગી મહેનત કરીને જે સામ્રાજ્ય ઊભું કર્યું હોય એ સંપત્તિ જો પળવારમાં છિન્નભિન્ન થઈ જાય તો માણસ ચોક્કસ ભાંગી જાય તે છતાં એ બધું જ ફરી પાછું મળી શકે છે, પણ જો એકવાર આત્મવિશ્વાસ તૂટી ગયો તો જીવનમાં કાંઈ થઈ ન શકે.

વરસો જૂની ધર્મતેજ પૂર્તિને નવા-જૂના વાચક મિત્રોએ ઘણી બિરદાવી છે અને પોતાના વિચારો પણ અમને વખતોવખત લખી મોકલતા હોય છે.

આપ વાચક મિત્રોનાં સૂચનો અમને માર્ગદર્શન આપનારા બની રહેવા પામતા હોઈ, દિશા દાખવનારા બની રહે છે.

* * *

ગુલદસ્તા

- લાલાને થાળ ધરાવી બહાર જવાથી લાલો ભોજન આરોગતો નથી.

* પ્રભુ સામે હાથ જોડી, કીર્તન કરી આરોગવા કહો.

* સાહેબને પણ ચા પીવા માટે આગ્રહ કરવો પડે.

* જ્યાં પ્રેમ છે ત્યાં ભૂખ છે.

* પ્રેમ નથી ત્યાં પકવાન તુચ્છ છે એમ ભગવાન માટે સમજજો. ■

ભજનનો પ્રસાદ

# લાલસાહેબની સાધના ભૂમિકાનું ભજન...

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

રવિભાણ સંત પરંપરામાં નારી સંત શિષ્યો નહિવત છે. વડોદરાના વરણસીમા ઉપરાંત લાલસાહેબના પાટણ સાથે સંકળાયેલા પ્રેમાબાઈ અને બીજા મદયંતિ. મદયંતિ સંદર્ભે એવી ઘટના બનેલી કે લાલસાહેબે ગુરુ રવિસાહેબ માટે પાટણની જરિયન કિનખાબી શાલ તૈયાર કરાવેલી. સત્સંગ બોધ વખતે રવિસાહેબ એને ધારણ કરતાં. દુલર્ભરામ નામના એક બ્રાહ્મણે રવિસાહેબ પાસેથી એ માગી લીધી. દુર્લભરામ કામી અને દુરાચારી હતો. એણે પાટણની ગણિકા મદયંતિને શાલ ભેટ આપી. શાલને ઓઢતા જ મદયંતિને ખબર પડી કે આ શાલ તો સંત રવિસાહેબની છે અને એમના શિષ્ય લાલસાહેબનો પાટણમાં આશ્રમ છે. મદયંતિ એને ચરણે વંદન કરવા નીકળી પડી.

લાલસાહેબની જગ્યામાં મદયંતિને પ્રવેશતી જોઈને ભક્તજન સમુદાય અકળાયો. વારાંગના અહીં આશ્રમમાં ક્યાંથી? પણ લાલસાહેબે તો એને આવકારી અને કહ્યું, બેટા દીકરી તેં જે આ શાલ ધારણ કરી છે ને એ તો તપ, ધ્યાન અને વૈરાગ્યની ચૂંદડી છે એને ડાઘ ન લાગે એનું ધ્યાન રાખજે.

મદયંતિએ લાલસાહેબનું વાક્ય સાંભળતા જ એનું માયા, મોહ અને મદનું આવરણ દૂર થઈ ગયું. એમ કહેવાય છે કે એણે વૈરાગ્ય ભાવથી-ભક્તિ ભાવથી ઘણો વખત સુધી રવિસાહેબની નિશ્રામાં સાધના અને સેવા કરી. એ અંગેની એક સાખી પ્રચલિત છે.

*મદયંતિ બડ ભાગની, રવિસાહેબકો પાય*
*યહ જગ નાતા તોડકે, સાધસે કિન્હ સગાય*

મદયંતિએ રવિસાહેબ અને લાલસાહેબને ગુરુ માનીને આજીવન ભક્તિ-સાધનામાં લીન રહેવાનું વ્રત ધારણ કરેલું. લાલસાહેબનું આવું સૌહાર્દપૂર્ણ સાધક વ્યક્તિત્વ એમની વાણીમાં પણ અવલોકવા મળે છે એને આસ્વાદીએ -

**કબુદ્ધિને કાઢો તો સુખ થાય, ઘટ મેં આતમરામ જગાય...**

**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...ટેક**

**મૂળ કમળમેં ગુણપતિ રેવે, પૂજયે પરસન થાય,**
**જ્ઞાન તણા ઘોડા શણગારો, ચડે નૂરિજન રાય.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૧**

**જરણા જંબુરા શીલ ગલોલા, પ્રેમ પલીતા લગાઈ,**
**ભજન ભડાકા ધરણીધર કા, કુડ કપટ ઊડ જાય.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૨**

**તેજ તોપને હરદમ દારૂ, ગોળા જ્ઞાન લગાઈ,**
**મોહ ભ્રમકા મોરચા ભાંગ્યા, તસ્કર થાણા થપાઈ.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૩**

**સંતોષ રાય શૂન્ય પર બેઠા, સત શમશેર લગાઈ,**
**કામ ક્રોધ કું માર પકડે, કસણી ખરી કસાઈ.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૪**

**હરિ કા બંદા છોડયા ફંદા, પૂરા દર્શન પાઈ,**
**નિરાધાર ગુરુ અંતરજામી, તાકું શિશ નમાઈ.**



**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૫**

**આપાં મટિયાં સંશય છૂટિયાં, શૂરા સાચ કમાઈ,**
**હુકમી બંદા હજુર હાજર, અમ્મર પટો લખાઈ.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી. ...૬**

**દયા મહેર સત્‌ગુરુ સાહેબ કી, જો ખાટે સો ખાય,**
**લાલ કહે મેં કછુ ન જાણું, રવિગુરુ કબીરા ગાય.**
**કબુદ્ધિને કાઢો તો સુખ થાય જી.ઈ ...૭**

મૂળ વાત તો સાધના અને આત્મસાક્ષાત્કાર માટે ક્રિયાશીલ બનવા સાધકને દીશા દર્શન, પોતાને પ્રાપ્ત દિશા અને એનાથી પલટાયેલી દશાનું બયાન લાલદાસના ભજનો છે.

કબુદ્ધિ એટલે દુર્બુદ્ધિ નહીં પણ એમાં અવિદ્યાને મનમાંથી કાઢી નાખવાનો સંકેત છે. નિરંજન રાજયગુરુએ અહીં ગણપતિનો ઉલ્લેખ છે એનો અર્થ મુલાધાર ચક્રમાં ગણપતિનું સ્થાન છે. એની સાધના પરત્વે સંકેત કરીને ષટચક્રભટ્ટની ક્રિયા પરત્વે અંગુલિ નિર્દેશ કર્યો છે. અશ્વારોહી બનીને લડવાનું છે પણ એ અહીં સ્થુળ લડાઈની વાત નથી કહેતા. પરંતુ અવિદ્યા ઉપરાંત કુડ, કપટ, માયા, મમતાની સાથે યુદ્ધ છોડીને એમાં વિજયી થવાનું છે. જે કંઈ હથિયારની વાત છે. જંબુરા એટલે નાની તોપ. અહં નો ત્યાગ અને નિષ્કલંક ચારિત્ર્યરૂપી જ્ઞાનની ગોળી ધારણ કરવાની છે. શૂન્યની અનુભૂતિ સંતોષની વૃત્તિ ધારણ કરવાથી થાય. એવી કસેલી ધારદાર તલવાર છે કે એ કામનો નાશ કરે છે.

હરિના સેવકને, અંતર્યામી ગુરુની કૃપાથી પૂર્ણબ્રહ્મ પરમાત્માના દર્શનનો અનુભવ થતો હોય છે. એમને નમન કરવા. સ્વનો લોપ, આપ પણું મટી જાય અને સત્‌નો અનુભવ થાય. એટલે બંદાને-સાધકને-આત્મ સાક્ષાત્કાર અને અમરત્વ સુલભ બની રહે છે. જેને સદ્‌ગુરુની કૃપા-મહેર- પ્રાપ્ત થાય એ ખરા અર્થમાં ખાટે છે-પામે છે. લાલદાસ કહે છે કે હું કશું જાણતો નથી પણ ગુરુવર્ય રવિસાહેબની કૃપાથી આ બધું ગવાયું-કથાયું છે.

લાલસાહેબ રવિસાહેબની યોગસાધના ક્રિયાના ખરા વારસદાર છે. વિહાર-યાત્રા, નામ-જાપ સ્મરણના આજીવન ઉપાસક રહ્યા. લાલસાહેબ એ રીતે રવિસાહેબનું તેજસ્વી અનુસંધાન જણાય છે. એમની ભજનવાણી આજે પણ પ્રાસંગિક જણાય છે. ■

અલખનો ઓટલો


# સંત દ્વારા આખર વેળાનો ઉપદેશ

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

ગિરનારી સાધુ રામેતવનના શિષ્ય એવા જ્ઞાની-ઉપદેશક સંતકવિ ભોજાભગત / ભોજલરામ (જન્મ : ઈ.સ. ૧૭૮૫ વિદાય : ઈ.સ.૧૮૫૦)નો જન્મ દેવકીગાલોળ (તા. જેતપુર, જિ. રાજકોટ) ગામે લેઉવા કણબી જ્ઞાતિમાં થયેલો. પિતા : કરસનદાસ, માતા : ગંગાબાઈ, અવટંકે : સાવલિયા. પોતાના બે ભાઈઓ કરમણ અને જસા સાથે અમરેલી પાસેના ચક્કરગઢ ગામે ખેતી કરવા ગયા અને ફતેહપુર ગામ વસાવ્યું. અમરેલીના ગાયકવાડી સૂબા વિઠ્ઠલરાવને ઉપદેશ આપવા 'ચાબખા' પ્રકારનાં ભજનોની રચના કરેલી. શિષ્યો : ૧. જલારામ (વીરપુર), ૨. વાલમરામ (ગારિયાધાર), ૩. જીવણરામ (ફતેપુર). શિષ્ય જલારામને ત્યાં વીરપુર ગામે સમાધિ લીધી. રચનાઓ : 'ચેલૈયા આખ્યાન', વાર, તિથિ, મહિના સરવડાં, 'ભક્તમાળ' કાફી, હોરી, કક્કો, બાવનાક્ષરી અને ચાબખા. જગ્યા : ફતેપુર (અમરેલી) સંતકવિ ભોજા ભગતે પોતાના શિષ્ય જલારામને એવું વચન આપેલું કે અંત સમયે હું તારે ત્યાં આવીને પછી દેહ છોડીશ. એ પ્રમાણે ફતેપુરથી નીકળ્યા ત્યારે આ અંતિમ પદની રચના કરેલી..

**જી રે ભલાને ભાગ્ય છે એવી, ભલાની ભલાઈએ ભક્તિ આદરે,**
**-જી રે ભલાને ભાગ્ય છે એવી...૦**
**પોરાને પરમાણે એવું તેને ઉપન્યું રે, ભાઈલા તેં ભલું કીધલ કામ રે,**
**ભોજો ભગત તો રે એણી પેરે બોલિયા રે,**
**હાં રે જાણી હવે છેલ્લી વેળાના રામોરામ રે...**
**-જી રે ભલાને ભાગ્ય છે એવી...**

***




મધ્યકાળના અંતિમ સમયના ગણાતા, પ્રેમલક્ષણા ભક્તિધારાના પ્રમુખ ભક્તકવિ દયારામ વડોદરા જિલ્લાના ચાણોદના વતની હતા. જન્મ : ચાણોદ અથવા મોસાળના ડભોઈ ગામે. સાઠોદરા નાગર જ્ઞાતિમાં પ્રભુરામ ભટ્ટ અને માતા રાજકોરબાને ત્યાં વિ.સં.૧૮૩૩ ઈ.સ.૧૭૭૭ ભાદરવા સુદ ૧૧ શનિવારે, વિદાય : વિ.સં.૧૯૦૯ ઈ.સ.૧૮૫૩ મહા વદ ૫ સોમવાર. ઈષ્ટદેવ હાટકેશ્ર્વર, કુલધર્મ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ. એમણે પણ આખરવેળાનો ઉપદેશ આપતાં ગાયું છે..

**મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી,**
**મૂલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી..**
**- એવા મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી..૦**
**સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ**
**ફરીને મારગ મળવો છે નહીં, એવી તો છે અવળાઈ,**
**સમજીને ચાલો સીધા રે, ના જાશો ડાબા કે જમણી..**
**- એવા મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી..૦**

***

જો જો જગત થકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે, હવે જઈએ પોતાને ગામ,
સૂઝે છે હવે એવું રે, અવધ થઈ છે આપણી..
- એવા મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી..૦

***

મરવા ટાણે રે મેં થી તરત મરાશે,
હરિ હરિ હવે ઠીક થાશે..
-મરવા ટાણે રે મેં થી તરત મરાશે..૦
ઓસડ વેસડ ગંગા જમુના, વેદ નારાયણ થાશે,
સાધુ સંતો સરવે મળીને, રામ તણા જશ ગાશે..
-મરવા ટાણે રે મેં થી તરત મરાશે..૦
સુત વિત દારા ધન જોબનથી, જો મન અળગું થાશે,
કામ ક્રોધ મદ મેલી કરીને, હરિ ચરણે ચિત્ત જાશે..
-મરવા ટાણે રે મેં થી તરત મરાશે..૦
એવી રીતે રામ જપો, તો પૂરણ પદ પમાશે,
દયારામ કહે પૂરણ બ્રહ્મ છે, તેજમાં તેજ સમાશે..
-મરવા ટાણે રે મેં થી તરત મરાશે..૦

જૈન અવધૂત સંતકવિ આનંદઘનજીએ એટલે તો ગાયું છે -


અબ હમ અમર ભયે, ન મરેંગે,
યા કારન મિથ્યાત દિયો તજ, ક્યૂં કર દેહ ધરેંગે ?
-અબ હમ અમર ભયે, ન મરેંગે....૦
રાગ દોષ જગબંધ કરત હૈ, ઈનકો નાશ કરેંગે ;
મર્યો અનંત કાલતેં પ્રાની, સો હમ કાલ હરેંગે.
દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે ;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે.
-અબ હમ અમર ભયે, ન મરેંગે....૦
મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે ;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે.
-અબ હમ અમર ભયે, ન મરેંગે....૦

વિશેષ

# શાંતિ ને કરુણાનો સંદેશ આપે છે મહાવીર જયંતી

આર.સી. શર્મા
mahendra.punatar@bombaysamachar.com

જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મોત્સવ મહાવીર જયંતીના રૂપમાં આપણે મનાવીએ છીએ. જૈન સમુદાય માટે તો આ ખૂબ જ પવિત્ર અને અગત્યનું પર્વ છે. જે કરુણા અને શાંતિનો સંદેશ આપે છે. સાથે જ આધ્યાત્મિક જાગરણ અને આત્મશુદ્ધિનો ઉત્સવ છે. ભગવાન મહાવીરનો સૌથી અગત્યનો 'અંહિસા પરમો ધર્મઃ' સંદેશ છે. ભગવાન મહાવીરે તમામ જીવો પ્રતિ દયા અને કરુણા રાખવાનો સંદેશ આપ્યો છે. વર્તમાનમાં જ્યારે ચારેય બાજુ હિંસા અને તણાવ છે, એવામાં તેમનો આ સંદેશ ખૂબ પ્રાસંગિક છે.



સાથે જ તેમણે એમ પણ શીખવ્યું છે કે મનુષ્યએ પોતાની જરૂરિયાત કરતાં વધુ વસ્તુનો સંગ્રહ ન કરવો જોઈએ. ઉપરાંત સત્યને જીવનનો આધાર બનાવવો જોઈએ.

મહાવીર ભગવાને કઠોર તપ અને સંયમના માધ્યમથી જણાવ્યું કે મન અને ઈન્દ્રિયો પર સંયમ રાખવો જરૂરી છે. તેમનો આ સંદેશ સમગ્ર સમાજ અને દરેક તબક્કાના લોકો માટે અગત્યનો છે. તેમની સહિષ્ણુતા અને સહઅસ્તિત્વની અવધારણા એટલા માટે મહત્ત્વની છે કેમ કે ભારતમાં વિવિધ ધર્મના લોકો એકસાથે રહે છે. અહિંસા, સહિષ્ણુતા અને શાંતિનો તેમનો આ સંદેશ તમામ લોકોને પ્રભાવિત કરે છે. મહાવીર જયંતીના દિવસે શોભાયાત્રા કાઢવામાં આવે છે. ગરીબોને ભોજન અને વસ્ત્ર દાન કરવામાં આવે છે. સાથે જ લોકોને સેવા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. તેમણે કુદરત સાથે સંતુલન બનાવીને રાખવાની પ્રેરણા આપી છે. આ દિવસે સાદગી, સંયમ અને નૈતિકતાનો પાઠ વર્ણવવામાં આવે છે. આ મૂલ્યો જીવન જીવવાની કળા શીખવે છે. સાથે જ જૈન સમાજ વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. દેરાસરમાં અભિષેક અને વિવિધ પૂજન કાર્યક્રમો કરવામાં આવે છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ટાઢ | સીધું |
| ટેકરાળ | તકલાદી |
| ટેડું | ઢીલું |
| ટટ્ટાર | સમથળ |
| ટકાઉ | તાપ |

### માતૃભાષાની મહેક

નિશા - નિરાશા ટળશે કાળી, ઉષા ઊજળી ઝગશે, આજ ડૂબ્યો સવિતા તે શું નહીં કાલ પ્રભાતે ઊગશે? નિશા એટલે રાત અને ઉષા એટલે પ્રભાત - સવાર. નિરાશા ઘોર અંધકાર જેવી કાળી ડિબાંગ હોય છે અને એના પછી સોનેરી કિરણો રેલાવતી ઝગારા મારતી સવાર પડે જ છે જે આશાનું પ્રતીક છે.

### ગુજરાત મોરી મોરી રે

જેસલ તોરલ સમાધિ અને શ્રી પંજોરા પીર ટેકડી હિન્દૂ મંદિર કચ્છના કયા વિસ્તારમાં સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) અંજાર
બ) માંડવી
ક) રાપર
ડ) ભુજ

### ઈર્શાદ

એમ પીડાઓ મજા કરતી રહી,
જાણે આવી હોય મારી જાનમાં!
--- નિનાદ અધ્યારુ

### શબ્દલાલિત્ય - કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | ૪ | |
| | | | | ૫ | | | | | |
| | | | | | | | ૬ | | ૭ |
| | ૮ | | | ૯ | | ૧૦ | | | |
| | | | ૧૧ | | | | | ૧૨ | |
| ૧૩ | | | | | ૧૪ | | | | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| ૧૭ | ૧૮ | | | | | | | | ૧૯ |
| | | | ૨૦ | | | | | | |
| ૨૧ | | | | | | ૨૨ | | | |

#### આડી ચાવી

૧ જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય તેવી સૌભાગ્યવતી સ્ત્રી (૪)
૩ જૂઠાબોલું (૪)
૫ આશ્ચર્ય, નવાઇ (3)
૬ જગત, વિશ્વ (3)
૮ મૂર્તિના શણગાર (જૈન) (૨)
૯ એકમત (૪)
૧૧ મિજાજ, અહંકાર (૨)
૧૨ બે ધ્રુવને સાંધતી કલ્પિત સુરેખા (૨)
૧૩ સ્વપ્નું (૨)
૧૪ ચેહ (૨)
૧૫ પરવા, કાળજી (૪)
૧૬ કિમતી પથ્થર, રત્ન (૨)
૧૭ પુખ્ત વિચારનું, શાણું (3)
૨૦ દારૂનો દુકાનદાર (3)
૨૧ સાથી (૪)
૨૨ બડાબડી

#### ઊભી ચાવી

૧ પૂર્વે ન બન્યું હોય તેવું (3)
૨ છેલાઇ, ટાપટીપ (૪)
3 પોશ (૨)
૪ ભારે (3)
૫ આગેવાન, નાયક (૪)
૬ લખત, દસ્તાવેજ (૨)
૭ અદાલત (3)
૮ નાચવું નહીં તેને ---- વાંકુ (3)
૧૦ હેત, સ્નેહ (3)
૧૧ ઘોડો (3)
૧૨ પૃથ્વી (3)
૧૩ સૌરાષ્ટ્ર (3)
૧૪ લાંબો સમય (૪)
૧૫ સૈન્ય (૨)
૧૬ છોડી છૂટે નહીં એવી ગાંઠ (૪)
૧૮ ---- દાણાંદાણ (3)
૧૯ મુંબઇ નગરી પૂંછ વિનાની ---- (3)
૨૦ ---- ભલા, હોગા ભલા (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ૨ સુ | ૩ દે | વ | | | ૪ ઝ | ૫ વે | રા | ૬ ત |
| ૭ નિ | ષ્ફુ | ર | | ૮ છૈં | યો | | રા | | ર |
| તા | | ૯ ડી | ટિ | યું | | ૧૦ મ | ન | સૂ | બો |
| | ૧૧ ઈ | | | છો | | સ્તી | | | ળ |
| ૧૨ આ | શા | | ૧૩ ર | ક | ૧૪ મ | | ૧૫ શા | ૧૬ દી | |
| | ૧૭ રા | શ | | ૧૮ રું | ધ | ન | | ૧૯ વા | યુ |
| ૨૦ અ | | | ૨૧ ત્ર | | દ | | | નું | |
| ૨૨ પા | ય | ૨૩ દ | સ્ત | | ૨૪ રિ | વા | ૨૫ જ | | ૨૬ હે |
| હિ | | વા | | ૨૭ છાં | યે | | ૨૮ ન | ૨૯ ગ | ર |
| ૩૦ જ | ડ | ત | ર | | | ૩૧ ગ | ની | મ | ત |

### ઓળખાણ પડી?



મહાકાળી, મહાલક્ષ્મી ને સરસ્વતીની વિશાળ મૂર્તિ ધરાવતું ત્રિપુર સુંદરી મંદિર મધ્ય પ્રદેશના કયાં શહેરમાં સ્થિત છે એ ઓળખી કાઢો.

અ) રતલામ બ) ગ્વાલિયર ક) ઈન્દોર ડ) જબલપુર

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'નાયિકા કમાડને અઢેલીને ઊભી છે' પંક્તિમાં કમાડનો અર્થ શું થાય એ જણાવો.

અ) કૂંચી બ) કમર ક) દરવાજો ડ) ઘૂંટણ

### માઈન્ડ ગેમ

વિવિધ દેશના આર્થિક વ્યવહારમાં અલગ ચલણ હોય છે. ઈરાન - યુએસ યુદ્ધમાં સપડાયેલા દુબઈમાં કયું ચલણ અસ્તિત્વમાં છે?

અ) પાઉન્ડ બ) ક્રોન ક) રિયાલ ડ) દીરહામ

### સુડોકુ-૯૨૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | ૬ | | ૨ | | ૭ | ૪ |
| ૯ | | ૫ | | | | ૬ | | ૨ |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| ૨ | ૩ | | | | | | ૪ | ૫ |
| | | ૪ | | | | ૯ | | |
| ૫ | ૭ | | | | | | ૧ | ૬ |
| ૧ | | | | ૭ | | | | ૯ |
| ૪ | | ૭ | | | | ૩ | | ૮ |
| ૬ | ૨ | | ૯ | | ૪ | | ૫ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૨ | ૯ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૫ | ૬ | ૪ |
| ૪ | ૧ | ૩ | ૭ | ૫ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૮ |
| ૮ | ૬ | ૪ | ૩ | ૭ | ૯ | ૨ | ૧ | ૫ |
| ૫ | ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૬ |
| ૩ | ૭ | ૧ | ૫ | ૪ | ૮ | ૬ | ૨ | ૯ |
| ૨ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૪ | ૭ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| ટેઢુ | સીધું |
| ટેકીલું | દંભી |
| ટેકરો | ખાડો |
| ટોચ | નીચાણ |
| ટીખળ | બદનક્ષી |

**ગુજરાત મોરી મોરી રેઃ** ગાંધીનગર

**ઓળખાણ પડી?** નાશિક

**માઈન્ડ ગેમ :** પેસો

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પ્રારંભ

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપુર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નૈશદ્ધ દેસાઈ (૯) પુષ્પા પટેલ (૧૦) ભારતી બુચ (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરુ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) લજીતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કાપડીયા (૨૨) નિખીલ બંગાળી (૨૩) અમીષી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વીણા સંપટ (૨૯) અંજુ ટોલીયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ મટાલીયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોક (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯)જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતીલાલ બજરીય (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્રી (૪૩) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી

# હાર્દિકની એક ઓવરમાં બન્યા ૨૬ રન, રોહિતભાઈ ખૂબ ગુસ્સામાં હતા





મુંબઈ: અહીં વાનખેડે સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે આઇપીએલ-૧૯ની લીગ મૅચમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના કૅપ્ટન અજિંક્ય રહાણે (૬૭ રન, ૪૦ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) અને સાથી ઓપનર ફિન ઍલન (૩૭ રન, ૧૭ બૉલ, બે સિક્સર, છ ફોર)ની જોડી ટીમ માટે મોટા ટોટલ માટેનો મજબૂત પાયો નાખી રહ્યા હતા એ દરમ્યાન એક તબક્કે કૅપ્ટન હાર્દિક પંડ્યા તેમ જ ભૂતપૂર્વ સુકાની રોહિત શર્મા સહિત ટીમના બધા ખેલાડીઓ ચિંતિત જણાયા હતા, કારણકે ત્યારે હાર્દિકની એક જ ઓવરમાં ૨૬ રન બન્યા હતા. એક તબક્કે એવું લાગતું હતું કે રોહિતે જાણે કૅપ્ટન હાર્દિક પર કોઈક વાતે ઠપકો આપ્યો હતો.

રહાણે અને તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપના હીરો ઍલનની જોડી શરૂઆતથી જ ધમાકેદાર રમી હતી. ટ્રેન્ટ બૉલ્ટની પ્રારંભિક ઓવરમાં ૧૦ રન અને ત્યાર બાદ હાર્દિકની બીજી ઓવરમાં ફક્ત ચાર રન બન્યા હતા. જોકે અફઘાનિસ્તાનથી આઇપીએલમાં પહેલી વખત રમવા આવેલા રાઇટ-આર્મ સ્પિનર એએમ ગઝનફરની ત્રીજી ઓવરથી ખરા ધમાકા શરૂ થયા હતા. એ ઓવરમાં ૧૭ રન બન્યા હતા. ઍલને બે છગ્ગા ઉપરાંત એક ચોગ્ગો ફટકારીને ગઝનફરને સંકેત આપી દીધો હતો કે આઇપીએલ વિશ્વની સર્વોત્તમ ક્રિકેટ લીગ છે અને એમાં સફળ થવા માટે લોઢાના ચણા ચાવવા પડે.

ગઝનફરની ૧૭ રનવાળી ઓવર બાદ હાર્દિકની ઓવર વધુ ખર્ચાળ બની હતી. એમાં ૨૬ રન બન્યા હતા. પહેલાં રહાણેએ બે સિક્સર ફટકારી હતી અને ત્યાર બાદ ઍલને ત્રણ ફોર ફટકારી હતી.

ચાર જ ઓવરમાં કોલકાતાનો સ્કોર ૦/૫૭ થઈ ગયો હતો. હાર્દિકે તરત જ 'આગ બુઝાવવા' જસપ્રીત બુમરાહને મોરચા પર ગોઠવી દીધો હતો. ઍલન અને રહાણેએ એક-એક ફોર ફટકારી હતી અને એ ઓવરમાં ૧૧ રન બન્યા હતા. હા, બુમરાહ પછી હાર્દિકે શાર્દુલ ઠાકુરને જવાબદારી સોંપી હતી અને તે સફળ થયો હતો. શાર્દુલના બીજા જ બૉલમાં તિલક વર્માના હાથમાં ઍલન કૅચઆઉટ થયો હતો.

# મુંબઈ ૧૪ વર્ષે સીઝનની પ્રથમ મૅચ જીત્યું, રોહિત-રાયન મૅચવિનર્સ

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં રવિવારે કોલકાતા (૨૦ ઓવરમાં ૪/૨૨૦) સામે મુંબઈ ()એ હોમ-ક્રાઉડના સપોર્ટ વચ્ચે શાનદાર પર્ફોર્મન્સ સાથે વિકેટથી વિજય મેળવ્યો હતો અને એ સાથે, મુંબઈની ટીમ આઇપીએલની સીઝનમાં પોતાની પ્રથમ મૅચ જીતી હોય એવું ૨૦૧૨ બાદ (૧૪ વર્ષે) પહેલી વખત બન્યું છે. રોહિત શર્મા (૭૮ રન, ૩૮ બૉલ, છ સિક્સર, છ ફોર) અને સાથી ઓપનર રાયન રિકલ્ટન (૮૧ રન, ૪૩ બૉલ, આઠ સિક્સર, ચાર ફોર)ની જોડીએ ૧૪૮ રનની ભાગીદારીથી મુંબઈ માટે મુશ્કેલ લાગતો વિજય શક્ય અને આસાન બનાવ્યો હતો.

સાંજે કોલકાતાના અજિંક્ય-ઍલનની પ્રારંભિક જોડીએ બૅટિંગ મળ્યા બાદ ૬૯ રનની ધમાકેદાર ભાગીદારીથી ટીમને ૨૨૦ રનનો મોટો સ્કોર અપાવ્યો એના રાત્રે જવાબમાં મુંબઈને રોહિત-રાયનની ઓપનિંગ જોડીએ દાવની સુપર-ડુપર શરૂઆત કરાવી આપી હતી. રોહિત શર્માએ ૨૩ બૉલમાં તો રાયન રિકલ્ટને ૨૪ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. એ પહેલાં, પ્રથમ બૅટિંગનો મોકો મળતાં કોલકાતાએ દમદાર શરૂઆત કરી હતી. અજિંક્ય રહાણે (૬૭ રન, ૪૦ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) અને સાથી ઓપનર ફિન ઍલન (૩૭ રન, ૧૭ બૉલ, બે સિક્સર, છ ફોર) આ શાનદાર ઇનિંગ્સના બે પ્રારંભિક હીરો હતા. જોકે વિકેટકીપર અંગક્રિશ રઘુવંશી (૫૧ રન, ૨૯ બૉલ, બે સિક્સર, છ ફોર) તેમ જ રિન્કુ સિંહ (૩૩ અણનમ, ૨૧ બૉલ, ચાર ફોર)ના પણ ૨૨૦ રનમાં મહત્ત્વના યોગદાન હતા.

મુંબઈ વતી ચારમાંથી પહેલી ત્રણેય વિકેટ પેસ બોલર શાર્દુલ ઠાકરે અને એક વિકેટ હાર્દિકે લીધી હતી. બુમરાહ, બૉલ્ટ, માર્કન્ડેને વિકેટ નહોતી મળી. અફઘાનના નવા સ્પિનર ગઝનફરની ચાર ઓવરમાં ૫૧ રન બનતાં તેનું ડેબ્યૂ નિરાશાજનક રહ્યું હતું. ■

# આજે ચેન્નઈ-રાજસ્થાનનો જંગ: બ્રેવિસ નહીં રમે, વૈભવ પર સૌની નજર

ગુવાહાટી: અહીં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને રાજસ્થાન રૉયલ્સ (આરઆર) વચ્ચે જંગ થશે. સીએસકેનો આક્રમક બૅટ્સમૅન અને અગાઉ મુંબઈ વતી રમી ચૂકેલો સાઉથ આફ્રિકાનો ડેવાલ્ડ બ્રેવિસ કમરના દુખાવાને લીધે આજની મૅચ સહિત થોડી મૅચો નથી રમવાનો. સીએસકેને તેની ખોટ વર્તાશે. ધોની પણ આજની મૅચ ઉપરાંત બીજી લગભગ પાંચ મૅચમાં નહીં રમે.

જોકે ત્રણ દિવસ પહેલાં ૧૫મો જન્મદિન ઉજવનાર ઓપનર વૈભવ સૂર્યવંશીના પર્ફોર્મન્સ પર સૌની નજર રહેશે. તેણે ગયા વર્ષે ૩૫ બૉલમાં યંગેસ્ટ-ફાસ્ટેસ્ટ સેન્ચુરિયનનો વિક્રમ નોંધાવ્યો હતો.

# મોદી 'મન કી બાત'માં જમ્મુ-કાશ્મીરના ક્રિકેટરો પર આફરીન







નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રણજી ટ્રોફીમાં પહેલી જ વખત ટાઇટલ જીતનાર જમ્મુ-કાશ્મીરની ટીમને રવિવારે રેડિયો પરના 'મન કી બાત' કાર્યક્રમમાં અભિનંદન આપ્યાં હતાં, ટીમની ભરપૂર પ્રશંસા કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે આ ખેલાડીઓ ભવિષ્યમાં જીતની પરંપરા જાળવી રાખશે.

મોદીએ 'મન કી બાત'માં કહ્યું હતું કે 'દેશભરના ક્રિકેટપ્રેમીઓ માટે માર્ચ મહિનો ઉત્સાહ અને રોમાંચથી ભરપૂર હતો. ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો ત્યારે સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો અને ભારતીય ટીમ પર દેશવાસીઓને ખૂબ ગર્વ છે.'

જમ્મુ-કાશ્મીરની સિદ્ધિની વાત કરતા મોદીએ કહ્યું, 'ગયા મહિનાના છેવટના દિવસોમાં કર્ણાટકના હુબલીમાં રોચક મૅચ રમાઈ ગઈ જેમાં જમ્મુ-કાશ્મીરની ટીમે વિજય મેળવીને ટ્રોફી મેળવી લીધી હતી. વધુ ખુશીની વાત એ છે કે આ રાજ્યએ લગભગ સાત દાયકાના લાંબા સમયગાળા સુધી રાહ જોયા બાદ છેવટે પહેલી વખત ટાઇટલ મેળવ્યું. આ અભૂતપૂર્વ સફળતા ખેલાડીઓની એકધારી મહેનતનું જ પરિણામ છે. જમ્મુ-કાશ્મીર ટીમના કૅપ્ટન પારસ ડોગરાએ અદ્ભુત કૌશલ્યનું પ્રદર્શન કર્યું. તેમણે ટીમનું નેતૃત્વ સંભાળીને ટીમના ઐતિહાસિક વિજયમાં મહત્ત્વનું યોગદાન આપ્યું.'

કાશ્મીરના યુવાન પેસ બોલર આકિબ નબીના પણ મોદીએ ખૂબ વખાણ કર્યાં હતાં. નબીએ આખી રણજી ટ્રોફીમાં હાઇએસ્ટ ૬૦ વિકેટ લીધી હતી. મોદીએ કહ્યું, 'આકિબ નબીના શાનદાર પ્રદર્શનની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. આ સિદ્ધિ બદલ જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓ તથા કોચિંગ-સ્ટાફની સાથે રાજ્યના લોકો પણ ખૂબ રોમાંચિત છે. આ ઉપલબ્ધિ બદલ રાજ્યના લોકોમાં ખેલકૂદ પ્રત્યે ઉત્સાહ વધી ગયો છે. ખેલો ઇન્ડિયા વિન્ટર માટે ગુલમર્ગ અગાઉથી જ ઓળખ બનાવી ચૂક્યું છે. આ રાજ્યમાં ફૂટબૉલ જેવી રમત પણ ખૂબ લોકપ્રિય છે.' ■

# પાકિસ્તાની બોલર નસીમ શાહે વડા પ્રધાન શેહબાઝ શરીફની ભત્રીજી વિશે ટિપ્પણી કરી, ક્રિકેટ બોર્ડ ગુસ્સે થયું





લાહોર: પાકિસ્તાનના પેસ બોલર નસીમ શાહે તાજેતરમાં ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફની પુત્રી અને વર્તમાન પ્રાઇમ મિનિસ્ટર શેહબાઝ શરીફની ભત્રીજી મરયમ નવાઝ વિશે તાજેતરમાં એક ટિપ્પણી કરી એ બદલ નસીમ શાહ પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ખફા છે અને નસીબ વિરુદ્ધ પગલાં ભરશે એવી સંભાવના છે.

મરયમ નવાઝ પંજાબ પ્રાંતની મુખ્ય પ્રધાન છે. નસીમ શાહે એક્સ પરના પોતાના અકાઉન્ટ પરની એક પોસ્ટમાં એક મુદ્દા સંબંધમાં મરયમ નવાઝ વિશે એવી કમેન્ટ કરી હતી કે 'તે જાણે લૉર્ડ્સની મહારાણી હોય એવી તેની સરભરા શું કામ કરો છો?'

નસીમ શાહનું એક્સ અકાઉન્ટ હૅક થઈ ગયું હોવાનો પણ અહેવાલ આવ્યો હતો. જોકે પીસીબીએ હાલમાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમી રહેલા નસીમને કારણદર્શક નોટિસ મોકલી છે. નસીમને પીસીબી બોલાવશે અને બધી વાતે ચોખવટ માગશે.

નસીમ શાહ પીએસએલની નવી ટીમ રાવલપિન્ડીઝ નામની ટીમમાં છે. પીસીબીનો નિયમ કહે છે કે કોઈ પણ ખેલાડી બૉર્ડે ટિપ્પણી કરવા સંબંધમાં નક્કી કરેલા પ્રૉટોકૉલનો ભંગ ન કરી શકે.

શનિવારે રાવલપિન્ડીઝ ટીમની પેશાવર ઝલ્મી સામે જે મૅચ રમાઈ હતી એમાં નસીમ શાહને ૫૧ રનમાં એકેય વિકેટ નહોતી મળી. આખી મૅચમાં તે સૌથી ખર્ચાળ બોલર સાબિત થયો હતો. રાવલપિન્ડીઝ ટીમનો એ મુકાબલામાં પાંચ વિકેટે પરાજય થયો હતો. ■

# 'અરે ભાઈ, એ બોલિંગ જ ન કરી શકે તો શું કામ રમે?': દિગ્ગજ ખેલાડીની ક્રિકેટર-પત્નીએ આવી ચોખવટ કરવી પડી





કેટલાક ચાહકોએ સોશ્યલ મીડિયામાં ટિપ્પણીઓ કરી છે જે સ્ટાર્કની પત્ની અલીઝા હિલીને નથી ગમી એટલે તેણે ખુલાસો કરવો પડ્યો છે

સિડની: ઑસ્ટ્રેલિયાના મિચલ સ્ટાર્ક, પૅટ કમિન્સ, જોશ હૅઝલવૂડ સહિત કેટલાક વિદેશી ખેલાડીઓ ઈજાને કારણે આઇપીએલમાં શરૂઆતથી નથી રમવાના અને ૧૦માંથી મોટા ભાગના ફ્રૅન્ચાઇઝીઓને તેમની ખોટ તો વર્તાશે, પરંતુ ખાસ કરીને સ્ટાર્ક કે જેના માટે દિલ્હી કૅપિટલ્સના ફ્રૅન્ચાઇઝીએ ૧૧.૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે તે હજી નથી રમવાનો એ બદલ તેના કેટલાક ચાહકોએ સોશ્યલ મીડિયામાં ટિપ્પણીઓ કરી છે જે સ્ટાર્કની પત્ની અલીઝા હિલીને નથી ગમી એટલે તેણે ખુલાસો કરવો પડ્યો છે.

## દિલ્હી પાસે બીજા કયા પેસ બોલર્સ છે?

અલીઝા હિલી ઑસ્ટ્રેલિયાની પીઢ મહિલા ક્રિકેટર છે. મિચલ સ્ટાર્કની પત્ની અલીઝા હિલી ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન વિકેટકીપર ઇયાન હિલીની ભત્રીજી છે. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર સ્ટાર્ક દિલ્હી કૅપિટલ્સના મુખ્ય બોલરમાંથી એક છે.

ટીમના બીજા પેસ બોલર્સમાં લુન્ગી ઍન્ગિડી, દુષ્મન્થા ચમીરા, ટી. નટરાજન, મુકેશ કુમાર, કાઇલ જૅમીસન અને આકિબ નબીનો સમાવેશ છે.

## સ્ટાર્ક પત્ની સાથે પહોંચ્યો ગૉલ્ફ કોર્સમાં

ઑસ્ટ્રેલિયાનો જ પૅટ કમિન્સ સનરાઇઝર્સ હૈદરાબાદનો સુકાની છે અને તે ઈજામુક્ત થઈને ૧૦થી ૧૨ દિવસમાં રમશે એવી સંભાવના છે, પણ સ્ટાર્ક વિશે કોઈ સ્પષ્ટતા બહાર ન આવતાં સોશ્યલ મીડિયામાં સ્ટાર્કના ચાહકો મૂંઝવણમાં છે. દિલ્હી કૅપિટલ્સને હજી ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તરફથી સ્ટાર્કની ફિટનેસનું સર્ટિફિકેટ નથી મળ્યું.

આઇપીએલમાં શરૂઆતથી સ્ટાર્કની ગેરહાજરી હોવાથી તેના કેટલાક ચાહકો સોશ્યલ મીડિયામાં તેને વખોડી રહ્યા છે.

સ્ટાર્ક પત્ની અલીઝા હિલી અને કેટલાક મિત્રો સાથે (સોશ્યલ મીડિયા પરની એક પોસ્ટમાં) ગૉલ્ફ કોર્સમાં જોવા મળ્યો એટલે સ્ટાર્કને નિશાન બનાવવાનું શરૂ થઈ ગયું. અનમોલ નામના ક્રિકેટપ્રેમીએ લખ્યું, 'હૈદરાબાદના કમિન્સ અને હૅઝલવૂડ ઈજા હોવા છતાં તેમની ટીમ વતી મોડા વહેલા રમવાના છે, પરંતુ સ્ટાર્ક વિશે કોઈ જ સ્પષ્ટતા નથી મળી.'

સ્ટાર્કને ખભામાં અને કોણીમાં ઈજા છે. અલીઝા હિલીએ જવાબમાં લખ્યું છે, 'અરે ભાઈ, મિચલ ઈજાગ્રસ્ત છે. તે બોલિંગ જ ન કરી શકે તો કેવી રીતે રમે?'

# આઇપીએલમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ભારતીયોમાં હવે કોહલી નંબર-વન



બેંગ્લૂરુ: ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીએ આઇપીએલની નવી સીઝનના પહેલા જ દિવસે મૅચ-વિનિંગ અણનમ ૬૯ રન કરવાની સાથે એક અગત્યનો રેકૉર્ડ પોતાના નામે કરી લીધો હતો. તે આઇપીએલના ઇતિહાસમાં ભારતીય ઓપનર તરીકે સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી બની ગયો છે.

કોહલીએ કે. એલ. રાહુલનો વિક્રમ તોડ્યો છે. જોકે દિલ્હી કૅપિટલ્સની બુધવાર, પહેલી એપ્રિલે લખનઊ સુપર જાયન્ટ્સ સામે જે મૅચ રમાશે એમાં ઓપનર તરીકે રાહુલ સિક્સરનો વરસાદ વરસાવીને કોહલીથી આગળ નીકળી શકશે.

કિંગ કોહલી શનિવાર પહેલાં છેલ્લી ટી-૨૦ ૨૦૨૫ની આઇપીએલમાં રમ્યો હતો. ત્યારે તેણે ફાઇનલમાં ૩૫ બૉલમાં ૪૩ રન કરીને ટીમને ઐતિહાસિક ટ્રોફી મેળવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ત્યાર બાદ તે શનિવારે ૧૦ મહિના બાદ જે પ્રથમ મૅચ રમ્યો એમાં તેણે ૩૮ બૉલમાં પાંચ સિક્સર અને પાંચ ફોરની મદદથી અણનમ ૬૯ રન કર્યા હતા.

કોહલીએ આઇપીએલમાં કુલ મળીને ૧૨૯ મૅચમાં દાવની શરૂઆત કરી છે અને ૧૮૧ સિક્સર ફટકારી છે. તે આઇપીએલમાં માત્ર આરસીબી વતી રમ્યો છે. તેણે કરીઅરની શરૂઆત મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન તરીકે કરી હતી, પણ પછીથી ઓપનિંગમાં ટૅલન્ટ બતાવવાની શરૂઆત કરી હતી. કોહલીએ ભારતીય ઓપનર્સમાં સૌથી વધુ ૧૭૯ સિક્સર ફટકારનાર રાહુલને પાછળ રાખી દીધો છે.

રાહુલ સંયમ સાથે વેગપૂર્વક રન બનાવવા માટે જાણીતો છે. તેણે ૧૦૩ ઇનિંગ્સમાં ૧૭૯ છગ્ગા ફટકાર્યા છે. 'ગબ્બર' તરીકે જાણીતા શિખર ધવને આઇપીએલની ૨૦૨ ઇનિંગ્સમાં ઓપનિંગ કર્યું હતું જેમાં તેણે કુલ ૧૪૩ છગ્ગા ફટકાર્યા હતા. 'હિટમૅન' રોહિત શર્માએ ૧૧૭ ઇનિંગ્સમાં ઓપનર તરીકે રમીને ૧૪૦ સિક્સર ફટકારી હતી. ■

# ધોનીએ ૧૮ વર્ષમાં પાંચ મૅચ ગુમાવી હતી, હવે બે અઠવાડિયામાં છ મૅચ ગુમાવશે



ચેન્નઈ: મહેન્દ્ર સિંહ ધોની ૨૦૦૮થી માંડીને ૨૦૨૫ સુધીમાં આઇપીએલની કુલ ૧૮ સીઝનમાં ફિટનેસના કારણસર ફક્ત પાંચ મૅચ નહોતો રમી શક્યો, પણ હવે તે પગના દુખાવાને લીધે આવનારા લગભગ ત્રણ અઠવાડિયા દરમ્યાન કુલ છ મૅચ નહીં રમે એવું જાણવા મળ્યું છે.

ધોની ૪૪ વર્ષનો છે. તે ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયો હતો અને ત્યાર બાદ ૬ વર્ષે આઇપીએલમાં રમ્યો છે. ૨૦૨૩માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ વિક્રમજનક પાંચમી વખત ટાઇટલ જીતી હતી અને ત્યારે ધોની આઇપીએલમાંથી પણ રિટાયર થઈ જવા માગતો હતો, પરંતુ કરોડો ક્રિકેટપ્રેમીઓની લાગણીને તેણે રમવાનું ચાલુ રાખ્યું છે.

# ધારાવી ઈલેવન છેલ્લા બૉલની સિક્સર સાથે ડીપીએલ સીઝન-૩માં ચૅમ્પિયન, ધમાકેદાર ઉજવણી કરાઇ



મુંબઈ: ધારાવી પ્રીમિયર લીગ (ડીપીએલ)ની ત્રીજી સીઝન શનિવારે શાનદાર રીતે સમાપ્ત થઈ હતી જેમાં ધારાવી ઇલેવને છેલ્લા બૉલ પર છગ્ગો ફટકારવાની સાથે નાટકીય વિજય મેળવ્યો હતો અને ધારાવીના ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ક્લબ ખાતે બે દિવસની જોશપૂર્ણ ક્રિકેટ, ખીચોખીચ ભરેલા સ્ટૅન્ડનો સુંદર માહોલ અને સમુદાયની જીવંત ભાગીદારીનો અંત આવ્યો હતો.

## ધારાવી ઈલેવનની યાદગાર જીત

આ ટૂર્નામેન્ટમાં ૧૪ ટીમ અને ૨૧૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ધારાવીમાંથી ઉત્સાહી ભીડ આ બે દિવસીય ટૂર્નામેન્ટ જોવા ઊમટી પડી હતી. શરૂઆતની અને મધ્યની એક્સાઇટિંગ મૅચો બાદ રોમાંચક ફાઇનલમાં ધારાવી ઇલેવને ટૉસ જીતીને ફીલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો અને શિસ્તબદ્ધ બોલિંગનું પ્રદર્શન કરીને એસએસડી સ્પોર્ટ્સ ટીમને ૪૪/૫ સુધી મર્યાદિત રાખી હતી. ત્યાર બાદ ભારે તણાવનો માહોલ રહ્યો હતો જે છેલ્લા બૉલ સુધી ચાલ્યો હતો. અંતિમ બૉલ પર સાત રનની જરૂર હતી ત્યારે મૅચમાં વળાંક આવ્યો હતો, કારણકે વાઇડ ડિલિવરી પછી એક જબરદસ્ત સિક્સર ફટકારવામાં આવી હતી, જેનાથી ધારાવી ઇલેવને યાદગાર જીત મેળવી અને દર્શકો ઉત્સાહિત થઈ ગયા હતા.

કિલર બૉય્ઝ ટીમનો વસીમ ખાન ટૂર્નામેન્ટનો શ્રેષ્ઠ ખેલાડી બન્યો હતો. તેણે અસાધારણ ઑલરાઉન્ડ પ્રદર્શન બદલ શ્રેષ્ઠ બૅટર, શ્રેષ્ઠ બોલર અને મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડ મેળવ્યા હતા.

સમાપન સમારોહમાં બોલતા સ્થાનિક સમુદાયના નેતા શ્રીમતી મંદા ભાવેએ કહ્યું હતું કે 'ધારાવીના યુવાનો ઘણીવાર સાંકડી ગલીઓમાં રમે છે, પરંતુ આ સ્તરની ટૂર્નામેન્ટનું આયોજન ખરેખર નોંધપાત્ર છે. તે તેમને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ આપે છે અને સમગ્ર સમુદાયને ગર્વથી ભરી દે છે.'

નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (એનએમડીપીએલ) દ્વારા આયોજિત ધારાવી પ્રીમિયર લીગ એક મુખ્ય પહેલ તરીકે વિકસિત થઈ રહી છે જે રમતગમતને સામાજિક પ્રભાવ સાથે જોડે છે. કંપનીએ રમતગમત, આરોગ્ય માટેની પહેલ અને સમુદાય સંબંધિત કાર્યક્રમો દ્વારા યુવાનોના જોડાણને સતત ટેકો આપ્યો છે.

## ચૅમ્પિયન ટીમને એક લાખ રૂપિયાનું ઇનામ

વિજેતા ટીમ, ધારાવી ઇલેવનને ટ્રોફી સાથે એક લાખનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું. રનર-અપ એસએસડી સ્પોર્ટ્સને ટ્રોફી સાથે ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા. ટૂર્નામેન્ટ દરમ્યાન અનેક 'મૅન ઑફ ધ મૅચ' અવૉર્ડ દ્વારા વ્યક્તિગત શ્રેષ્ઠતાને પણ માન્યતા આપવામાં આવી હતી.

## ક્રિકેટર સિમરન શેખ ધારાવીની જ દેન છે

એનએમડીપીએલના સતત પ્રયાસોનો ઉદ્દેશ્ય એક એવું પ્લેટફૉર્મ પૂરું પાડવાનો છે જ્યાં ધારાવીના યુવાનો પોતાની સફળતાની સ્ટોરી બનાવી શકે. આવું જ એક પ્રેરણાદાયી ઉદાહરણ સિમરન શેખ છે, જે સમુદાયમાંથી ઊભરી આવીને વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ગુજરાત જાયન્ટ્સનું પ્રતિનિધિત્વ કરી રહી છે. તેણે અસંખ્ય યુવા ખેલાડીઓને પ્રેરણા આપી છે. ■

# એટીએસના નામે સિનિયર સિટીઝન દંપતી સાથે ૨.૮૪ કરોડનું સાયબર ફ્રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) અને નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈ)ના અધિકારીઓના સ્વાંગમાં સિનિયર આઈપીએસ અધિકારી સદાનંદ દાતેના નામનો ઉપયોગ કરીને કાંજુર માર્ગમાં રહેતા સિનિયર સિટીઝન દંપતી પાસેથી સાયબર ઠગે 'ડિજિટલ અરેસ્ટ'ને નામે ખાસ્સા ૨.૮૪ કરોડ રૂપિયા પડાવ્યા હતા.

ઈસ્ટ રિજન સાયબર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર છેતરપિંડીની શરૂઆત ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫થી થઈ હતી. ૭૭ વર્ષના રહેવાસીની પત્ની નિવૃત્ત સરકારી અધિકારી છે. તેને પોલીસ અધિકારીના સ્વાંગમાં સાયબર ઠગે કૉલ કર્યો હતો અને આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા એક બૅન્ક ખાતા સાથે તેમનો આધાર કાર્ડ લિંક હોવાનું જણાવ્યું હતું. આ કેસની તપાસ લખનઊ એટીએસ કરી રહી છે, જેણે ૯૦ આતંકીની ધરપકડ કરી છે. પકડાયેલામાંથી એક આતંકી પાસેથી ફરિયાદીની આધારની વિગતો મળી હોવાનો દાવો ઠગે કર્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે પછી બીજા શખસે એટીએસના અધિકારી તરીકે વાત કરી અને વૉટ્સઍપ પર એનઆઈએના ડિરેક્ટર જનરલ સદાનંદ દાતેના હસ્તાક્ષરવાળું 'ગુપ્ત એગ્રીમેન્ટ' મોકલાવ્યું હતું. એ સિવાય આ સ્કૅમ સત્તાવાર હોવાનું દર્શાવવા આરબીઆઈના ડેપ્યુટી ગવર્નરના નામનો બનાવટી લેટર પણ મોકલાવ્યો હતો.

આરોપીઓએ ફરિયાદીને સિગ્નલ મેસેજિંગ ઍપ ડાઉનલૉડ કરવાની ફરજ પાડી હતી અને દંપતીને ઘરમાં પુરાઈ રહેવાની સૂચના આપી હતી. દંપતી હાલમાં ડિજિટલ અરેસ્ટ હેઠળ હોવાનો દાવો આરોપીએ કર્યો હતો. આ અંગે સંતાનો કે અન્ય કોઈને કશી પણ જાણ કરી તો ખરાબ પરિણામ ભોગવવાં પડશે, એવી ધમકી પણ આપી હતી.

તપાસ અને વેરિફિકેશનને નામે આરોપીઓએ દંપતીને ડરાવીને નાણાં ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું. ડરના માર્યા ફરિયાદીએ વિવિધ ટ્રાન્ઝેક્શન દ્વારા ૨.૮૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. નાણાં ટ્રાન્સફર કર્યા પછી આરોપીએ સંપર્ક તોડી નાખ્યો હતો. પછી તેમનો કોઈ સંપર્ક ન થતાં ફરિયાદીએ એનઆઈએની પેડર રોડ ઑફિસે તપાસ કરી હતી. આ સાયબર ફ્રોડ હોવાની ખાતરી થતાં પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ■



**મેગા બ્લોક:** મુંબઈ મહાનગરની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનના ત્રણ રૂટ પર રવિવારે જાળવણીના કામ હોવાથી નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ રેલવેના કર્મચારીને કામ કરતો જોઈને મુંબઈગરાને પોતાની હાલાકી ભૂલાઈ જશે. (અમય ખરાડે)

# બે બાળકી સાથે શરમજનક કૃત્ય કરનારા યુવકની ધરપકડ

થાણે: ભિવંડીમાં ૧૦ વર્ષની બે બાળકી સાથે શરમજનક કૃત્ય કરવા બદલ પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

ભિવંડી શહેર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ઈરફાન મશક શેખ (૨૩) તરીકે થઈ હતી. ભિવંડીમાં રહેતા શેખને શનિવારની વહેલી સવારે પકડી પાડવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે ભિવંડીના નવી બસ્તી પરિસરમાં બની હતી. આરોપીએ બે બાળકીને કથિત રીતે રોકી હતી અને પછી તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો.

એક બાળકીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પોક્સો ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

## શું રાજ્યમાં રાજકારણ બદલાશે

# શું બંને એનસીપી એક સાથે આવશે?

મુંબઈ: સ્વર્ગસ્થ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના આકસ્મિક મૃત્યુ પછી, મહારાષ્ટ્રના રાજકારણમાં મોટા વિકાસ શરૂ થયા છે. રાજ્યમાં એનસીપીના બે જૂથો વચ્ચેના વિલીનીકરણની ચર્ચાઓએ વેગ પકડ્યો છે. જો સુનેત્રા પવારનું નેતૃત્વ સ્વીકાર્ય હોય, તો તેમના માટે બધા દરવાજા ખુલ્લા છે, એમ સુનીલ શેલ્કેએ કહ્યું છે.

માવલના ધારાસભ્ય સુનીલ શેલ્કેએ મીડિયા સાથે વાતચીત કરી. આ પ્રસંગે, તેમણે બંને પક્ષોના વિલીનીકરણ અંગે સકારાત્મક વલણ રજૂ કર્યું. સુનેત્રા પવારે સ્પષ્ટ વલણ રજૂ કર્યું કે વર્તમાન પરિસ્થિતિમાં, પાર્ટીના ભવિષ્ય માટે એકસાથે આવવું જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને સુનેત્રા પવારના નેતૃત્વમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

'જો સુનેત્રા પવારના નેતૃત્વમાં પાર્ટીનો વિકાસ થઈ રહ્યો છે, તો તે આપણા માટે ગર્વની વાત છે. તે જ સમયે, શેલ્કેએ ચેતવણી પણ આપી હતી કે જો તેમનું નેતૃત્વ સ્વીકાર્ય ન હોય, તો તેમણે પાર્ટી છોડવાનો વિકલ્પ પસંદ કરવો જોઈએ.

સુનીલ શેલ્કેએ કહ્યું કે અજિત પવારના મૃત્યુથી સર્જાયેલો ખાલીપો હજુ પણ અનુભવાય છે. આ પ્રસંગે તેમણે અજિતના કાર્યને યાદ કરાવ્યું. બદલાતી રાજકીય પરિસ્થિતિમાં, ગઈકાલ ફરીથી એક થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં રાજ્યના રાજકારણ પર આની મોટી અસર પડે તેવી શક્યતા છે.

શિંદે જૂથના નેતા અને મંત્રી ઉદય સામંતે પણ ગઈકાલના વિલીનીકરણની ચર્ચા પર ટિપ્પણી કરી. મંત્રી ઉદય સામંતે કહ્યું, 'ત્યાં પણ સ્પર્ધા ચાલી રહી છે. અમને ખબર પડશે કે ત્યાં પણ કોણ જીતશે. અજિત પવાર ગયા પછી, મને ચર્ચા કરવાની કોઈ જરૂર નથી'. બધાનું ધ્યાન ગઈકાલ હવે ઉદય સામંતના નિવેદન પર શું ટિપ્પણી કરશે તેના પર છે. ■

# ગુપ્તાંગ વાઢી નાખ્યા પછી યુવાનને રસ્તા પર ફેંકી આરોપી ફરાર

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં બનલી ક્રૂરત ઘટનામાં યુવાનને નિર્જન ખેતરમાં લઈ ગયા પછી તેનું ગુપ્તાંગ વાઢી નાખવામાં આવ્યું હતું. પછી પીડાથી કણસતા યુવાનને રસ્તા પર ફેંકી આરોપી ફરાર થઈ ગયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ગંગાપુર-લાસૂર માર્ગ પરના શિંદેવાડી ફાટા પરિસરમાં શનિવારની સાંજે આ ઘટના બની હતી. ગંભીર રીતે ઘવાયેલા ૩૨ વર્ષના યુવાનને સારવાર માટે ગંગાપુર ઉપજિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

યોજનાબદ્ધ રીતે યુવાન પર થયેલા ક્રૂર હુમલાથી ખળભળાટ મચી ગયો હતો. કહેવાય છે કે સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ યુવાન શિંદેવાડી ફાટા નજીકથી પસાર થતો હતો ત્યારે અગાઉથી સંતાઈને બેસેલા હુમલાખોરોએ તેને ઘેરી લીધો હતો. રસ્તાને અડીને આવેલી શાળા પાસેથી યુવાનને ઊંચકીને નજીકના નિર્જન ખેતરમાં લઈ જવાયો હતો.

ખેતરમાં યુવાન પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. પછી મારઝૂડ કરી તેનું ગુપ્તાંગ વાઢી નાખવામાં આવ્યું હતું. અમાનુષી હુમલા પછી આરોપીઓ ગંભીર રીતે ઘવાયેલા યુવાનને ફરી રસ્તા પર ફેંકી ફરાર થઈ ગયા હતા. ખાસ્સો સમય સુધી યુવાન રસ્તા પણ પીડાથી કણસતો પડી રહ્યો હતો, પણ તેને કોઈ મદદ મળી નહોતી.

કહેવાય છે કે બનાવની જાણ થતાં યુવાનનો પિતરાઈ દોડતો આવ્યો હતો અને તે જ યુવાનને હૉસ્પિટલ લઈ ગયો હતો. આ પ્રકરણે ગંગાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ હુમલો જૂની અદાવતમાંથી થયો હોત કે પ્રેમપ્રકરણમાંથી તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદ માટે પાંચ નામ ચર્ચામાં

## સુનેત્રા પવાર માટે મોટો યક્ષ પક્ષ્ન: કમાન કોને સોંપવી?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાસિકના અશોક ખરાત કેસ પછી, રૂપાલી ચાકણકરે એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું. હવે આ પદ પર કોણ હોવા જોઈએ તે અંગે ચર્ચા શરૂ થઈ છે. આ પદ માટે ૫ નામ ચર્ચામાં છે.

નાસિકના સ્વ ઘોષિત અંકશાસ્ત્રી અશોક ખરાત કેસમાં રૂપાલી ચાકણકરે ખરાબ રીતે દુ:ખ સહન કર્યું હતું. આ કિસ્સામાં, રૂપાલી ચાકણકરે ગઈકાલ મહિલા પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. તે પહેલાં, તેમણે રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું હતું. રૂપાલી ચાકણકરે રાજીનામું આપ્યા પછી, હવે ગઈકાલ મહિલા પ્રદેશ પ્રમુખ કોણ બનશે તે અંગે ચર્ચા શરૂ થઈ છે. આ પદ માટે ગઈકાલના અજિત પવાર જૂથમાં સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. આ પદ માટે ૫ મહિલા નેતાઓ આગ્રહી છે. તેથી, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર સામે પડકાર એ છે કે આ પદ કોને આપવું.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદ માટે સના મલિક, સરોજ આહિરે, વૈશાલી નાગવડે, રાજલક્ષ્મી ભોસલે અને પ્રતિભા શિંદેના નામો આગળ ચાલી રહ્યા છે. આ ૫ મહિલા નેતાઓમાંથી એકને પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવશે. સુનેત્રા પવાર સામે મોટો પડકાર તેમાંથી એકને તક આપવાનો છે. અશોક ખરાત કેસ પ્રકાશમાં આવ્યો ત્યારથી, રૂપાલી ચકણકરના રાજીનામાની માંગ કરવામાં આવી રહી હતી.

વિપક્ષે રૂપાલી ચાકણકરે પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે તેમની ધરપકડ સાથે તેમના રાજીનામાની પણ માંગ કરી હતી. ત્યારબાદ રૂપાલી ચાકણકરે રાજીનામું આપ્યું હતું. ત્યારથી, આ પદ માટે સારી મહિલા નેતાની શોધ શરૂ થઈ ગઈ છે. કારણ કે આ એક મહત્વપૂર્ણ પદ છે, તેથી ઘણી મહિલા નેતાઓએ આ પદ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

એનસીપી મહિલા પ્રદેશ પ્રમુખ પદ માટે ચર્ચામાં રહેલા ૫ નામોમાં, સના મલિક ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી નવાબ મલિકની પુત્રી છે. તે લઘુમતી સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. બીજું નામ દેવલાલીના ધારાસભ્ય સરોજ આહિરેનું છે. તે એક અનુભવી અને અભ્યાસુ નેતા છે. ત્રીજું નામ પુણે શહેરના ભૂતપૂર્વ મેયર અને વર્તમાન પ્રદેશ ઉપાધ્યક્ષ રાજલક્ષ્મી ભોસલેનું છે. ચોથું નામ જલગાંવથી પ્રતિભા શિંદેનું છે. તેઓ તાજેતરમાં કોંગ્રેસમાંથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા છે. પાંચમું નામ વૈશાલી નાગવડેનું છે. તેઓ એનસીપીના મજબૂત નેતા છે અને પુણે જિલ્લામાં સક્રિય છે. ■

# રેલવે સ્ટેશન પર બાળક સાથે કુકર્મના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ

થાણે: નવી મુંબઈના પનવેલ રેલવે સ્ટેશનના અંધારિયા ભાગમાં ૨૦૧૯માં ૧૨ વર્ષના બાળક સાથે કુકર્મ આચરવાના કેસમાં આરોપીને કલ્યાણની વિશેષ અદાલતે ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

કલ્યાણ કોર્ટના સ્પેશિયલ જજ વી. એ. પત્રાવળેએ આરોપી શ્રીનિવાસ રમણ્ણા રેડ્ડીને ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટની જોગવાઈઓ હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો.

વિશેષ સરકારી વકીલ કદંબિની ખંડાગળેએ કોર્ટમાં જણાવ્યું હતું કે ઘટના ૨૫ જૂન, ૨૦૧૯ની રાતે બની હતી. ઘરવિહોણો બાળક પનવેલ સ્ટેશન પર બેઠો હતો ત્યારે આરોપી તેની નજીક આવ્યો હતો. ડ્રગ આપવાની લાલચે બાળકને અંધારિયા ભાગમાં લઈ ગયો હતો અને તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું.

ફરિયાદ પક્ષે આઠ સાક્ષી તપાસ્યા હતા. કેસ પુરવાર કરવા સીસીટીવી ફૂટેજ આરોપીના લોહીના ડાઘ સહિતના તબીબી પુરાવા પર આધાર રાખ્યો હતો.

કોર્ટે આરોપીને પોક્સો ઍક્ટની કલમ ૪ અને ૮ તેમ જ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૭ હેઠળ દોષી ઠેરવ્યો હતો. તેને ૧૦ વર્ષની જેલ અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમ પીડિતને ચૂકવવાનો આદેશ કોર્ટે આપ્યો હતો. (પીટીઆઈ) ■

# ઉદ્યોગપતિ વિજયપત સિંઘાનિયાના મુંબઈમાં અંતિમ સંસ્કાર





**અલવિદા વિજયપત સિંઘાનીયા:** જાણીતા ઉદ્યોગપતિ અને પદ્મભૂષણ વિજયપત સિંઘાનિયાનું શનિવારે મોડી રાતે નિધન થયું હતું અને રવિવારે મરીન લાઈન્સના ચંદનવાડી સ્મશાનગૃહમાં અંતિમક્રિયા કરવામાં આવી ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે હાજર હતા. (અમય ખરાડે)

મુંબઈ, ૨૯ માર્ચ (પીટીઆઈ) ઉદ્યોગપતિ અને રેમન્ડ ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન વિજયપત સિંઘાનિયાના રવિવારે મુંબઈમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

૧૯૮૦ થી ૨૦૦૦ સુધી કંપનીના સુકાન સંભાળનારા સિંઘાનિયાનું શનિવારે સાંજે ટૂંકી બીમારી બાદ અવસાન થયું. તેઓ ૮૭ વર્ષના હતા.

પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા વિજયપત સિંઘાનિયાના પાર્થિવ દેહને દક્ષિણ મુંબઈમાં તેમના પરિવારના નિવાસસ્થાનમાંથી બહાર લાવવામાં આવ્યો ત્યારે તેમના પુત્રો ગૌતમ, જે હાલમાં રેમન્ડનું નેતૃત્વ કરે છે, અને મધુપતિએ અંતિમ સંસ્કારનું નેતૃત્વ કર્યું.

ગૌતમની પત્ની નવાઝ મોદી પણ ચંદનવાડી સ્મશાનગૃહમાં યોજાયેલા અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી.

મોદીએ પીટીઆઈ વીડિયોઝને જણાવ્યું હતું કે તેમણે વિજયપત સિંઘાનિયા સાથે ઘણો સમય વિતાવ્યો હતો, જે તેમની સાથે ખડકની જેમ ઉભા હતા.

સિંઘાનિયાના સંભાળ રાખનાર મોદીના જણાવ્યા મુજબ, તેમના સસરા ગયા વર્ષે ઓક્ટોબરથી બીમાર હતા અને હોસ્પિટલમાં આવતા-જતા રહેતા હતા.

વિજયપત સિંઘાનિયાને તાજેતરના મહિનાઓમાં એક હોસ્પિટલના સઘન સંભાળ એકમ (ઈઈઝ) માં દાખલ કરવામાં આવ્યા હતા, એમ તેમણે ઉમેર્યું.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, જેમણે શોક વ્યક્ત કર્યો હતો, તેમણે કહ્યું કે સિંઘાનિયાના રેમન્ડ દ્વારા તેમના થાણે સ્થિત ગૃહ મથકમાં ઉત્પાદિત કાપડને વૈશ્વિક સ્તરે માન્યતા મળી છે.

તેઓ એક સંપૂર્ણ માણસની જેમ જીવ્યા, જે રેમન્ડ ટેગ લાઇન પણ છે,'' શિંદેએ બહુપક્ષીય વ્યક્તિત્વનો ઉલ્લેખ કરતા કહ્યું, જે વ્યવસાયમાં યોગદાનથી આગળ વધ્યું.

સિંઘાનિયા એક દુર્લભ કોર્પોરેટ નેતા હતા જેમણે બોર્ડરૂમની બહાર જોખમી દાવપેચ કર્યા.

વ્યવસાય અને સાહસ - બંને ક્ષેત્રોમાં તેમની સિદ્ધિઓએ તેમને પ્રશંસા અપાવી, કારણ કે તેમને ભારતનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ ભૂષણ તેમજ તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કાર મળ્યો.

નવેમ્બર ૨૦૦૫ માં, તત્કાલીન ૬૭ વર્ષીય સિંઘાનિયાએ ગરમ હવાના ફુગ્ગામાં આશરે ૬૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ ચઢીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. આ પહેલા, ૧૯૮૮માં, તેમણે લંડનથી નવી દિલ્હી સુધી ૨૩ દિવસ સુધી એકલા ઉડાન ભરીને માઇક્રોલાઇટ એરક્રાફ્ટ માટે સ્પીડ-ઓવર-ટાઇમ એન્ડ્યુરન્સ રેકોર્ડ બનાવ્યો હતો.

૧૯૯૪માં, ભારતીય વાયુસેનાએ તેમને ૫,૦૦૦ કલાકથી વધુ ઉડાન બદલ માનદ એર કોમોડોર બનાવ્યા હતા, જ્યારે ૨૦૦૬માં તેમને મુંબઈના શેરિફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

હવાઈ દળના કેટલાક કર્મચારીઓએ અંતિમ સંસ્કારમાં હાજરી આપી હતી, જેમાં ફેશન ડિઝાઇનરથી રાજકારણી બનેલા શૈના એનસી, અભિનેતા ડીનો મોરિયા અને આર્ટ ક્યુરેટર નિશા જામવાલનો સમાવેશ થાય છે.

સિંઘાનિયાએ રેમન્ડને સિન્થેટિક કાપડ, ડેનિમ, સ્ટીલ, ઔદ્યોગિક ફાઇલો અને સિમેન્ટમાં વિસ્તૃત કર્યું, આમ એક વૈવિધ્યસભર ઔદ્યોગિક સમૂહ બનાવ્યો.

માર્ચ ૨૦૦૭માં, સિંઘાનિયાને અમદાવાદ સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જે પદ તેમણે ૨૦૧૨ સુધી નિભાવ્યું.

સિંઘાનિયાએ ૨૦૦૦માં રેમન્ડ ગ્રુપની કમાન તેમના પુત્ર ગૌતમ સિંઘાનિયાને સોંપી દીધી, પરંતુ જાહેર જીવનમાં સક્રિય રહ્યા. જોકે, તાજેતરમાં, તેમની જાહેર હાજરી દુર્લભ બની ગઈ હતી.

વિજયપત અને ગૌતમ સિંઘાનિયા કેટલાક વર્ષો પહેલા કાનૂની વિવાદોમાં ફસાયેલા હતા, પરંતુ તેઓએ મુદ્દાઓનું સમાધાન કરી લીધું હોવાના અહેવાલ છે. ■

# છત્રપતિ સંભાજીનગરમાં રિક્ષા ચાલકોએ ગેસની સમસ્યાને લઈને પ્રધાન શિરસાટના ઘર પાસે વિરોધ પ્રદર્શન કર્યું

છત્રપતિ સંભાજીનગર : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે તેમનાં વાહનો માટે ગેસ પુરવઠો ન મળતો હોવાનો આરોપ લગાવીને રવિવારે મહારાષ્ટ્રના પ્રધાન સંજય શિરસાટના નિવાસસ્થાન બહાર અનેક ઓટોરિક્ષા ચાલકો એકઠા થયા હતા.

ડ્રાઇવરોએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક દિવસોથી ફ્યુઅલ સ્ટેશનો પર લાઇનમાં ઊભા રહે છે, પરંતુ ઇંધણ મળતું નથી, તેથી તેમણે જિલ્લાના પાલક પ્રધાન શિરસાટને તેમની દુર્દશાથી વાકેફ કરાવવા માટે આ પ્રકારનો વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે.

જવાબમાં, શિરસાટે જિલ્લા પુરવઠા અધિકારીને ફોન કરીને ઓટોરિક્ષા ચાલકોને મદદ કરવા માટે જરૂરી પગલાં લેવા કહ્યું.

દરમિયાન, શિવસેના (યુબીટી) ના નેતા અંબાદાસ દાનવેએ આરોપ લગાવ્યો કે છત્રપતિ સંભાજીનગરમાં ગેસની અછત છે અને પેટ્રોલ પંપ ઇંધણ માટે ''મનસ્વી દર'' વસૂલ કરી રહ્યા છે.

એક્સ પરની પોસ્ટમાં, તેમણે કહ્યું કે પંપોએ તેમનો ઉપલબ્ધ સ્ટોક દર્શાવવો જોઈએ અને તમામ વ્યવહારોની રસીદો પણ આપવી જોઈએ. જો આ માંગણીઓ ૨૪ કલાકમાં પૂર્ણ નહીં થાય, તો શિવસેના (યુબીટી) ઓટોરિક્ષા ચાલકોના સમર્થનમાં આંદોલન શરૂ કરશે, દાનવે ઉમેર્યું. (પીટીઆઈ) ■

## કૉંગ્રેસે કમર કસી: પાર્ટીમાં મોટો ફેરફાર

# ૩૯ નેતાઓને મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કૉંગ્રેસ ફરી એકવાર સંગઠનના વિકાસ માટે કમર કસી છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે હિમાચલ પ્રદેશમાં ૧૨ નવા ઉપપ્રમુખો અને ૨૭ મહાસચિવોની નિમણૂક કરી. કોંગ્રેસની નવી નિમણૂકોને કારણે, પાર્ટીમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ હિમાચલ પ્રદેશ કોંગ્રેસ સમિતિની કારોબારી સમિતિ, શિસ્ત સમિતિ ઉપપ્રમુખ અને મહાસચિવોની નિમણૂકને તાત્કાલિક મંજૂરી આપી દીધી છે.

કારોબારી સમિતિના નિયુક્ત સભ્યોમાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખ્ખ્યુ, નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નિહોત્રી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્મા અને હિમાચલ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહ, વરિષ્ઠ નેતાઓ આશા કુમારી, કર્નલ ધની રામ શાંડિલ, વિલ્પવ ઠાકુર, કૌલ સિંહ ઠાકુર, ચંદ્ર કુમાર, કુલદીપ કુમાર અને કુલદીપ સિંહ રાઠોડનો સમાવેશ થાય છે.

**આ નેતાઓનો કારોબારી સમિતિમાં સમાવેશ થાય છે:** મંત્રીઓ હર્ષવર્ધન ચૌહાણ, જગત સિંહ નેગી, રોહિત ઠાકુર, અનિરુદ્ધ સિંહ, વિક્રમાદિત્ય સિંહ ઉપરાંત, સમિતિમાં રાજેશ ધર્માણી, યાદવિંદર ગોમા, રામ લાલ ઠાકુર, ગંગુ રામ મુસાફિર અને અનિતા વેન્નાનું નામ શામેલ છે.

**ઉપપ્રમુખની જવાબદારી કોને મળી?:** કેટલાક નેતાઓને ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રકાશ ચૌધરી, નીરજ ભારતી, બામ્બર ઠાકુર, સતપાલ રાયજાદા, રજનીશ કિમટા, પારસ રામ, મોહિન્દર ચૌહાણ, જીવન ઠાકુર, કરણ સિંહ પઠાનિયા, અમિત નંદા અને ચેત રામ ઠાકુરના નામ શામેલ છે. તેમજ મદન ચૌધરીને ખજાનચી પદની જવાબદારી સોંપવામાં આવી છે. ■

# 'અપહરણ' કેસમાં પકડાયેલા બે એનસીપી નેતાઓને કોર્ટે મુક્ત કરવાનો આદેશ આપ્યો

મુંબઈ: મહારાષ્ટ્રની એક કોર્ટે ગયા અઠવાડિયે ગવર્નિંગ બોડીના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી દરમિયાન સાતારા જિલ્લા પરિષદના સભ્યોના અપહરણના આરોપમાં પકડાયેલા બે સ્થાનિક એનસીપી નેતાઓને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો છે, જેમાં તેમની કસ્ટડીમાં દુર્વ્યવહાર અને ફરજિયાત ધરપકડ પ્રક્રિયાઓનું પાલન કરવામાં નિષ્ફળતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધરપકડના કાગળો પૂરા પાડવામાં નિષ્ફળ રહેવા બદલ કોર્ટે પોલીસની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે 'આરોપીઓના મૂળભૂત અધિકારોના ભોગે કસ્ટડીમાં પૂછપરછની મંજૂરી આપી શકાતી નથી.'

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જેએમએફસી) (સતારામાં મહાબળેશ્વર) એસ. ઇવરેએ એનસીપી નેતાઓ અનિલ શિવાજીરાવ દેસાઈ અને સંદીપ માંડવેને જામીન આપતા સોમવારે એ પણ પ્રકાશિત કર્યું હતું કે પીડિતાએ ફરિયાદ પક્ષના કેસને ટેકો આપ્યો નથી. ■

# સેન્સેક્સની સફરનો આધાર હોર્મુઝની સામુદ્રધુનીની સપાટીના ઉકળાટ પર, બજારની સ્થિરતા માટે મિસાઈલમારો થંભી જવો જરૂરી

મુંબઇઃ સતત પાંચમા સપ્તાહે પછડાટ ખાધેલા શેરબજારમાં ત્રણ સત્રના નવા સપ્તાહની શરૂઆત આજે મોટા કડાકા સાથે થવાની સંભાવના છે. શુક્રવારે રાત્રે અમેરિકન બજારોમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેની સીધી અસર આજે સોમવારે ભારતીય શેરબજાર પર પડવાની પૂરેપૂરી શક્યતા છે.

શુક્રવારે રાત્રે અમેરિકાના બજારના ત્રણેય મુખ્ય ઇન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા, જેમાં ડાઉ જોન્સ ૭૯૩ પોઇન્ટ (-૧.૭૩%) તૂટીને ૪૫,૧૬૬ પર બંધ રહ્યો. એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ, ૧૧૨ પોઇન્ટના ઘટાડા સાથે ૬,૪૨૪ પર આવી ગયો. જ્યારે ડાઉ ફ્યુચર્સ અત્યારે ૯૦૦ પોઇન્ટ અથવા આશરે બે ટકાના ઘટાડાનો સંકેત આપી રહ્યો છે, જે બજારમાં ભારે ગભરાટ સૂચવે છે.

બીજા મહત્ત્વના કારણમાં ક્રૂડ ઓઇલના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. બુધવારે જે બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ની નીચે હતું, તે માત્ર બે દિવસમાં ૧૧૨.૫૭ પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું. ત્યારબાદ તે ૧૦૫ ડોલર પ્રતિ બેરલના ભાવે બંધ થયું હતું. નેચરલ ગેસ અને ગેસોલિનના ભાવમાં પણ ચાર ટકા જેટલો વધારો થયો છે, જેના કારણે મોંઘવારી વધવાનો ખતરો પેદા થયો છે.

ત્રીજા મહત્ત્વના કારણમાં ડોલર સામે ભારતીય રૂપિયો સતત નબળો પડી રહ્યો છે અને હવે ૯૫ના સ્તરની નજીક પહોંચી ગયો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ માત્ર માર્ચ મહિનામાં જ ભારતીય બજારમાંથી એક લાખ કરોડ રૂપિયાથી વધુની વેચવાલી કરી છે, જે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાનું મુખ્ય કારણ છે.

શેરબજારની સ્થિરતા માટે હવે એકમાત્ર સૌથી મહત્ત્વનું પરબિળ અખાતી યુદ્ધ બની ગયું છે. બજારની આગામી ચાલનો આધાર હવે આ યુદ્ધની ગતિ અને દિશા કે બ્રેક પર આધારિત છે કારણે કે ઇરાની યુદ્ધે આખા વિશ્વના અર્થતંત્રને જોરદાર ફટકો માર્યો છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા પશ્ચિમ એશિયામાં સંઘર્ષે બજારોને અસ્થિર રાખ્યા છે. જ્યારે અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલો કર્યો, ત્યારે ઇસ્લામિક રિપબ્લિકે તેના પડોશ અને તેલ અવીવમાં વોશિંગ્ટનના સાથીઓને નિશાન બનાવીને બદલો લીધો, પરંતુ તેની અસર ક્રૂડ ઓઇલની યાતા કરનારા તમામ દેશ પર પડી, જેમાં ભારત મુખ્ય છે. સ્થાનિક મોરચે, રોકાણકારો ફેબ્રુઆરી માટે ઔદ્યોગિક ઉત્પાદન ડેટા અને માર્ચ માટે એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઇને આર્થિક ગતિ અને નાણાકીય સ્થિતિ પર સંકેતો માટે ટ્રેક કરશે, અગ્નિ એશિયામાં વધતા સંઘર્ષ અને નબળા રૂપિયા વચ્ચે વિદેશી રોકાણકારોએ આ મહિને સ્થાનિક ઇક્વિટીમાંથી ૧.૧૪ લાખ કરોડ રૂપિયા (લગભગ ૧૨.૩ અબજ ડોલર)ની જંગી વેચવાલી નોંધાવી છે.

નિષ્ણાતો માને છે કે,'આગળ જોતાં, બજારો અસ્થિર રહેવાની શક્યતા છે અને ભૂરાજકીય મોરચે હાલ તુરત કોઈ સ્થિરતા કે શાંતિના અણસાર જણાતા નથી. રોકાણકારો મધ્યપૂર્વની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખશે, જ્યાં કોઈપણ ઉગ્રતા અથવા હળવાશ થવાના સંકેતો સેન્ટિમેન્ટને ઝડપથી બદલી શકે છે, ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવ પર તેમની અસર ઝડપી જોવા મળશે અને તે શેરબજારમાં પ્રતિબિંબિત થશે.

માર્કેટ એનાલિસ્ટ અનુસાર ઓઇલના ભાવમાં વધારો બજારો પર દબાણ વધારે એવી અપેક્ષા છે, જ્યારે કોઈપણ હળવાશ શોર્ટ કવરિંગને ઉત્તેજીત કરી શકે છે અને પુનઃ ઉછાળાને ટેકો આપી શકે છે. વિદેશી રોકાણકારોનો પ્રવાહ, રૂપિયાની ચાલ અને વ્યાપક વૈશ્વિક બજારના વલણો પણ

**શેર બજાર**

**નિલેશ વાઘેલા**

નજીકના ગાળાના દૃષ્ટિકોણને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે તેવી શક્યતા છે.

રજાના ટૂંકા ગાળાના સપ્તાહમાં, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૯૪૯.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઘટ્યો હતો, જ્યારે એનએસઇ નિફ્ટી ૨૯૪.૯ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઘટ્યો હતો. આ સપ્તાહે બજારની ચાલ મોટાભાગે વૈશ્વિક વલણ દ્વારા નિર્ધારિત થવાની અપેક્ષા છે, જેમાં ક્રૂડ ઓઇલ, ચલણની હલચલનો અને ભૂરાજકીય ઘટનાઓનો સમાવેશ થશે.

પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટની આસપાસની અનિશ્ચિતતા વૈશ્વિક સેન્ટિમેન્ટ પર પ્રભુત્વ ધરાવતી હોવાથી ભારતીય શેરબજારો તોફાની તબક્કામાંથી પસાર થયા. સંભવિત પુરવઠા વિક્ષેપો, રેકોર્ડ નીચા સ્તર તરફ ગબડતો રૂપિયો, ગ્લોબલ બોન્ડ યીલ્ડના ઉછાળા અને એફઆઇઆઇના સતત આઉટફ્લો અંગેની ચિંતાઓને કારણે તીવ્ર વેચવાલી જોવા મળી હતી. એકંદરે, બજાર રિસ્ક ઓફ દબાણ અને રીલીફ રિબાઉન્ડ વચ્ચે અથડાતું રહેવાની ધારણા છે, જેમાં ભૂરાજકીય અનિશ્ચિતતા સેન્ટિમેન્ટ પર પ્રાથમિક એન્કર તરીકે કામ કરશે.

નજીકના ગાળામાં, બજારની દિશા પશ્ચિમ એશિયાના શાંતિ પ્રયાસોમાં વિકાસ અને પુરવઠા-બાજુના વિક્ષેપોથી કમાણીના જોખમોની હદ પર નિર્ભર રહેશે. એફઆઇઆઇ પસંદગીયુક્ત રહેવાની અપેક્ષા છે કારણ કે ભારત અન્ય ઉભરતા બજારોની તુલનામાં પ્રમાણમાં મોંઘુ રહે છે, જોકે મૂલ્યાંકન પ્રીમિયમ લાંબા ગાળાના સરેરાશ તરફ મધ્યમ થયું છે અને ધીમે ધીમે પ્રવાહને સ્થિર કરી શકે છે. વૈશ્વિક જોખમની ભૂખમાં વધઘટ થતાં અસ્થિરતા ચાલુ રહી શકે છે, પરંતુ મૂલ્યાંકન અંતર સંકુચિત થતાં બાહ્ય અનિશ્ચિતતા સામાન્ય થવા લાગે ત્યારે વધુ ઘટાડો લાંબા ગાળાના રોકાણકારો માટે પ્રવેશની તકોમાં સુધારો કરી શકે છે.

નોંધવું રહ્યું કે, સતત પાંચમા સપ્તાહે બજારે પીછેહઠ નોંધાવી છે. ક્રૂડ ઓઇલના ભાવ, નબળા રૂપિયા અને મધ્ય પૂર્વના તણાવને કારણે ભારતીય બજારો પાંચમા સપ્તાહે નબળા રહ્યા હતા. નિફ્ટી મુખ્ય સપોર્ટ સ્તરોનો સામનો કરી રહ્યો છે, જ્યારે વૈશ્વિક અનિશ્ચિતતા રોકાણકારોને સોના જેવી સેફ એસેટ તરફ ધકેલી રહી છે. આ સપ્તાહે પણ અખાતી યુદ્ધમાં ઓટ આવવાની ઓછી સંભાવના જોતાં ક્રૂડ ઓઇલના ભાવના ઉછાળા અને રૂપિયાની અધોગતિ સાથે બજારો અસ્થિર રહી શકે છે.

વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે રોકાણકારો સાવચેત રહ્યા હોવાથી એકંદર મૂડ નબળો રહ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે, જેમાં બ્રેન્ટ ક્રૂડ ઓઇલ પ્રતિ બેરલ ૧૧૨ ડોલરથી ઉપર વધી ગયું છે. આ તીવ્ર વધારો ભારત માટે ચિંતાનો વિષય છે, કારણ કે દેશ તેની મોટાભાગની તેલ જરૂરિયાતો આયાત કરે છે. તેલના ઊંચા ભાવ ફુગાવામાં વધારો કરી શકે છે અને ભારતની વેપાર ખાધને વધારી શકે છે. આ આર્થિક વૃદ્ધિ અને કોર્પોરેટ કમાણી પર નકારાત્મક અસર કરી શકે છે, જેના કારણે રોકાણકારો ચિંતિત છે. તે જ સમયે, ભારતીય રૂપિયો નબળો પડ્યો છે અને યુએસ ડોલર સામે ૯૪ ડોલરના સ્તરને પાર કરી ગયો છે, જેનાથી બજાર પર વધુ દબાણ આવ્યું છે.

રોકાણકારોએ નાજુક સેન્ટિમેન્ટ, રૂપિયાની નબળાઇ, ડોલરની મજબૂતાઇ, વિદેશી ફંડોના સતત આઉટફ્લો અને ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતા ધ્યાનમાં રાખીને સાવધ અને પસંદગીયુક્ત અભિગમ જાળવી રાખવો જોઈએ. આવી વષિમ પરિસ્થિતિમાં રોકાણકારોએ શિસ્તબદ્ધ જોખમ વ્યવસ્થાપન પ્રથાઓનું પાલન કરવું જોઈએ. અસ્થિરતા ઊંચી રહેવાની અપેક્ષા સાથે, સ્પષ્ટ દિશાત્મક સંકેતો બહાર ન આવે ત્યાં સુધી સ્ટોક પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરીને હેજ્ડ અભિગમ જાળવી રાખવો મહત્વપૂર્ણ રહેશે.

# વર્ષોના પ્રતિબંધો પછી ભારત ઈરાન પાસેથી એલએનજી કાર્ગોની આયાત કરશે

નવી દિલ્હીઃ ભારતે ફરીથી ઈરાની લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસની ખરીદી ફરી શરૂ કરી છે અને મંજૂર કરાયેલ શિપમેન્ટ મેંગ્લોર તરફ રવાના થયું છે. એલએસઇજી ટ્રેડ ડેટા અને ત્રણ ઉદ્યોગ સૂત્રોએ જણાવ્યું હતું કે આ કાર્ગો ઘણા વર્ષોમાં ભારતની પ્રથમ ઈરાની એલએનજી આયાત છે, જે યુનાઇટેડ સ્ટેટ્સે તેહરાનના ક્રૂડ અને રિફાઇન્ડ ઇંધણ નિકાસ પરના પ્રતિબંધોને થોડા સમય માટે હટાવ્યા પછી શક્ય બન્યું છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે, જ્યારે વિશ્વનો બીજો સૌથી મોટો એલએનજી આયાતકાર ભારત ગંભીર ગેસ અછતનો સામનો કરી રહ્યો છે. સરકારી અધિકારીઓએ ઉદ્યોગોને એલએનજી પુરવઠો ઘટાડી દીધો હોવાથી ઘરોમાં રસોઈ ગેસની અછતનો સામનો ન કરવો પડે. ગયા વર્ષે ભારતે ૩૩.૧૫ મિલિયન મેટ્રિક ટન એલએનજીનો ઉપયોગ કર્યો હતો અને આયાત તે માગના લગભગ ૬૦ ટકા પૂરા પાડતી હતી. ભારત ઈરાની એલએનજી આયાત અને સપ્લાય સ્રોતો બદલતા અધિકારીઓ કહે છે કે ભારત હજુ પણ મધ્ય પૂર્વીય સપ્લાયર્સ પર ખૂબ આધાર રાખે છે, જે ગયા વર્ષે તેની એલએનજી આયાતનો લગભગ ૯૦ ટકા પૂરો પાડતો હતો. તે જ સમયે, ભારતને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ઉર્જા પ્રવાહમાં વિક્ષેપનો સામનો કરવો પડ્યો છે, જે ઇરાન સાથે યુએસ-ઇઝરાયલ યુદ્ધ સાથે જોડાયેલો છે, જેના કારણે આયોજકોને વૈકલ્પિક સ્રોતો અને માર્ગો શોધવાની ફરજ પડી છે. આવનારી ઇરાની એલએનજી શિપમેન્ટ ટેન્કર ઓરોરા દ્વારા વહન કરવામાં આવી રહી છે, જે પ્રતિબંધો હેઠળ છે. આ જહાજ પહેલા ચીનમાં છોડવાનું નક્કી હતું, પરંતુ તેનો માર્ગ બદલાયો અને હવે તે ટૂંક સમયમાં પશ્ચિમ કિનારાના મેંગલોર બંદર પર ડોક થવાની અપેક્ષા છે, સૂત્રોએ ઉમેર્યું. ભારત ઇરાની એલએનજી આયાત, કાર્ગો શેરિંગ અને ચુકવણી સૂત્રોએ જણાવ્યું હતું કે ઇરાની એલએનજી કાર્ગો સીધા ઇરાનથી ખરીદવાને બદલે વેપારી પાસેથી ખરીદવામાં આવ્યો હતો.

# વિદેશી ફંડોએ ભારતીય શેરબજારમાં ૧૨.૧૪ અબજ ડૉલરના શેર વેચી નાખ્યા

મુંબઈઃ ઇરાન યુદ્ધને કારણે ક્રુડ તેલના ભાવમાં આવેલા ઉછાળાથી ફુગાવો વધવાની ચિંતા અને ડોલર સામે રૂપિયારૂપિયામાં વધતી નબળાઈને પરિણામે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા ભારતીય ઈક્વિટીસમાંથી નાણાં પાછા ખેંચવાની માત્રા માર્ચમાં કોઈ એક મહિનાની અત્યારસુધીની વિક્રમી રહી છે.

ઇરાન અને ઇઝરાયલ, અમેરિકા વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ ફાટી નીકળ્યા બાદ એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીસમાં ૧૨.૧૪ અબજ ડોલરની વેચવાલી કરી છે જે કોઈ એક મહિનાની વિક્રમી વેચવાલી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. માર્ચમાં ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી કેશમાં રૂપિયા ૧,૨૮,૦૬૫.૬૫ કરોડની નેટ લેવાલી રહી છે જ્યારે વિદેશી રોકાણકારોની ઈક્વિટી કેશમાં રૂપિયાની દ્રષ્ટિએ ૧,૧૧,૩૭૭.૩૫ કરોડની નેટ વેચવાલી રહી છે.

માર્ચમાં આવેલી જંગી વેચવાલીને પરિણામે વર્તમાન નાણાં વર્ષમાં વિદેશી રોકાણકારોનો ઈક્વિટી કેશમાં વેચવાલીનો આંક રૂપિયા ત્રણ લાખ કરોડને પાર કરી જવાની શકયતા છે. આ ઉપરાંત ફૂલી એક્સેસિબલ રૂટ હેઠળ નેટ બૉન્ડ વેચાણનો આંક પણ ૧૫૨ અબજ રૂપિયા (૧.૬૧ અબજ ડોલર) રહ્યો છે જે છ વર્ષ પહેલા શરૂ કરાયેલી આ સ્કીમ બાદ સૌથી ઊંચી વેચવાલી રહી છે.

વિદેશી રોકાણકારોના જંગી આઉટફ્લોસને કારણે ડોલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. સપ્તાહ અંતે ડોલર સામે રૂપિયો ગબડી ૯૪.૭૮ પહોંચી ગયો હતો.

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે મારા અસિલો સ્પષ્ટ ટાઈટલ સાથે ખરીદી કરવા ઈચ્છતા હોવાથી, તેમણે આ નોટિસ પ્રકાશિત કરવાની ફરજ પડી છે જે **Ms. રાજકુમારી નથિર્મલ જેઠાણી**, A - ૨૧૨, પ્રેમજી નગર, ૨જો માળ, દૌલત નગર રોડ નં. ૧૦, St. ઝેવિયર્સ સ્કૂલ સામે, બોરીવલી પૂર્વ, મુંબઈ-૬૬ ખાતે રહેતી અને **શ્રી. બહેરામ હોશી લાલ**, ૨, સિંધુલા બિલ્ડિંગ, નૌરોજી ગામડિયા રોડ, એક્ટિવિટી હાઈ સ્કૂલ પાસે, કંબાલા હિલ, મુંબઈ-૨૬ ખાતે રહેતા સાથે વાટાઘાટો બાકી છે, બંને નીચે આપેલા પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકત સ્વ. **Ms. દિનાઝ કેકી ભરુચા** (અહીં પાછળથી સંયુક્ત રીતે **"ધ ટ્રાન્સફેરર્સ"** તરીકે ઉલ્લેખેલ છે અને કહેવાશે)ના તારીખ ૨૯મી નવેમ્બર ૨૦૧૭ના છેલ્લા વિલ અને ટેસ્ટામેન્ટના સંયુક્ત વહીવટકર્તાઓ અને ટ્રસ્ટીઓ તરીકે તેમની ક્ષમતામાં પુખ્ત રહેવાસીઓ છે. વાટાઘાટો દરમિયાન ટ્રાન્સફેરર્સે રજૂઆતો કરી છે કે તેઓ નીચે આપેલા પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ૧લા માળ પર ફ્લેટ નં. C-૩૪, C વિંગના તે તમામ ટુકડા અને કકડાના સંપૂર્ણપણે પૂરતા હકદાર છે અને તેનો ખાલી કબજામાં ધરાવે છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, મારા અસિલોને આથી જાહેર જનતાને નોટિસ આપે છે અને કોઈપણ શખ્સ/સો જેઓ નીચે દર્શાવેલ મિલકત હેઠળની બાબતમાં વેચાણ, અદલાબદલી, ભાડુ, લીઝ, લાયસન્સ, ટેનાન્સી, ગીરો, વારસો, ટેસ્ટેટ/ઈન્ટેસ્ટેટ સક્સેસન ભેટ, લિઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, ટ્રસ્ટ, કબજો અથવા અન્ય કોઈપણ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, દાવો અથવા હિત ધરાવતા અને જેઓએ પહેલાથી જ કોઈપણ સ્યૂટ, દાવો, ડીસ્પ્યૂટ, પીટીશન, અપીલ અથવા સમાન કાર્યવાહી દાખલ કરી છે અથવા "સદર મિલકત"ની વિષયવસ્તુ સંબંધિત કોઈપણ ડિક્રી, એવોર્ડ અથવા અન્ય આદેશ મેળવ્યો છે અથવા જેઓ "સદર મિલકત"માં તેમના હક્કને લાગુ કરવા માટે ઉપર વર્ણવેલ કોઈપણ આવી કાર્યવાહી નોંધાવવા ઈચ્છે છે, માગે છે, તેઓ તેમના તમામ વાંધાઓ અને દાવાઓ લેખિતમાં આ નોટિસ છપાયાની તા.થી ૧૪ દિવસમાં એડમીસીબલ દસ્તાવેજી પુરાવાઓ સાથે એડવોકેટ શશિકાંત સાવડકરને તેમની ઓફિસના સરનામે : ૩૬/૫૨, સુંદરલાલ ભાલ પથ, લાલ બિલ્ડિંગ, ૩જો માળ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે સુપ્રત કરે, જેના નિષ્ફળ જવા પર મારા અસિલ એવું માની લેશે કે "સદર મિલકત" અંગે કોઈ પ્રતિકૂળ દાવાઓ અથવા વાંધાઓ અસ્તિત્વમાં નથી અથવા જો તે અસ્તિત્વમાં છે, તો તે હવે પછીથી ત્યજી દિધેલ તરીકે ગણાશે અને આવી સ્થિતિમાં મારા અસિલ બંને પક્ષો દ્વારા એન્વીસેજ કરાયેલ મુજબ વેચાણનો લેવડદેવડ પૂર્ણ કરવા માટે આગળ વધશે.

**પરિશિષ્ટઃ**

મલબાર અને કંબાલા હીલ ડીવીજનના સી.ટી.એસ. નં. ૭૪૪ ધરાવતી જમીનના પ્લોટ પર ઊભેલા ૧૩, ડૉ. ગોપાલરાવ દેશમુખ માર્ગ, મુંબઈ-૨૬ ખાતે આવેલ તેનો નોંધણી નં. MUM/WD/HSG/CTC/૮૮૭૩/૧૬-૧૭/૨૦૧૬ ધરાવનાર **"પેડર રોડ આનંદ દર્શન કો-ઓપ.હા.સો.લી."** તરીકે જાણીતા નામવાળા બિલ્ડિંગમાં ભરતમાં આશરે ૮૮૦ ચો.ફૂટ કારપેટ એરિયા ધરાવનાર ૧લા માળે, ફ્લેટ નં. સી-૩૪, સી-વિંગ અને સોસાયટીના આવા સભ્યો નીચે મુજબના વિશિષ્ટ નંબરો સાથે શેર સર્ટિ. નં. ૬૭, ૬૮ અને ૬૯ હેઠળ સમાવિષ્ટ દરેક રૂા. ૫૦/-ના કુલ ૨૦૯ ફુલ્લી પેઈડ-અપ શેર્સ ધરાવે છેઃ
સર્ટિ. નં. ૬૭ : ૧૦૦ શેર્સ, વિશિષ્ટ નં. ૫૨૧૫થી ૫૩૧૪ (બંને સહિત)
સર્ટિ. નં. ૬૮ : ૧૦૦ શેર્સ, વિશિષ્ટ નં. ૫૩૧૫થી ૫૪૧૪ (બંને સહિત)
સર્ટિ નં. ૬૯ : ૯ શેર્સ, વિશિષ્ટ નં. ૫૪૧૫થી ૫૪૨૩ (બંને સહિત)
અને નોંધણી જિલ્લા મુંબઈ અને પેટા-નોંધણી તા. મુંબઈ શહેરમાં આવેલ છે અને જે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની હદમાં આવેલ છે. બિલ્ડિંગ ૧૯૬૧માં કે તેની આસપાસ બંધાયેલ છે.
બિલ્ડિંગ UID નં. Dx2002020020000
સ્થળઃ મુંબઈ તા. ૩૦-૩-૨૬

સહી/-
એડવો. શશિકાંત સાવડકર

# યુદ્ધ વચ્ચે ડૉલર સામે રૂપિયો કેમ સતત નબળો પડી રહ્યો છે?

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાન અને અમેરિકા , ઇઝરાયલ વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે તે ત્રીજા વિશ્વયુદ્ધ જેવું જ સ્વરૂપ ધારણ કરી રહ્યું છે અને પરોક્ષ રીતે વિશ્વના મોટાભાગના દેશને આ યુદ્ધની આગ દઝાડી રહી છે. ભારત પણ આમાંથી બાકત નથી, કારણ કે, એક તરફ ઇંધણના ભાવ વધી રહ્યાં છે અને બીજી તરફ રૂપિયાનું મૂલ્ય ડોલર સામે સતત ઘસાતું જઇ રહ્યું છે. આમ ભારતીય અર્થતંત્ર પર બમણો ફટકો પડી રહ્યો છે.

વિશ્વના સૌથી મોટા ક્રૂડ ઓઇલ ઉત્પાદક દેશ યુદ્ધમાં સંડોવાયેલા હોવાને કારણે ક્રઊડ ઓઇલના ભાવમાં ઉછાળા આવી રહ્યા છે અને સ્થાનિક ધોરણે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેરબજારમાંથી નાણું ખેંચી રહ્યા છે. એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ડોલર ખેંચાઇ રહ્યા છે.

વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાંથી નાણું ખેંચી રહ્યા છે, કારણ કે તેઓ અન્ય દેશોમાં વધુ વળતર મેળવવાની તક જુએ છે. આથી, રૂપિયાની માગ ઘટી રહી છે અને ડોલરની માગ વધી રહી છે. આમ ડોલર મજબૂત થવાથી રૂપિયો વધુ નબળો પડી રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ રૂપિયાને નબળો પડતો અટકાવવા માટે કેટલાક પગલાં લીધા છે, પરંતુ તેમ છતાં પણ રૂપિયો ડોલર સામે નબળો પડી રહ્યો છે. હાલ રૂપિયો ડોલર સામે લગભગ ૯૫ના સ્તરે પહોંચી ગયો છે અને બજારના નિરીક્ષકો માને છે કે રૂપિયો ટૂંક સમયમાં ૧૦૦ની સપાટી વટાવી દેશે. ટૂંકમાં ટ્રેડર્સ અને રોકાણકારો રુપિયાની ભાવિ દિશા વિશે અનિશ્ચિત છે.

રૂપિયાની ભાવિ દિશા વિશે અનુમાન લાગવવું મુશ્કેલ છે, પરંતુ કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે યુદ્દ સતત ચાલી રહ્યું છે અને હાલ પુરવઠો યથાવત થવાના કોઇ સંકેત જણાતાં ના હાવોથી રૂપિયો ડોલર સામે હજું વધુ નબળો પડી શકે છે. તેઓનું માનવું છે કે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને વિદેશી રોકાણકારોની વેચવાલી સતત ચાલુ રહેશે તો તે રૂપિયાને ઝડપથી નબળો પાડશે. જો કે, કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે જો આ બધા વચ્ચે ભારત-અમેરિકા વચ્ચે વેપાર સમજૂતી થાય અને તેને પરિણામે વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાં ફરી નેટ બાયર્સ બને તો ડોલર સામે રૂપિયો ફરી મજબૂતી અથવા સ્થિતિસ્થાપકતા હાંસલ કરી શકે છે.

રૂપિયાની નબળાઈના ઘણા કારણો છે, જેમાંથી કેટલાક મુખ્ય કારણોમાં સૌ પ્રથમ ક્રૂડ ઓઇલના ભાવ વધારાને સ્થાન આપી શકાય. ઓઇલના ભાવમાં વધારો થવાથી ભારતની આર્થિક સ્થિતિ પર અસર પડી રહી છે, કારણ કે ભારત તેલની આયાત પર નિર્ભર છે.

ઈરાનમાં યુદ્ધને કારણે ડોલર મજબૂત બની રહ્યું છે, કારણ કે તેને સલામત આશ્રય તરીકે જોવામાં આવે છે અને અમેરિકા ઊર્જાનો મહત્ત્વનો નિકાસકાર છે. વૈશ્વિક અનિશ્ચિતતા અને ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે રોકાણકારો ડોલર તરફ વળી રહ્યા છે. ડોલરને કટોકટીના સમયે સુરક્ષિત સંપત્તિ તરીકે જોવામાં આવે છે, જેનાથી તેની માગ અને મૂલ્ય વધે છે. અમેરિકા હવે એક મહત્વપૂર્ણ ઊર્જા ઉત્પાદક છે, જેનાથી તેલના ભાવમાં વધારો થાય છે અને ડોલરને ફાયદો થાય છે. ઊંચા ઊર્જા ભાવ ફુગાવાને વધારી રહ્યા છે, જેનાથી ફેડ વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે સાવધ રહે છે.

ફેડરલ રિઝર્વની કડક નીતિ, જે વ્યાજ દરમાં વધારો કરવાની સંભાવના દર્શાવે છે, ડોલરને સમર્થન આપી રહી છે. જો કે, કેટલાક વિશ્લેષકોનું માનવું છે કે ડોલરની મજબૂતાઈ કામચલાઉ હોઈ શકે છે અને જો સંઘર્ષનું સમાધાન થાય અથવા વૈશ્વિક આર્થિક સ્થિતિમાં સુધારો થાય તો તે ઉલટાઈ શકે છે.

# ઈરાન વૉરનો એનર્જી માર્કેટને કલ્પના બહારનો ફટકોઃ યુદ્ધ અટકશે પછી પણ ઈંધણના ભાવ ઊંચા રહેશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતી યુદ્ધમાં કોઇ રાહતના સમાચાર નથી. ઇરાને સાઉદીમાં અમેરિકાના એવાક્સ વિમનને તોડી પાડ્યાનો દાવો કર્યો છે. આ તરફ ટ્રમ્પે ભલે યુદ્ધ ઠંડુ પાડવાના સંકેત આપ્યા હોય પરંતુ ઇરાન પર હુમલો કરવા વધુને વધુ સૈન્ય મોકલી રહ્યું હોવાના અહેવાલ છે. આ યુદ્ધ જો આ રીતે જ ચાલતું રહેશે તો વિશ્વના આયાત પર નિર્ભર દરેક દેશના અર્થતંત્રને ધારણા બહારનો ફટકો પડશે, એવી ચેતવણી વિશ્વની ટોચની ઓઇલ અને ગેસ કંપનીઓના ઊચ્ચ અધિકારીઓએ એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં ઉચ્ચારી છે.

આ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધ અટકી ગયા બાદ પણ ક્રૂડ ઓઇલ અને ગેસના ભાવ અમુક મહિનાઓ સુધી વિવિધ કારણોસર ઊંચા રહી શકે છે. પાછલા સપ્તાહે ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી ઊછાળા જોવા મળ્યા હતા. વૈશ્વિક બજારોમાં નબળાઈના સંકેત હતા અને એફઆઇઆઇનું વેચાણ ચાલુ રહેવા સાથે યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થવા સહિતના કારણોએ બજારને વધુ ધક્કો માર્યો હતો.

આ ઉપરાંત ફોરેક્સ માર્કેટમાં રૂપિયો ૯૪ની સપાટી તોડી નવા નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હોવાથી ભારતને વધુ તીવ્ર ફટકો પડવાની ભીતિ છે. ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી આવેલા ઉછાળાને કારણે આ ઇક્વિટી માર્કેટ્સમાં પણ ફરી ઘટાડો થયો છે. ઇક્વિટી બજારોએ મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાની શક્યતાઓનું ફરીથી મૂલ્યાંકન કર્યું હતું.

ટ્રમ્પે ઇરાનના ઊર્જા ઇન્સ્ટોલેશન પર હવે સાતમી એપ્રિલ સુધી હુમલા ટાળવાની જાહેરાત કરી છે, જોકે ઇઝરાયલ કે ઇરાન બંનેમાંથી એકે દેશે યુદ્ધ અટકાવ્યું નથી અને પરસ્પર હુમલા જારી છે. વાસ્તવમાં તો અમેરિકાની નવા વધુ આક્રમક હુમલાઓની તૈયારી જોતાં ઇરાને એવી ધમકી આપી છે કે જો અમેરિકા ઠેકાણે ના રહ્યું તો તે હાર્મુઝ સાથે બાબલમંડબનો રૂટ પણ બ્લોક કરી દેશે!

દરખાસ્તની સમીક્ષા કરવા છતાં, ઈરાનના વિદેશ પ્રધાને બુધવારે સ્પષ્ટ કર્યું કે દેશ વધતા જતા સંઘર્ષને સમાપ્ત કરવા માટે વાટાઘાટોમાં પ્રવેશવાનો ઇરાદો ધરાવતો નથી. તે જ સમયે, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટના જણાવ્યા અનુસાર યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો તેહરાન લશ્કરી મોરચે પરાજય સ્વીકારવામાં નિષ્ફળ રહેશે, તો વોશિંગ્ટન દબાણ વધારશે. આમ સંઘર્ષ વધવાની ધારણા છે.

જોકે, એવા અહેવાલ પણ આવી રહ્યા છે કે અમેરિકા અને ઇઝરાયલ બંને પાસે આયુધો ખૂટી રહ્યા છે અને વધુ હુમલા કરી શેક એવી ક્ષમતા ઘટી ગઇ છે. ઇઝરાયલે હજુ સીઝફાયરનો સંકેત આપ્યો નથી અને ઇરાને પણ આ પ્રકારની કોઇ વાટાઘાટો ચાલી રહી હોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. અલબત્ત ઇરાને અમુક શરતોને આધિન યુદ્ધ અટકાવવાની તૈયારી બતાવી છે, જે અમેરિકા સ્વીકારે એવી સંભાવના ઓછી છે.

ઇરાને હોર્મુઝની અખાત ઓપન કરવા માટે કેટલીક આકરી શરતો મૂકી છે અને અત્યારે અમેરિકા નબળું પડી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ખાસ કરીને ક્રૂડ ઓઇલ માટે મહત્વપૂર્ણ ગ્લોબલ શિપિંગ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ અનિશ્ચિતતા યથાવત છે. ઇરાનનો હોર્મુઝ ઓપન કરવાનો હાલ તો કોઇ ઇરાદો નથી. પાકિસ્તાન મધ્યસ્થી કરશે એવા અમેરિકા પ્રેરિત અહેવાલો વચ્ચે ઇરાને પાકિસ્તાનની કરાચી જઇ રહેલા જહાજને અટકાવ્યા બાદ તેના વીસ જહાજને પસાર થવા દેવાની મંજૂરી આપી હોવાના અહેવાલ પણ છે.

ઇરાને અલબત્ત ભારતને પરવાનગી આપી છે, પરંતુ તેની સામે અમુક શરત મૂકી છે. ભારત માટે એલપીજી અને ક્રૂડ ઓઇલ માટે નવા સ્રોત શોધવા સિવાય વિકલ્પ નથી. રશિયાએ પણ હવે ક્રૂડ ઓઇલ માટે ભારતને ડિસ્કાઉન્ટ આપવાને બદલે પ્રીમિયમ માગવાની શરૂઆત કરી છે. ક્રૂડ ઓઇલના ભાવ પ્રત્યે બજારની સંવેદનશીલતાને જોતાં, આ ઘટનાક્રમ ભારત માટે ખાસ કરીને મહત્વપૂર્ણ છે.

આયાતી ક્રૂડ ઓઇલ, એલએનજી અને પીએનજી પર દેશની ભારે નિર્ભરતા તેને પુરવઠામાં વિક્ષેપો અને ભાવ વધારા માટે સંવેદનશીલ બનાવે છે, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ એક મહત્વપૂર્ણ ચોકપોઇન્ટ તરીકે સેવા આપે છે. જોકે, રાહત એ વાતની છે કે ઇરાને ભારતને પણ મિત્ર દેશ જાહેર કરીને આ માર્ગથી ઓઇલ ટેન્કરના જહાજ પસાર કરવાની મંજૂરી જાહેર કરી છે.

# વર્તમાન નાણાં વર્ષમાં આવેલા ૭૫ ટકા આઈપીઓના ભાવમાં ડિસ્કાઉન્ટ બોલાઈ રહ્યા છે!

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષમાં ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ-જાહેર ભરણાં) મારફત વિક્રમી નાણાં ઊભા કરાયા હોવા છતાં વળતર પેટે રોકાણકારોએ માર ખાવાનો વારો આવ્યો છે જ્યારે ઊંચા પ્રીમિયમે નાણાં ઊભા કરી ચૂકેલી કંપનીઓની બેલેન્સ શીટ મજબૂત બની ગઈ છે.

પ્રાપ્ત અહેવાલ પ્રમાણે વર્તમાન નાણાં વર્ષમાં આવેલા આઈપીઓમાંથી ૭૫ ટકા કંપનીના શેર ભાવ તેના લિસ્ટિંગ ભાવથી હાલમાં ડિસ્કાઉન્ટે બોલાઈ રહ્યા છે. વધુ પડતા ભરણાં, ઊંચા મૂલ્યાંકનો તથા સેકન્ડરી બજારમાં ભારે વોલેટિલિટીને પરિણામે આ કરેકશન જોવા મળી રહ્યા હોવાના બજારના નિષ્ણાતો દાવો કરી રહ્યા છે.

વર્તમાન નાણાં વર્ષમાં અત્યારસુધી લિસ્ટ થયેલા ૧૦૭ મેઈનબોર્ડ આઈપીઓમાંથી માત્ર ૨૬ જ તેના લિસ્ટિંગ ભાવથી ઉપર ટ્રેડ થઈ રહ્યા છે જ્યારે ૮૧ અથવા તો ૭૫ ટકા ભરણાંના ભાવ લિસ્ટિંગ ભાવથી નીચે સરકી ગયા છે.

એસએમઈ સેગમેન્ટમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. એસએમઈ સેગમેન્ટમાં પણ ૭૪ ટકા કંપનીના ભાવ તેમના લિસ્ટિંગ ભાવથી હાલમાં ડિસ્કાઉન્ટે બોલાઈ રહ્યા છે.

ભરણાંના ભાવની સાથે જો સરખામણી કરવામાં આવે તો ૬૮ ટકા મેઈનબોર્ડ આઈપીઓ અને ૭૦ ટકા એસએમઈ આઈપીઓના ભાવ તેમના ઓફર ભાવથી નીચા ભાવે વેપાર થઈ રહ્યા છે. વર્તમાન નાણાં વર્ષમાં ૧૧૨ મેઈનબોર્ડ આઈપીઓ મારફત કંપનીઓએ રૂપિયા ૧.૭૯ ટ્રિલિયન ઊભા કર્યા છે જે અત્યારસુધીની સૌથી મોટી રકમ છે. ૨૫૪ એસએમઈ આઈપીઓ મારફત કંપનીઓએ રૂપિયા ૧૦૯૦૦ કરોડ ઊભા કર્યા છે. ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની વેચવાલી તથા ઊંચા મૂલ્યાંકનોને કારણે રોકાણકારોનું માનસ ખરડાયું છે. અમેરિકા દ્વારા ટેરિફ અને ત્યારબાદ ઈરાન યુદ્ધને કારણે સેકન્ડરી બજારમાં ભારે ધોવાણ થયું છે. નાણાં વર્ષ ૨૦૨૫ બાદ નાણાં વર્ષ ૨૦૨૬માં પણ જાહેર ભરણાંનો આંક ઊંચો રહ્યો છે. નવા યુગની કંપનીઓ જે ભાવિ વિકાસની શકયતાને ધ્યાનમાં રાખી આક્રમક મૂલ્યાંકને ભરણાં લાવી હતી તેમની કામગીરી લિસ્ટિંગ બાદ નબળી રહી હતી.

# શું ઈરાની યુદ્ધ ક્રૂડ ઓઈલના ભાવ ૨૦૦ ડોલરે પહોંચાડશે?

નવી દિલ્હી : જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય છે, તો ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઘટાડો થશે, પરંતુ તે હજુ પણ યુદ્ધ પહેલાના સ્તરથી ઉપર રહેશે. જો યુદ્ધ જૂનના અંત સુધી ચાલુ રહેશે, તો ભાવ વધીને ૨૦૦ ડોલર સુધી પહોંચી શકે છે તેમ વિશ્લેષકોએ જણાવ્યું હતું.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાની પાવર પ્લાન્ટ્સ પર હુમલા રોકવાની સમયમર્યાદા લંબાવી હતી. જોકે, એક મહિના સુધી ચાલતા યુદ્ધમાં યુદ્ધવિરામની સંભાવનાઓ અંગે રોકાણકારો સાવધ રહ્યા છે. ૨૭ ફેબ્રુઆરીએ જ્યારે અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર હુમલા શરૂ કર્યા ત્યારથી બ્રેન્ટ બેન્ચમાર્ક ૫૩ ટકા વધ્યો છે, પરંતુ આ અઠવાડિયે તે ૧.૩ ટકા ઘટયો છે. યુદ્ધ શરૂ થયા પછી ૪૫ ટકા વધ્યો હતો, જ્યારે ડબલ્યુટીઆઈ આ અઠવાડિયે ૧.૫ ટકા ઘટયો છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, તણાવ ઓછો કરવા માટે વાટાઘાટો છતાં, તેલ ફક્ત હેડલાઇન્સના આધારે નહીં પરંતુ લાંબા યુદ્ધની શક્યતાના આધારે વેપાર કરી રહ્યું છે. ઓઇલ માળખાને કોઈપણ સીધું નુકસાન અથવા લાંબા સંઘર્ષ બજારોને ભાવમાં તીવ્ર વધારો કરવા દબાણ કરી શકે છે. ટ્રમ્પે ઇરાનને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાની અથવા તેના પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવાની ધમકીને અમલમાં મૂકવા માટે સમયમર્યાદા લંબાવી છે, ત્યારે અમેરિકાએ પશ્ચિમ એશિયામાં હજારો સૈનિકો પણ તૈનાત કર્યા છે.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**


**No. Dy.C.E./S.I.C./૧૨૨૮૪/E.S. તા. ૨૭.૦૩.૨૦૨૬**

| MCGM | 'ઈ'-ટેન્ડર નોટિસ |
|---|---|
| વિભાગ | ચીફ એંજીનિયર |
| ઉપ-વિભાગ | ડે. સીટી એંજીનિયર (સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ) |
| વિષય | L વોર્ડમાં દુર્ગાદિવી શર્મા મ્યુનિસિપલ સ્કૂલ કુર્લા (૫)નું રિપેર્સ અને અપગ્રેડેશન કામ. (ટેન્ડર દસ્તાવેજ નં. ૨૦૨૬_MCGM_૧૨૯૦૮૧૧) |
| ટેન્ડર વેચાણ | તા. ૩૦.૦૩.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ ક. થી તા. ૦૯.૦૪.૨૦૨૬ બપોરે સમય ૧૨.૦૦ સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ. ટેલીફોન નં. ઈ-મેઈલ એડ્રેસ | ૧) શ્રી અમીત વી. ગજભીયે, આસીસ્ટન્ટ એન્જિનિયર (SIC) L & N વોર્ડ. મોબાઈલ નં.: ૯૯૩૦૨૬૦૫૨૪ E-mail ID: aesic05.ce@mcgm.gov.in |

સહી/-
શ્રી અવિનાશ એ. વિશ્વાસરાવ
ડે. સીટી એંજીનીયર
(સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)

PRO/3419/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



**વાતાવરણમાં પલટોઃ** છેલ્લા કેટલાક દિવસથી ભારે ગરમીનો સામનો કરી રહેલા મુંબઈગરાને રવિવારે સુખદ વાતાવરણ જોવા મળ્યું હતું. વાદળછાયા વાતાવરણમાં ફૂંકાઈ રહેલા ઠંડા પવનન કારણે નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. (અમય ખરાડે)

# અશોક ખરાતે રાજકારણીઓનાં નામ કોડવર્ડ આધારે સેવ કર્યાનો એસઆઈટીનો દાવો

## પોલીસને અંધારામાં રાખવા ખરાતે મોબાઈલ અને લૅપટોપમાં ચાલાકીથી ડેટા સંઘર્યા

નાશિકઃ મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના 'ગૉડમૅને' પલીસને અંધારામાં રાખવા માટે રાજકારણીઓના ડેટા મોબાઈલ ફોન અને લૅપટોપમાં ચાલાકીથી સંઘર્યા હોવાનો દાવો એસઆઈટીએ કોર્ટમાં કર્યો હતો. વધુ તપાસની જરૂર હોવાથી કોર્ટે ખરાતની પોલીસ કસ્ટડી ત્રણ દિવસ વધારી આપી હતી.

નાશિક જિલ્લાના મિરગાંવ ખાતે આવેલા મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને વર્ષોથી મહારાષ્ટ્રના રાજકારણીઓ જેની મુલાકાત લેતા હતા એ અશોક ખરાતની છેલ્લાં ત્રણ વર્ષથી મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ૧૮ માર્ચે પોલીસે ધરપકડ કરી હતી. નાશિક શહેરના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ખરાત વિરુદ્ધ અત્યાર સુધીમાં ૧૦ એફઆઈઆર નોંધાયા છે, જેમાંથી આઠ મહિલાઓના જાતીય શોષણ અને બે છેતરપિંડીના હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કોર્ટે અગાઉ બે વખત અશોક ખરાતની પોલીસ કસ્ટડી વધારી હતી. રવિવારે કસ્ટડી પૂરી થતી હોવાથી તેને ફરી કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો. કોર્ટે તેને પહેલી એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

કોર્ટે ખરાતને કોઈ ફરિયાદ છે કે એવું પૂછ્યું હતું, જેની સામે તેણે ના પાડી હતી.

સુનાવણી દરમિયાન સરકારી વકીલ શૈલેન્દ્ર બાગડેએ જણાવ્યું હતું કે આ કેસની તપાસ હજુ ચાલી રહી છે અને આરોપી સહકાર આપતો નથી.

કેસની તપાસ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) કોઈને ખરાત વિરુદ્ધ ફરિયાદ કરવી હોય તો બે ફોન નંબર જાહેર કરવામાં આવ્યા હતા. આ નંબરો પર પાંચેક દિવસમાં જ ૧૦૦થી વધુ ફરિયાદ મળી હતી, જેમાંથી મોટા ભાગની ફરિયાદો મહિલાઓની હતી.

એસઆઈટી દ્વારા કોર્ટમાં જણાવાયું હતું કે ખરાત પાસેથી મોબાઈલ ફોન અને લૅપટોપ જપ્ત કરીને ફોરેન્સિકમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ફોરેન્સિક ટીમ પાસેથી આજે જ મોબાઈલ અને લૅપટોપ

(જુઓ પાનું ૪) ▸▸

### અશોક ખરાતની પોલીસ કસ્ટડી ૧ એપ્રિલ સુધી લંબાવી

નાશિકઃ નાસિકની એક કોર્ટે રવિવારે બળાત્કાર કેસમાં ધરપકડ કરાયેલા સ્વ-ઘોષિત ગોડમેન અશોક ખરાતની પોલીસ કસ્ટડી ૧ એપ્રિલ સુધી લંબાવી છે.

શહેરના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ખરાતની સામે અત્યાર સુધીમાં દસ એફઆઈઆર નોંધાઈ છે, જેમાં આઠ કથિત જાતીય હુમલો અથવા શોષણ અને બે છેતરપિંડીનો સમાવેશ થાય છે.

પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, તેમની સામે તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમને છેલ્લા કેટલાક દિવસોમાં ફોન પર ૧૦૦ થી વધુ ફરિયાદો મળી છે, જેમાં મોટાભાગની મહિલાઓ તરફથી છે. ખરાતને તેની અગાઉની પોલીસ કસ્ટડી પૂરી થયા બાદ રવિવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

સુનાવણીમાં સરકારી વકીલે દાવો કર્યો હતો કે, કેસમાં તપાસ હજુ ચાલુ છે અને આરોપી સહકાર આપી રહ્યો નથી. વધુ મહિલાઓ ફરિયાદ માટે આગળ આવી રહી છે અને ખરાત પીડિતોને જાતીય શોષણ કરતા પહેલા તેમને લલચાવવા માટે જે ''પાણી'' અથવા પ્રવાહીનો ઉપયોગ કરતો હતો તેની તપાસ હજુ બાકી છે, એમ તેમણે જણાવ્યું હતું. ઉપરાંત મોબાઈલ ફોન સહિતના ડિજિટલ પુરાવાઓની તપાસ હજુ બાકી છે.

કેસ મોટો છે અને પૂછપરછ માટે અન્ય લોકોને આરોપી સમક્ષ લાવવા પડશે. તપાસકર્તાઓએ હજુ સુધી એ પણ નક્કી કર્યું નથી કે ગુનામાં કોઈ સાથીદાર સામેલ હતા કે નહીં. આ બધા માટે, ખરાતની ત્રણ દિવસની કસ્ટડી માંગવામાં આવી હતી. પીડિતાના વકીલે પણ કસ્ટડીની માંગનું સમર્થન કર્યું હતું. જ્યારે, બચાવ પક્ષના વકીલે પોલીસ જુના કારણો દોહરાવી રહી હોવાનું કહીને વિરોધ કર્યો હતો.દલીલો સાંભળ્યા પછી, એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.વી. ભરાડેએ ખરાતની પોલીસ કસ્ટડી ૧ એપ્રિલ સુધી લંબાવી. (પીટીઆઈ) ■

# ભાજપ, એનસીપી (એસપી)ના કૉર્પોરેટરોએ થાણે મહાનગરપાલિકાના બજેટની ટીકા કરી

## ભંડોળના ઉપયોગ પર શ્વેતપત્ર જાહેર કરવાની માગણી

થાણે : રાજ્યની સરકારમાં સાથે મળીને સત્તા ભોગવતા મહાયુતિના ભાગીદારો રાજ્યની અનેક નગરપાલિકાઓમાં વિરોધી પક્ષો તરીકે ચૂંટણી લડ્યા હતા. વારંવાર તેમની વચ્ચે મતભેદો હોવાની વાત સપાટી પર આવતી રહે છે. થાણે મહાનગરપાલિકાના બજેટ સત્રમાં આ મતભેદો ખૂલીને સામે આવ્યા છે.

ભાજપ અને એનસીપી (એસપી) ના કોર્પોરેટરોએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી) વહીવટની ટીકા કરી, વિકાસ ભંડોળમાંથી રૂ. ૨,૫૬૦ કરોડથી વધુના ખર્ચ અને રૂ. ૨,૦૦૦ કરોડના મિલકત કૌભાંડ પર શ્વેતપત્રની માગ કરી હતી. શનિવારે મહાનગરપાલિકાના બજેટ પર ગરમાગરમ ચર્ચા દરમિયાન ભાજપના કોર્પોરેટર મૃણાલ પેંડસેએ આરોપ લગાવ્યો કે છેલ્લા ચાર વર્ષમાં રાજ્ય સરકાર તરફથી વિકાસ ભંડોળ તરીકે મળેલા રૂ. ૪,૯૫૩ કરોડમાંથી લગભગ રૂ. ૨,૫૬૦ કરોડ ગટર અને ફૂટપાથ પર ખર્ચ કરવામાં આવ્યા છે, જેનાથી આવા મોટા પાયે કામોના અમલીકરણ અંગે શંકા ઊભી થાય છે. પેંડસેએ દાવો કર્યો કે જમીન પરનું કામ ખર્ચ સાથે મેળ ખાતું નથી અને માગ કરી કે મહાનગરપાલિકા એક શ્વેતપત્ર બહાર પાડે અને કથિત અનિયમિતતાઓની સંપૂર્ણ તપાસ કરે.

જો નાગરિકોને મૂળભૂત જરૂરિયાતો માટે પણ પાણીના ટેન્કર પર આધાર રાખવો પડે છે, તો કરોડોના પ્રોજેક્ટનો શું ઉપયોગ? તેવી ટીકા કરતા તેમણે વહીવટીતંત્ર દ્વારા રજૂ કરાયેલા બજેટને 'સપનું' ગણાવ્યું હતું. વધુમાં, તેમણે ''બોગસ લાભાર્થીઓ'' ને મ્યુનિસિપલ મિલકતોની ફાળવણીમાં લગભગ ૨,૦૦૦ કરોડ રૂપિયાના અલગ કૌભાંડનો આરોપ લગાવ્યો અને જો તપાસ શરૂ નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપી.

એનસીપી (એસપી) ના કોર્પોરેટર સુધીર ભગતે દાવો કર્યો કે બજેટમાં સામાન્ય નાગરિકો માટે મૂળભૂત સુવિધાઓ કરતાં ''ભદ્ર વર્ગ માટે સુવિધાઓ'' પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે મુમ્બ્રા અને દિવા જેવા વિસ્તારોમાં આવશ્યક સેવાઓ સુધારવામાં નિષ્ફળ જવા બદલ વહીવટની પણ ટીકા કરી. ભગતે દાવો કર્યો કે વોર્ડ સમિતિઓમાં યોગ્ય કરવેરાથી ૯૦૦ કરોડ રૂપિયા સુધીની અવાક થઇ શકે છે અને પાર્કિંગ માળખું આવકમાં વધારો કરી શકે છે.

તેમણે આવા કનેક્ટિવિટીના અભાવવાળા વિસ્તારોમાં મેટ્રો પ્રોજેક્ટ્સ માટે એક ટકા સેસ લાદવા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો અને પર્યાપ્ત જાહેર પરિવહન માળખાના અભાવને ઉજાગર કર્યો. (પીટીઆઈ) ■

# એસી યુનિટમાં ધડાકોઃ ત્રણ જખમીનાં મોત

પાલઘરઃ પાલઘર જિલ્લામાં આવેલી એક કંપનીના ઍર કન્ડિશનિંગ યુનિટમાં ધડાકો થતાં ત્રણ જણ ગંભીર રીતે ઘવાયા હતા. જોકે સારવાર દરમિયાન બીજે દિવસે ત્રણેયનાં મૃત્યુ થયાં હતાં.

ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે અબિતઘર-અભંગ પાડા વિસ્તારમાં આવેલી વિસ્તર મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડમાં શનિવારે ધડાકો થયો હતો.

મૃતકોની ઓળખ મોહમ્મદ અલી અન્સારી (૩૨), અખિલેશ કુમાર મોતીલાલ જૈસ્વાલ (૪૫) અને કિસન ભિવા નિકમ (૫૭) તરીકે થઈ હતી. બ્લાસ્ટ થયો ત્યારે ત્રણેય જણ મેઈન્ટેનન્સ વર્ક કરી રહ્યા હતા.

ધડાકાને કારણે ગંભીર રીતે ઘવાયેલા ત્રણેયને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન

(જુઓ પાનું ૪) ▸▸



**યુદ્ધની અસરઃ** ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આખી દુનિયામાં અછત વર્તાઈ રહી છે ત્યારે માછીમારી કરનારાઓએ ડીઝલની અછતને પગલે પોતાની બોટ લાંગરી દીધી હોવાનું ચિત્ર નિર્માણ થયું છે. (અમય ખરાડે)

# જાલનામાં ડ્રાય પોર્ટ પ્રોજેક્ટને સીલ કરવામાં આવ્યો

જાલનાઃ મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં વહીવટીતંત્રે ૫૨ લાખ રૂપિયાના બાકી લેણાં બદલ મલ્ટી-મોડલ ડ્રાય પોર્ટ પ્રોજેક્ટની સાઇટને સીલ કરી દીધી છે, એમ એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

વારંવાર અપાયેલી વસૂલી નોટિસો પોર્ટ પ્રોજેક્ટ અધિકારીઓ દ્વારા અવગણવામાં આવ્યા બાદ, શનિવારે તહસીલદાર છાયા પવારની આગેવાની હેઠળની એક ટીમે દરેગાંવ ખાતે પ્રોજેક્ટ સાઇટ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

મહેસૂલ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૫૨ લાખ રૂપિયાના બાકી લેણાંની સંપૂર્ણ વસૂલાત પછી જ ૪૯૫ એકરમાં ફેલાયેલા સ્થળ પર સીલ હટાવવામાં આવશે.

જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી અને નેશનલ હાઇવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ સંયુક્ત રીતે

(જુઓ પાનું ૪) ▸▸

# મેટ્રેસ ફોમ ફેક્ટરીમાં આગઃ એક કર્મચારી જખમી

પાલઘરઃ પાલઘર જિલ્લાના વાડા ખાતે આવેલી મેટ્રેસ ફોમનું ઉત્પાદન કરતી ફૅક્ટરીમાં રવિવારની વહેલી સવારે ભીષણ આગ લાગી હતી, જેમાં એક કર્મચારી ગંભીર રીતે જખમી થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આગ વહેલી સવારે ૫.૩૦ વાગ્યે લાગી હતી અને ઝડપથી ફેલાઈ હતી. ફૅક્ટરીમાં મોટા પ્રમાણમાં ફોમ હોવાથી આગ ભડકે બળી હતી અને જોતજોતાંમાં આખી ફૅક્ટરી આગની ચપેટમાં આવી ગઈ હતી.

આગની જ્વાળાઓ એટલી ઊંચી ઊઠી હતી કે દૂરથી

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# યુકેના 'મુરતિયા'એ યુવતી પાસેથી લાખો રૂપિયા પડાવ્યા

થાણેઃ મેટ્રિમોનિયલ સાઈટ પર એનઆરઆઈ હોવાનો દાવો કરનારા યુવાને થાણે જિલ્લાના મુંબ્રામાં રહેતી યુવતીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

૨૯ વર્ષની યુવતીએ નોંધાવેલી ફરિયાદને આધારે મુંબ્રા પોલીસે ૨૬ માર્ચે અદનાન અહમદ અને અજાણી મહિલા વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો.પોલીસના જણાવ્યા મુજબ કથિત છેતરપિંડી ૨૭ જાન્યુઆરીથી ૧૩ માર્ચ દરમિયાન થઈ હતી. ફરિયાદીએ એક લગ્નસંબંધી વેબસાઈટ પર અહમદનો પ્રોફાઈલ જોયો હતો. અહમદે દાવો કર્યો હતો કે તે યુકેમાં રહે છે. યુવતીએ અહમદ સાથે વાતચીત શરૂ કર્યા પછી બન્નેએ લગ્ન અંગે ચર્ચા કરી હતી.ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૭ જાન્યુઆરીએ આરોપીએ યુવતીનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે તે ભારત આવ્યો છે, પણ દિલ્હી ઍરપોર્ટ પર કસ્ટમ્સના અધિકારીઓએ તેને રોકી સોનાના દાગીના અને મોટી સંખ્યામાં વિદેશી ચલણ જપ્ત કર્યું છે. આ વસ્તુઓ છોડાવવા માટે તાત્કાલિક નાણાંની જરૂર હોવાનું આરોપીએ કહ્યું હતું. (પીટીઆઈ)

# ગ્રાહક પેનલે ઓલા ઈલેક્ટ્રિકને ગ્રાહકનું ખામીયુક્ત સ્કૂટર બદલવા કહ્યું

મુંબઈઃ ઓલા ઇલેક્ટ્રિક સ્કૂટરની શરૂઆત થઇ ત્યારથી કોઈ ને કોઈ વિવાદો તેની સાથે જોડાયેલા રહ્યા છે. વેચાણ પછીની સેવાઓથી લઈને અનેક બાબતો માટે તેની ટીકા થતી રહી છે. ફરી એકવાર ઓલા ઇલેક્ટ્રિક સાથે જોડાયેલો એક મામલો ગ્રાહક કમિશનમાં પહોંચ્યો છે, જ્યાં ઓલાને કમિશને ફટકાર લગાવી છે.

થાણેમાં ગ્રાહક કમિશને ગ્રાહક સેવામાં ''તીવ્ર ઉણપ'' ગણાવીને શ્રેણીબદ્ધ ટેકનિકલ નિષ્ફળતાઓ બાદ ઓલા ઇલેક્ટ્રિક ટેક્નોલોજીસને ખામીયુક્ત ઇલેક્ટ્રિક સ્કૂટર બદલવા અથવા સંપૂર્ણ રિફંડ આપવા કહ્યું છે. એટલું જ નહીં, પણ જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ કમિશન (વધારાના થાણે) એ તેના આદેશમાં નોંધ્યું છે કે બેંગલુરુ સ્થિત ઉત્પાદક ''અયોગ્ય વેપાર પ્રથા'' માં પણ સામેલ હતો.

કેસની વિગત મુજબ, નવી મુંબઈ સ્થિત ફરિયાદી વકીલે જુલાઈ ૨૦૨૪ માં ઓલા ઇલેક્ટ્રિક સ્કૂટર ખરીદ્યું હતું. ફરિયાદીના જણાવ્યા મુજબ, ડિલિવરીના માત્ર બે દિવસ પછી જ સ્કૂટર તેની બેટરીમાં રહેલી ખામીને કારણે રસ્તા વચ્ચે બંધ પડવા લાગ્યું. વારંવારની ફરિયાદો પછી પણ જ્યારે સમસ્યાનું નિરાકરણ ન આવ્યું, ત્યારે વકીલે કમિશનનો સંપર્ક કર્યો અને કંપની તરફથી સેવામાં ખામી હોવાનો આરોપ લગાવ્યો.

નોંધનીય છે કે, વાહનની મરામત માટે લેવામાં આવ્યા પછી પણ, ફરિયાદીને તેના વીમા પ્રદાતા દ્વારા જાણ થઇ કે કંપનીએ સ્કૂટરના નિયુક્ત ગેરેજમાં જાણ સુધ્ધાં કરી નહોતી. મહિનાઓ પછી જ્યારે ગ્રાહકે કમિશનમાં ફરિયાદ નોંધાવી ત્યારે કંપનીએ સ્કૂટર પાછું મોકલ્યું, પણ તે ગંદુ હતું, અને સ્ક્રેચના નિશાન હતા.

કમિશને સમગ્ર ઘટનાક્રમને નજરમાં રાખીને તે વાહન યોગ્ય સ્થિતિમાં ન હોવાનું અને તેમાં વિવિધ ખામીઓ હોવાનું નોંધ્યું હતું. કમિશને સ્વીકાર્યું કે ઓલા ઇલેક્ટ્રિક દ્વારા બેદરકારી દાખવવામાં આવી હતી. કમિશનમાં ફરિયાદ નોંધાયા બાદ વાહનની ડિલિવરી આપવામાં આવી હતી જે પ્રતિપક્ષ તરફથી બેદરકારી અને અન્યાયી વેપાર પ્રથાને ઢાંકવાનો પ્રયાસ છે, એમ કમિશને તારણ કાઢ્યું.કમિશને ફરિયાદનો નિકાલ કરતા નિર્દેશ આપ્યો કે ઓલા ઇલેક્ટ્રિક ગ્રાહકને નવું વાહન આપે, અને જો તેમ ન કરી શકે તો, કંપનીએ ૬ ટકા વાર્ષિક વ્યાજ સાથે ૯૬,૯૯૭ રૂપિયાની મૂળ કિંમત પરત કરવી પડશે. કંપનીને માનસિક યાતના અને કષ્ટ માટે ૨૦,૦૦૦ રૂપિયા અને મુકદ્દમાના ખર્ચ માટે ૧૫,૦૦૦ રૂપિયા ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**